કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

મતદાનની પવિત્ર ફરજ નિભાવીએ

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૨ એપ્રિલ, ૨૦૨૬ બુધવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૨૯૯ ◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94 ◆ સંવત ૨૦૮૨ ◆ વૈશાખ સુદ-૬ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ભારત આતંકવાદ સામે નહીં ઝૂકે

નવી દીલ્હી :પહેલગામ આતંકી હુમલાની વરસી પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હુમલામાં જીવ ગુમાવનાર નિર્દોષ લોકોને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પી અને શોક વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે આ ભયાનક ઘટનાને ક્યારેય ભૂલાવી શકાય તેમ નથી અને દેશ તમામ પીડિત પરિવારોની સાથે ઉભો છે જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે.

પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરીને લખ્યું કે ગયા વર્ષે આજના જ દિવસે પહેલગામમાં થયેલા ભયાનક આતંકી હુમલામાં અનેક નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા. તેમણે કહ્યું કે આ ઘટના સમગ્ર દેશ માટે અત્યંત દુખદ રહી છે અને તેનો પીડાદાયક અહેસાસ આજે પણ એટલો જ તીવ્ર છે. પીએમ મોદીએ પીડિત પરિવારો પ્રત્યે પોતાની સંવેદનાઓ વ્યક્ત કરતા કહ્યું કે આ મુશ્કેલ સમયમાં સમગ્ર દેશ તેમની સાથે ઉભો છે અને તેમની પીડામાં સહભાગી છે.

તેમણે પોતાના સંદેશમાં એ પણ સ્પષ્ટ કર્યું કે ભારત આતંકવાદના કોઈપણ સ્વરૂપ ને સ્વીકારશે નહીં અને તેના વિરુદ્ધ તેનો વલણ સંપૂર્ણપણે કડક અને

અનુસંધાન પાના નં.૪ પર





કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

## કચ્છની રણભૂમિમાં હર્ષ સંઘવીનો શંખનાદ : ભાજપનો 'કેસરિયો' માસ્ટર સ્ટ્રોક



**શ્રી હર્ષ સંઘવી એટલે માત્ર એક મંત્રી કે નાયબ મુખ્યમંત્રી જ નહીં, પરંતુ ભાજપનો એવો 'વાઇબ્રન્ટ' ચહેરો જે યુવાનો, મધ્યમ વર્ગ અને પાયાના કાર્યકરો સાથે સીધો સંવાદ સાધવાની ક્ષમતા ધરાવે છે**

કચ્છની તપતી ધરા પર અત્યારે માત્ર કુદરતી સૂર્યનો પારો જ નથી ચઢ્યો, પરંતુ રાજકીય ગરમાવો પણ તેની ચરમસીમાએ પહોંચ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના આ જંગમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાના સૌથી પ્રભાવશાળી અને યુવા નેતા હર્ષ સંઘવીને મેદાનમાં ઉતારીને સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે, કચ્છ તેના માટે માત્ર ભૌગોલિક પ્રદેશ નથી, પણ રાજકીય પ્રતિષ્ઠાનો ગઢ છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સભાઓ બાદ હર્ષ સંઘવીનું આગમન એ ભાજપની રણનીતિનો એક સુનિયોજિત હિસ્સો જણાય છે. હર્ષ સંઘવી એટલે માત્ર એક મંત્રી કે નાયબ મુખ્યમંત્રી જ નહીં, પરંતુ ભાજપનો એવો 'વાઈબ્રન્ટ' ચહેરો જે યુવાનો, મધ્યમ વર્ગ અને પાયાના કાર્યકરો સાથે સીધો

**શ્રી હર્ષ સંઘવીની કામ કરવાની શૈલી અને સોશિયલ મીડિયાથી લઈને ગ્રાઉન્ડ લેવલ સુધીની તેમની લોકપ્રિયતા કચ્છી જનોમાં એક અલગ આકર્ષણ ઊભું કરી રહી છે : હર્ષભાઈના આગમનના પગલે ન માત્ર ભુજની ગલીઓમાં બલ્કે કચ્છભરમાં અનોખા ઉત્સાહ-જોમ-જુસ્સા સાથેનો ભગવો માહોલ છવાયો**

સંવાદ સાધવાની ક્ષમતા ધરાવે છે. જ્યારે કોઈ પ્રદેશમાં ચૂંટણીનો પ્રચાર ચાલતો હોય, ત્યારે કાર્યકરોનો ઉત્સાહ ટકાવી રાખવો એ સૌથી મોટો પડકાર હોય છે. કચ્છ ભાજપે જે રીતે ૨૬ બેઠકો પર મજબૂત પકડ ધરાવી અને બિનહરિફ કરાવી લીધી છે તેને અન્ય તમામે તમામ બેઠકો પર વિજયમાં પરિવર્તિત કરવા માટે હર્ષ સંઘવી જેવી ઊર્જાવાન નેતાગીરીની હાજરી 'બુસ્ટર ડોઝ' સમાન સાબિત થશે.ભુજનો ભવ્ય રોડ-શો માત્ર શક્તિ પ્રદર્શન નથી, પણ જનતાની નાડ પારખવાનો પ્રયાસ પણ છે. કચ્છની પ્રજા હંમેશા 'ખરા લોકસેવક' ને માન આપે છે. હર્ષ સંઘવીની કામ કરવાની શૈલી અને સોશિયલ મીડિયાથી લઈને ગ્રાઉન્ડ લેવલ સુધીની તેમની લોકપ્રિયતા કચ્છી જનોમાં એક અલગ આકર્ષણ ઊભું કરી રહી છે. ખાસ કરીને વહીવટી તંત્ર પરની પકડ અને જનતાના પ્રશ્નો ઉકેલવાની તેમની તત્પરતાએ તેમને એક આધુનિક રાજનેતા તરીકે પ્રસ્થાપિત કર્યા છે.જોકે, રાજકારણમાં માત્ર ઉત્સાહ જ પૂરતો હોતો નથી, સંગઠનની એકતા પણ એટલી જ જરૂરી છે. જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ અને સ્થાનિક નેતાગીરી હર્ષ સંઘવીના પ્રવાસને જે રીતે આવકારી રહી છે, તે જોતા લાગે છે કે કચ્છ ભાજપ એક થઈને મેદાનમાં ઉતરી છે. હર્ષભાઈના આગમનના પગલે ન માત્ર ભુજની ગલીઓમાં બલ્કે કચ્છભરમાં અનોખો કેસરીયો માહોલ છવાયલો જોવાઈ રહ્યો છે.ત્યારે તે વિરોધ પક્ષો માટે ચોક્કસપણે ચિંતાનો વિષય બનશે.

અંતે, લોકશાહીમાં હાર-જીતનો ફેંસલો જનતાના હાથમાં હોય છે, પરંતુ ચૂંટણીના મેદાનમાં જ્યારે હર્ષ સંઘવી જેવા વ્યૂહરચનાકાર અને લોકપ્રિય નેતા ઉતરે છે, ત્યારે પલડું કોની તરફ નમેલું છે તે સમજવું મુશ્કેલ નથી રહેતું. હર્ષ સંઘવીના આગમનથી કચ્છનો આ ચૂંટણી જંગ હવે વધુ રોમાંચક અને એકતરફી બને તેવા પૂરા એંધાણ વર્તાઈ રહ્યા છે.

### જગત જમાદાર હવે નાપાક મુલકના ઈશારે નાચે છે

## યુધ્ધવિરામ લંબાવવા ટ્રમ્પે કર્યુ એલાન

**જગત જમાદાર હવે પાકિસ્તાનના ઈશારે નાચવા લાગ્યા: પાક વડાપ્રધાન અને આર્મી ચીફનાં કહેવાથી સંઘર્ષ વિરામ લંબાવ્યો હોવાનું જણાવ્યું : જંગ કામચલાઉ ધોરણે ટળી ગયાના નિર્દેશોઃ જો કે નાકાબંધી ચાલુ રાખવા કરી જાહેરાત**

(એજન્સી દ્વારા) વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધવિરામ લંબાવવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે પાકિસ્તાનની વિનંતી પર આ પગલું ભર્યું, વર્તમાન યુદ્ધવિરામ સમાપ્ત થવાના થોડા કલાકો પહેલા. તેમણે કહ્યું કે તેઓ ઈરાન તરફથી પ્રસ્તાવ ન મળે ત્યાં સુધી યુદ્ધવિરામ લંબાવી રહ્યા છે. આનાથી લડાઈ અસ્થાયી રૂપે બંધ થઈ ગઈ છે અને મધ્યસ્થી પાકિસ્તાનને અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટોનો નવો રાઉન્ડ ગોઠવવા માટે સમય મળ્યો છે.ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ



**પરાજિત પક્ષ શરતો ના થોપી શકેઃ ટ્રમ્પની એકતરફી યુદ્ધવિરામની જાહેરાત બાદ ઈરાનનો જવાબ**

મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે તેઓ સમજે છે કે ઈરાની સરકાર ખૂબ જ વિભાજિત છે. પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને વડા પ્રધાન શાહબાઝ શરીફે યુદ્ધવિરામ લંબાવવાની વિનંતી કરી છે. તેમને કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી તેમના નેતાઓ અને પ્રતિનિધિઓ સર્વસંમતિથી પ્રસ્તાવ ન લાવે ત્યાં સુધી ઈરાન પર હુમલો ન કરે. ડોનાલ્ડ ટ્રમ્પે આગળ લખ્યું છે કે, પાકિસ્તાનની વિનંતી પર, હું યુદ્ધવિરામ લંબાવી રહ્યો છું જ્યાં સુધી ઈરાન તેનો પ્રસ્તાવ રજૂ ન કરે અને ચર્ચાઓ પૂર્ણ ન થાય, પછી ભલે તેનું પરિણામ ગમે તે હોય. મેં મારા સૈન્યને નાકાબંધી જાળવી રાખવા અને અન્ય

અનુસંધાન પાના નં.૪ પર

## પહેલગામ હુમલાની વરસીએ જ ફરી આતંકી હુમલાનુ ષડયંત્ર : સમગ્ર કાશ્મીરમાં સુરક્ષા એલર્ટ

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ગત વર્ષે થયેલા ભયાનક આતંકવાદી હુમલાની આજે પ્રથમ વર્ષગાંઠ છે. ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ બૈસરન વેલીમાં થયેલા એ લોહીયાળ હુમલાની યાદમાં આજે સમગ્ર ખીણ શોકમગ્ન છે. ત્યારે બીજી તરફ સુરક્ષા એજન્સીઓએ આખા પ્રદેશમાં 'હાઈ એલર્ટ' જાહેર કર્યું છે. સંભવિત આતંકવાદી કાવતરાને નિષ્ફળ બનાવવા માટે સેના અને પોલીસ દ્વારા દરેક નાકા પર સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. પહલગામની તે દુર્ઘટના બાદ ભારતીય સેનાએ આતંકવાદી સંગઠનોના સફાયા માટે 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. આ ઓપરેશનના



સફળ અમલીકરણને કારણે છેલ્લા એક વર્ષમાં આતંકવાદી ગતિવિધિઓ પર મોટો અંકુશ આવ્યો છે.જોકે, ગુપ્તચર એજન્સીઓને ઈનપુટ મળ્યા છે કે આતંકવાદી સંગઠનો આ વરસી પર ફરી કોઈ મોટું કાવતં ઘડી રહ્યા છે, જેના પગલે સરહદી વિસ્તારો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર સુરક્ષાનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.ખીણના મુખ્ય પ્રવાસન સ્થળો પર સુરક્ષા દળો દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. જેમાં ડ્રોન સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. ગીચ જંગલો અને પહાડી વિસ્તારોમાં શંકાસ્પદ હિલચાલ પર નજર રાખવા માટે અત્યાધુનિક ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી

અનુસંધાન પાના નં.૪ પર

## વિધાનસભાની સેમીફાઈનલ ચૂંટણીમાં 'અંડરકરન્ટ': મતદારોનું મન કળવું અઘરું, નેતાઓના જીવ તાળવે ચોંટ્યા

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પ્રચારને આડે હવે ત્રણેક દિવસ માંડ રહ્યાં છે તેમ છતાંય ચૂંટણી માહોલમાં જોરશોર દેખાતો નથી. આ વખતે ચૂંટણી મુદ્દાઓ પણ જાણે બિનઅસરકારક સાબિત થયાં છે જેથી મતદારોને રિઝવવા શું કરવું એ મુદ્દે ઉમેદવારો અને રાજકીય પક્ષો મૂંઝવણમાં મૂકાયાં છે.વર્તમાન રાજકીય સ્થિતિ જોતા ચૂંટણીનો માહોલ એટલો નિરસ બન્યો છે કે જાણે ક્યાંય ચૂંટણી હોય તેવું લાગતું જ નથી. જોકે, આ શાંતિ પાછળ મતદારોમાં એક પ્રકારનો 'અંડરકરન્ટ' હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. પંદર દિવસના લાંબા પ્રચાર બાદ પણ મતદારોનું મન કળવું અઘરું બન્યું છે, જેના કારણે ઉમેદવારો અને રાજકીય પક્ષોના જીવ અત્યારે તાળવે ચોંટ્યા છે. મતદારોને રિઝવવા માટે કયા પ્રયાસો કરવા તે મોટો પ્રશ્ન છે, કારણ કે બહારથી દેખાતું ચૂંટણીનું ચિત્ર અંદરખાને સાવ અલગ હોવાનું જણાય છે.સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં મુદ્દાઓ પણ જાણે બિનઅસરકારક સાબિત થયા છે, જેના કારણે મતદારોની નિરસતાએ પક્ષોની ચિંતામાં વધારો કર્યો છે. રાંધણગેસની અછત, વધતી મોંઘવારી અને વૈશ્વિક યુદ્ધની અસરોને લીધે વેપાર-ધંધામાં જે મંદીનો માહોલ સર્જાયો છે, તેના કારણે ચૂંટણી પ્રચાર સાવ ફિક્કો રહ્યો છે. મતદારોમાં જાણે ચૂંટણીનો માનસિક થાક વર્તાઈ રહ્યો હોય તેમ તેમને પ્રક્રિયામાં કોઈ રસ રહ્યો નથી. મહત્ત્વની વાત એ છે કે, આ વખતે મતદારોને આકર્ષી શકે તેવા કોઈ નક્કર કે અસરકારક મુદ્દાઓ

અનુસંધાન પાના નં.૪ પર

### સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

## હાઈવે પર ટ્રક પાર્કિંગ પર કડક પ્રતિબંધ : રોડ સેફ્ટી નિયમોમાં આવશે બદલાવ



નવી દીલ્હી :ભારતમાં રોડ સુરક્ષા મજબૂત બનાવવા માટે સુપ્રીમ કોર્ટે એક મોટું પગલું લીધું છે. કોર્ટે નોંધ્યું છે કે દેશના કુલ રોડ

અનુસંધાન પાના નં.૪ પર

## સ્થાનિક સ્વરાજય જંગ માટે તૈયારીઓને આખરી ઓપ : કચ્છ સહિતના જિલ્લાઓમાં તંત્ર એક્શન મોડમાં..!



### ચૂંટણીને લઈને વહીવટીતંત્ર એક્શનમાં મોડમાં : રાજકોટ, સાબરકાંઠા, પંચમહાલ સહિત અનેક જિલ્લામાં ચૂંટણી કામગીરીને આખરી ઓપ

અમદાવાદ : રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને તૈયારી ચાલી રહી છે. ચૂંટણીને લઈને વહીવટીતંત્ર એક્શનમાં મોડમાં છે. આ દરમિયાન રાજકોટ, સાબરકાંઠા, પંચમહાલ સહિત અનેક જિલ્લામાં ચૂંટણી કામગીરીને આખરી ઓપ આપવામાં આવી રહી છે.રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને વહીવટી વિભાગમાં એક્શનમાં છે, ત્યારે જિલ્લામાં ૧૮ વોર્ડની ૭૨ બેઠક માટે ૧૦૧૪ મતદાન મથક બનાવવામાં આવ્યા છે. જેમાં અલગ-અલગ ૬ EVM સેન્ટર બનાવાયા છે. એક સેન્ટરમાં ત્રણ વોર્ડનો સમાવેશ કરાયો છે. વહીવટી વિભાગ દ્વારા ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.જિલ્લામાં EVM ચેકિગ સમયે દરેક વોર્ડના ઉમેદવારો અને એજન્ટને હાજર રાખવામાં આવ્યા હતા. ઉમેદવારો અને એજન્ટની હાજરીમાં EVM ચેકિગ થયા બાદ સીલ કરાયા હતા. જેમાં વહીવટીતંત્ર દ્વારા સ્પ્રમાં લાગેલા તમામ બટન ચાલુ છે કે નહીં તે ઉમેદવારોને ચેક કરી બતાવવામાં આવ્યું હતું. જેમાં ખામીવાળા સ્પ્રે સાઈડમાં રખાયા હતા. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન પ્રક્રિયામાં હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે વહીવટીતંત્ર દ્વારા ચૂંટણીનું સંપૂર્ણ કામગીરીને વેગ આપવામાં આવી રહ્યો છે. જેમાં આજે(૨૧ એપ્રિલ, ૨૦૨૬) સાબરકાંઠા જિલ્લા કલેક્ટર કચેરીએ પ્રેસ કોન્ફરન્સ થકી સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી ચૂંટણીમાં કરાયેલી તૈયારીઓની વિગતો અપાઈ હતી. સાથોસાથ આદર્શ આચારસંહિતા મામલે પોલીસ વિભાગ દ્વારા વિવિધ તૈયારીઓની વિગતો જાહેર કરી હતીસાબરકાંઠા જિલ્લામાં કુલ ૮૩૮ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજવા જઈ રહી છે. જેમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટે ૧૦૭ ઉમેદવાર, તાલુકા પંચાયતની ૧૭૦ બેઠકો માટે ૫૦૦ ઉમેદવાર તેમજ નગરપાલિકા માટે ૨૩૧ જેટલા ઉમેદવારો વચ્ચે આગામી ૨૬મી એપ્રિલના સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન યાજાશે.

## કેદારનાથ મંદિરના દરવાજા ભક્તો માટે ખુલ્યા

**'હર હર મહાદેવ'ના નારાથી ગુંજ્યું કેદારઘાટી, લાખો યાત્રાળુઓ ઉમટ્યા**

નવી દીલ્હી : બુધવારે ધાર્મિક વિધિઓ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે કેદારનાથ મંદિરના દરવાજા ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. દરવાજા ખુલતાની સાથે જ સમગ્ર મંદિર 'હર હર મહાદેવ' અને 'જય બાબા કેદાર' ના નારાઓથી ગુંજી ઉઠ્યું. આ શુભ પ્રસંગે ભારત અને વિદેશથી હજારો ભક્તો મંદિર સંકુલમાં ઉમટી પડ્યા હતા, જેનાથી શ્રદ્ધાનું એક આકર્ષક પ્રદર્શન થયું હતું.ભક્તિભાવમાં



ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.શ્રદ્ધાળુઓ વહેલી સવારથી જ દર્શન માટે લાંબી કતારોમાં ઉભા રહ્યા હતા. ઠંડીનું વાતાવરણ અને મુશ્કેલ પર્વતીય માર્ગો હોવા છતાં, તેમના ઉત્સાહમાં કોઈ ઘટાડો થયો ન હતો.

## સોના - ચાંદીના ભાવમાં ઉછાળો!



નવી દીલ્હી : આજે સોના અને ચાંદીના ભાવમાં તેજી જોવા મળી છે. MCX પર શરૂઆતી કારોબારમાં ચાંદીની કિંમતમાં પ્રતિ કિલો ૪,૭૦૦નો ઉછાળો આવ્યો છે, જ્યારે સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૨,૦૦૦ વધ્યું છે. ૫ મેની ડિલિવરી વાળી ચાંદી ગત સત્રમાં ૨,૪૪,૭૦૧ પ્રતિ કિલો પર બંધ થઈ હતી અને આજે તે ૨,૪૮,૭૧૭ પર ખૂલી હતી. શરૂઆતી વેપારમાં તે ૪,૭૨૨ની તેજી સાથે ૨,૪૯,૪૨૩ સુધી પહોંચી ગઈ હતી.સવારે ૯:૦૫ વાગ્યે ચાંદી ૩,૯૬૧ના વધારા સાથે ૨,૪૮,૬૬૨ પર ટ્રેડ કરી રહી હતી. તેવી જ રીતે, ૫ જૂનની ડિલિવરી વાળું સોનું ગત સત્રમાં ૧,૫૧,૬૭૧ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું. આજે તે ૧,૫૩,૩૩૫ પર ખૂલ્યું અને શરૂઆતી કારોબારમાં ૨,૦૨૬ની તેજી સાથે ૧,૫૩,૬૯૯ સુધી પહોંચ્યું હતું. સવારે ૯:૧૦ વાગ્યે તે ૧,૪૬૯ના વધારા સાથે ૧,૫૩,૧૪૦ પર ટ્રેડ થઈ રહ્યુંહતું.

## ગુજરાતમાં ચુંટણી બાદ બિલ્ડીંગ કાયદા સંબંધી નવો CGDCR જાહેર થશે

અમદાવાદ રીઅલ એસ્ટેટ ક્ષેત્રમાં કેટલાંક અટપટા અને વિસંગતતા સર્જતા નિયમો જ સરળ બનાવવા માટે રાજ્ય સરકારે જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન (જીડીસીઆર)માં સુધારા કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.પ્રવર્તમાન સ્થાનિક સ્વરાજયની ચુંટણી ખત્મ થયા બાદ બાંધકામ સહિત નિયમોમાં કેટલાક મહત્વના સુધારા કરાશે. પેઈંગગેસ્ટ, પ્રિસ્કુલ તથા મીનીપોગ જેવી સુવિધાના બાંધકામો માટે નિયમોમાં સુધારા થશે.

મીનીપ્લેક્ષ મામલે છેલ્લા એકાદ વર્ષથી વિસંગતતા-વિવાદ ચાલી રહ્યા છે. જીડીસીઆરમાં સુધારા મારફત કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં મીનીપ્લેક્ષની મંજુરી સંબંધી નિયમો જાહેર કરવામાં આવી શકે છે.આ જ રીતે કોમર્શિયલ કોમ્પલેક્ષના એક કે બે માળમાં પેઈંગ ગેસ્ટ સુવિધા માટે પણ છુટ આપવામાં આવે તેવી સંભાવના છે. રહેણાંક બાંધકામોમાં પ્રિસ્કુલને મંજુરી આપવા સંબંધી નિયમનો પણ ઘડાવાની શકયતા છે.રાજયના શહેરી વિકાસ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે રાજય સરકારે ૨૦૧૭માં તમામ શહેરો માટે સીજીડીસીઆર લાગુ કર્યો હતો તેમાં શહેરી વિસ્તારોમાં સિનેમા, મલ્ટીપ્લેક્ષ, થિયેટર સહિતના બાંધકામ સંબંધી જોગવાઈઓ સામેલ કરવામાં આવી છે.સિનેમા કે મલ્ટીપ્લેક્ષ માટે ચોકકસ નિયમો ઘડાતા હતા અને નિયમો આધારિત બાંધકામ ફરજીયાત કરવામાં આવ્યુ હતું.

**ભાજપની કથની અને કરણીમાં અંતર**

# મહિલા સશક્તિકરણના દાવાઓ વચ્ચે ચોબારીમાં મહિલા ઉમેદવારોનું ઘોર અપમાન





ભચાઉ - કચ્છઉદય : ભારતીય લોકશાહીના ઈતિહાસમાં ૧૭ એપ્રિલ, ૨૦૨૬નો દિવસ એક અત્યંત મહત્વપૂર્ણ અને ચર્ચાસ્પદ દિવસ તરીકે નોંધાઈ ગયો છે. કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલું ૧૩૧મું બંધારણીય સુધારા વિધેયક (૨૦૨૬) લોકસભામાં જરૂરી બહુમતીના અભાવે ધબાય નમઃ થઈ ગયું. આ ઐતિહાસિક હાર બાદ ગૃહમંત્રીએ તેને 'લોકશાહી માટે કાળો દિવસ' ગણાવી વિપક્ષો

## ઉમેદવારોના સ્થાને પતિઓને સ્ટેજ પર અપાયું સ્થાન

પર આકરા પ્રહારો કર્યા હતા. બિલ પસાર ન થવાને કારણે ભાજપ દ્વારા દેશના ખૂણે-ખૂણે વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે અને એવો પ્રચાર કરવામાં આવી રહ્યો છે કે ભાજપ જ મહિલાઓ અને પછાત વર્ગોનું સાચું હિતેચ્છુ છે. પરંતુ આ ઉંચા આદર્શો અને ભાષણોની વાસ્તવિકતા ભચાઉ તાલુકાના ચોબારી ગામે સાવ જુદી જ જોવા મળી છે. અહીં ભાજપની 'પુરુષ પ્રધાન માનસિકતા' અને મહિલાઓ પ્રત્યેના દંભી વલણનો પર્દાફાશ થયો છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં બંધારણીય જોગવાઈઓ મુજબ મહિલાઓને ૫૦ ટકા અનામત આપવામાં આવી છે. આ નિયમોને કારણે રાજકીય પક્ષોએ અનિચ્છાએ પણ મહિલાઓને ટિકિટ ફાળવવી પડે છે. ભચાઉના ચોબારી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો મહિલા અનામત જાહેર થતા ભાજપે અહીં મહિલા ઉમેદવારોને મેદાને ઉતાર્યા છે. જોકે, ભાજપના નેતાઓના મનમાંથી સ્ત્રીઓને ગૌણ ગણવાની માનસિકતા હજુ ગઈ નથી તેનું વરવું ઉદાહરણ ચોબારીમાં જોવા મળ્યું.

તાજેતરમાં ચોબારી ગામે ભાજપના ચૂંટણી કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્ટેજ પર જે દ્રશ્યો જોવા મળ્યા તેણે સુસંસ્કૃત સમાજ અને લોકશાહીની ગરિમાને ઠેસ પહોંચાડી છે. મંચ પર મહિલા ઉમેદવારોના 'પતિદેવો' અને પક્ષના અન્ય પુરૂષ નેતાઓ ઠાઠથી બિરાજમાન હતા, જ્યારે જેમના નામે ચૂંટણી લડાઈ રહી છે અને જેઓ ખરેખર જનતાના પ્રતિનિધિ બનવા જઈ રહ્યા છે, તે મહિલા ઉમેદવારોને સ્ટેજની નીચે સામાન્ય કાર્યકરોની જેમ બેસાડવામાં આવ્યા હતા.

ચોબારીની આ ઘટના માત્ર એક કાર્યક્રમ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સ્ત્રીઓની રાજકીય કારકિર્દી સામે ઊભેલા મોટા પડકાર સમાન છે. જિલ્લા પંચાયતની ચૂંટણી લડી રહેલા જે મહિલા ઉમેદવારને સ્ટેજ નીચે બેસાડવામાં આવ્યા હતા, તેઓ હાલમાં ચોબારી ગામના સરપંચ તરીકે કાર્યરત છે. એક ગામના પ્રથમ નાગરિક અને વર્તમાન સરપંચ હોવા છતાં પક્ષના કાર્યક્રમમાં તેમને સન્માનજનક સ્થાન આપવાને બદલે તેમના પતિને સ્ટેજ પર બેસાડવાએ પિતૃસત્તાક વિચારધારાનું સૌથી ખરાબ ઉદાહરણ છે.


ચોબારીમાં જોવા મળેલા દ્રશ્યોએ સાબિત કરી દીધું છે કે ભાજપમાં આજે પણ 'પતિરાજ' (સરપંચ પતિ કે પ્રતિનિધિ પતિ)ની પરંપરા જીવંત છે. બંધારણે મહિલાઓને અધિકાર આપ્યો છે, પરંતુ ભાજપની સંગઠન માળખાની માનસિકતા તેમને સ્વતંત્ર નેતૃત્વ કરવા દેવા તૈયાર નથી. મહિલા ઉમેદવાર પોતે સક્ષમ હોવા છતાં, તેમને માત્ર એક 'સહી કરનાર' તરીકે જોવામાં આવે છે અને અસલી સત્તા તેમના પતિ કે પુરૂષ સંબંધીઓના હાથમાં જ રહે છે.

## દુધઈ પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ કરાયું



દુધઈ પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી. ડોડીયાના વડપણ હેઠળ પીએસઆઈ આર.એચ. ઝાલા તથા પોલીસ જીઆરડી દ્વારા નવી દુધઈ બજાર તથા જુની દુધઈ બજાર તથા ધમડકા ગામ તથા ચકારમોરા સ્થાનીક સ્વરાજયની ચુટણી અન્વયે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ લોકો ભયમુક્ત અને શાંતીમય વાતવરણમાં મતદાન કરી શકે તે હેતુથી પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

# ભુજના 'ફીનિક્સ એજ્યુકેશન'ના વિદ્યાર્થીઓએ જી-મેઈન્સમાં મેળવી ઐતિહાસિક સફળતા



આદિત્ય જોષી | અઝમીના ખત્રી | હિરલ આશરા | ઈમાન ખત્રી | કાવ્ય આર. શાહ



મોઈન ખત્રી | રૂદ્ર સોલંકી | તીર્થ શાહ | વિધિ વાઘેલા | ઝીશાન ખત્રી

ભુજ - કચ્છઉદય : તાજેતરમાં જાહેર થયેલા જી-૨૦૨૬ના પરિણામોમાં ભુજની જાણીતી શૈક્ષણિક સંસ્થા 'ફીનિક્સ એજ્યુકેશન' ના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સંસ્થા અને કચ્છ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

ભુજમાં આવેલી અક્ષર રેસીડેન્સી કોડકી રોડ ખાતે આવેલી સંસ્થાના તેજસ્વી વિદ્યાર્થી મોઈન ખત્રીએ ૯૯.૧૬ પર્સન્ટાઈલ મેળવી સંસ્થામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિશેષમાં મોઈન ખત્રીએ કેમેસ્ટ્રી વિષયમાં ૯૯.૯૮ પીઆર. અને ફિઝિક્સમાં ૯૯.૮૩ પીઆર જેવો અસાધારણ સ્કોર મેળવ્યો છે. સંસ્થાના ૨૦ થી વધુ વિદ્યાર્થીઓએ ૯૦થી વધુ પર્સન્ટાઈલ મેળવ્યા છે, જેમાં તીર્થ શાહ (૯૮.૭૮ પીઆર), ઈમાન ખત્રી (૯૭.૬૩ પીઆર), ઝીશાન ખત્રી (૯૬.૯૮ પીઆર), અઝમીના ખત્રી (૯૬.૬૨ પીઆર), કાવ્ય આર. શાહ (૯૬.૬૧ પીઆર), હિરલ આશરા (૯૬.૩૨ પીઆર) મેળવ્યા છે. સફળતા બદલ સંસ્થાના સંચાલકો કમલભાઈ, ભમ્મરભાઈ, પાર્થભાઈ અને યશભાઈએ તમામ સફળ વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

સંચાલકોએ જણાવ્યું હતું કે, "વિદ્યાર્થીઓની સખત મહેનત અને સંસ્થાના અનુભવી શિક્ષકોના સચોટ માર્ગદર્શનને કારણે જ આજે ફીનિક્સ એજ્યુકેશન વિજ્ઞાન પ્રવાહમાં અગ્રેસર રહ્યું છે. અમારો ઉદ્દેશ્ય કચ્છ, ભુજના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ડિજિટલ શિક્ષણ આપી રાષ્ટ્રીય સ્તરની પરીક્ષાઓ માટે તૈયાર કરવાનો છે. નોંધનીય છે કે, કોચિંગ સેન્ટરની સાથે હવે 'ફીનિક્સ સાયન્સ સ્કૂલ' પણ નવા અત્યાધુનિક કેમ્પસ સાથે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કાર્યરત છે.

## કાઠડાની જમીન હડપવાના કેસમાં ચાર આરોપીઓને કેદ અને દંડની સજા

માંડવી - કચ્છઉદય : માંડવી તાલુકાના કાઠડા ગામે વર્ષ ૨૦૦૮માં સર્વે નંબર ૩૫૭ પૈકીની ૧ એકર અને ૮ ગુંઠા જમીન હડપ કરી લેવાના ચકચારી કેસમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે.

આ કેસની વિગત મુજબ, ફરિયાદી પુનશી પચાણ વેલા હરિજનના પિતાના અવસાન બાદ તેમની વારસાઈ કરાઈ ન હતી, જેનો લાભ લઈને આરોપીઓએ ખોટા વારસદાર બની આ કિંમતી જમીન પ્રવીણ હંસરાજ શાહને વેચી મારી હતી. આ છેતરપિંડી અંગે માંડવી પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ તપાસના અંતે ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.

આ કેસમાં સરકાર પક્ષે એ.પી.પી. ડી.સી. ઠાકોરની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે ચારેય આરોપીઓ બાબુ ઉર્ફે કલ્યાણજી પચાણ, માકબાઈ થાવર, બાયાબાઈ નાયા અને મૂલબાઈ વેલજીને તકસીરવાન ઠેરવ્યા છે. અદાલતે તમામ આરોપીઓને આઈ.પી.સી.ની વિવિધ કલમો હેઠળ એકથી ત્રણ વર્ષની જેલની સજા અને રોકડ દંડ ફટકાર્યો છે, તેમજ દંડ ન ભરે તો વધુ કેદની સજાનો હુકમ કર્યો છે.

# કચ્છી લેવા પટેલ નર્સિંગ કોલેજની વિદ્યાર્થિનીઓએ એએનએમ અને જીએનએમ પરીક્ષાઓમાં મેળવી સફળતા

ભુજ - કચ્છઉદય : કચ્છી લેવા પટેલ નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેક્ટિસના વિદ્યાર્થીઓએ ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૫માં લેવામાં આવેલી એએનએમ તથા જીએનએમ પરીક્ષાઓમાં ઉત્તમ પરિણામ મેળવી સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

એએનએમ પ્રથમ વર્ષના પરિણામમાં સમગ્ર ગુજરાતમાં ૬૭૭૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી, જેમાં મેઘવાળ જીજ્ઞાબેન ગાંગજીએ સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે, જ્યારે ગાગલ રાધાબેન મોહનભાઈએ સમગ્ર ગુજરાતમાંથી બીજો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે અને મારવાડા



હેન્સીબેન દિનેશભાઈએ સમગ્ર ગુજરાતમાં ૧૧મો ક્રમાંક અને ગઢવી માલશ્રી દેવરાજે ૧૩મો ક્રમાંક જ્યારે પારસીયા આયુષી રાજેશભાઈએ ૧૫મો ક્રમાંક મેળવી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

આ ઉપરાંત જીએનએમ પ્રથમ પરિણામમાં સમગ્ર ગુજરાતમાં ૧૯,૮૮૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી, જેમાં મહેશ્વરી જયા બુધુભાઈએ સમગ્ર ગુજરાતમાંથી ૮મો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે, જે સંસ્થા માટે ગર્વની બાબત છે.

આ સિદ્ધિ બદલ કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા અને એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટના પ્રમુખ ગોપાલભાઈ ગોરસીયાએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, આ સિધ્ધિ વિદ્યાર્થીઓની સઘન મહેનત, શિસ્ત, અનુસાશન અને પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. કચ્છી લેવા પટેલ ટ્રસ્ટના ત્રણેય પાંખના કારોબારી સભ્યો, સંસ્થાના પ્રિન્સિપાલ પુનીત જૈન, તમામ ફેકલ્ટી અને વિદ્યાર્થીઓના વાલીઓએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# JEE Main-૨૦૨૬માં મોદી સ્કૂલ સર્વોચ્ચ સ્થાને : સમગ્ર રાજકોટમાં પ્રથમ ૪ વિદ્યાર્થીઓમાંથી ૩ વિદ્યાર્થીઓ મોદી સ્કૂલના

રાજકોટ - કચ્છઉદય : ઓલ ઈન્ડિયા રેન્ક ટોપ-૫૦૦માં ૪ વિદ્યાર્થીઓ, Top-1000માં ૬ વિદ્યાર્થીઓ, Top-1500માં ૧૧ વિદ્યાર્થીઓ સાથે સમગ્ર ગુજરાતમાં શાળા કક્ષાએ પ્રથમ સ્થાને રહેલ છે, જેમાં જાડેજા મોક્ષરાજસિંહ AIR-152 (EWS Rank-14) પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાતમાં ગુજરાતી માધ્યમમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. મોદી જાગૃત AIR-206,સરધારા જય AIR-210 (EWS Rank-21) સાથે સમગ્ર ગુજરાતમાં ગુજરાતી માધ્યમમાં બીજા સ્થાને, રૈયાણી ભવ્ય AIR-387 (EWS Rank-39), સીદપરા સ્મિત AIR-670 (EWS Rank-76) તથા સાધરીયા સુજલ AIR-678 આ ઉપરાંત 99+ PR - ૭૪ વિદ્યાર્થીઓ, 98+ PR - ૧૩૦ વિદ્યાર્થીઓ, 97+ PR - ૧૮૯વિદ્યાર્થીઓ, 95+ PR - ૨૭૯ વિદ્યાર્થીઓ સાથે સમગ્ર ગુજરાતમાં મોદી સ્કૂલ ટોચ પર રહી છે.

દેશની ટોચની એન્જીનીયરીંગ કોલેજો જેવી કે IIIT, NITના પ્રવેશ માટે તથા IIT માં પ્રવેશ માટેની એલીજીબીલીટી ટેસ્ટ તરીકે લેવાતી JEE Mains ૨૦૨૬ માં મોદી સ્કૂલનાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યું છે. JEE (Mains + Advanced), NEET કે GUJCET દરેક સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં મોદી સ્કૂલનો દબદબો બરકરાર રહ્યો છે.



JEE Main-૨૦૨૬ના પરિણામમાં AIR 210 (EWS Rank-21) મેળવેલ વિદ્યાર્થી મૂળ અમદાવાદના સરધારા જયએ જણાવ્યું કે, પોતે મોબાઈલ જેવા દૂષણથી દૂર રહેવા માટે ખાસ તેઓએ ગુજરાતની શ્રેષ્ઠ એવી મોદી બોર્ડિંગ સ્કૂલની પસંદગી કરેલ તથા મોદી બોર્ડિંગ સ્કૂલના સ્પર્ધાત્મક વાતાવરણના કારણે આ સિદ્ધિ હાંસલ કરી શકેલ છે. આજ પ્રમાણે જાડેજા મોક્ષરાજ AIR 152 (EWS Rank-14) જેઓ ગુજરાતી માધ્યમમાં ગુજરાત પ્રથમ છે. તેઓએ શાળામાં સવારે ૭ થી રાત્રે ૮ વાગ્યા સુધી કોઈપણ અડચણ વિના શિક્ષણ કાર્યને પોતાની સફળતાની ચાવી બતાવેલ. જેઓએ ધો.૧૦માં પણ ૯૯.૯૯ PR મેળવેલ હતા. મોદી જાગૃત જેઓ નર્સરીથી મોદી સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે તેઓએ AIR ૨૦૬મેળવતા સાથે જણાવેલ કે નિયમિત Follow-up તથા સ્કૂલ ડિસિપ્લિનને પોતાની સફળતાનો શ્રેય આપેલ છે.

આજે જ્યારે કોચીંગ કલ્ચરનાં કારણે વિદ્યાર્થીઓ મોબાઈલનાં દુષણ તરફ તથા ડમી સ્કૂલ કલ્ચર તરફ જઈ રહ્યા છે ત્યારે મોદી સ્કૂલીંગ સિસ્ટમે એક સ્કૂલ મોડલનાં માધ્યમથી NTA દ્વારા લેવાતી નેશનલ લેવલની પરિક્ષાઓમાં સમગ્ર દેશમાં ટોચનું સ્થાન હાંસલ કરીને સ્કૂલ સિસ્ટમ દ્વારા JEE (Main + Advanced) તથા NEET માં શ્રેષ્ઠ પરિણામ આપી શકાય છે તે સાબિત કર્યુ છે.

ગત વર્ષે મોદી સ્કૂલના ૨૬૯ વિદ્યાર્થીઓને MBBSમાં પ્રવેશ મેળવેલ જે સૌરાષ્ટ્ર-કચ્છ માં સૌથી વધુ છે. વર્ષ-૨૦૨૬ના NEETના પરિણામોમાં પણ સ્કૂલ ઉત્કૃષ્ટ પરિણામ માટે કટિબદ્ધ છે.

મોદી સ્કૂલનાં શ્રેષ્ઠ પરિણામ બદલ સ્કૂલનાં સંસ્થાપક Dr. R. P. Modi Sir, Paras Sir, Heet Sir તથા Dhaval Sir એ બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે તથા સારી કારકિર્દી બનાવીને સ્કૂલ તથા માતા-પિતાનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવી છે.






# આરટીઈ પ્રવેશના પ્રથમ રાઉન્ડની ફાળવણી હવે ૪ મેના રોજ થશે

## કચ્છની ૩૫૩ શાળાઓની ૨૫૩૯ બેઠકો માટે ૫૨૦૦ થી વધુ ભરાયા છે ફોર્મ

ભુજ - કચ્છઉદય : રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વાલીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા ઓનલાઈન ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવામાં આવતા સમગ્ર પ્રવેશ કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા જાહેર થયેલા સંભવિત કાર્યક્રમ મુજબ હવે પ્રવેશનો પ્રથમ રાઉન્ડ આગામી ૪ મેના રોજ જાહેર કરવામાં આવશે. અગાઉ આ યાદી ૨૯ એપ્રિલના રોજ પ્રસિદ્ધ થવાની હતી પરંતુ ફોર્મ ભરવાની અંતિમ તારીખ લંબાવીને ૨૩ એપ્રિલ કરવામાં આવતા આ નિર્ણય લેવાયો છે. કચ્છ સહિત રાજ્યમાં જિલ્લા કક્ષાએ ફોર્મની ચકાસણીની પ્રક્રિયા ૨૫ એપ્રિલ સુધી પૂર્ણ કરવામાં આવશે. જે અરજદારોના ફોર્મ કોઈ કારણોસર રિજેક્ટ થયા હશે તેમને મોટી રાહત આપતા ૨૭ એપ્રિલથી ૨૯ એપ્રિલ દરમિયાન ખૂટતા દસ્તાવેજો ફરીથી અપલોડ કરવાની તક આપવામાં આવશે. આ ડોક્યુમેન્ટ્સની આખરી ચકાસણી ૩૦ એપ્રિલ સુધીમાં પૂર્ણ કર્યા બાદ મે મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રવેશ ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અત્યાર સુધીમાં રાજ્યની અંદાજે ૮૪ હજાર બેઠકો માટે બે લાખથી વધુ ઓનલાઈન અરજીઓ પ્રાપ્ત થઈ ચૂકી છે. નોંધનીય છે કે કચ્છ જિલ્લાની ૩૫૩ શાળાઓમાં આરટીઈ પ્રવેશ માટે ૨૫૩૯ બેઠકો છે જેના માટે અત્યાર સુધી ૫૨૦૦ થી વધુ ફોર્મ ભરાઈ ચૂક્યા છે.

## બજારભાવ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ** | | ઈશબગુલ | ૧૨૧૨-૧૩૭૬ | રીંગણા કાળા | ૪-૧૦ | મરચા સીમલા | ૩૦-૩૫ |
| **૧૦૦ કિલોના ભાવ** | | રાયડો | ૧૧૬૦-૧૨૦૫ | રીંગણા બાજરીયા | ૧૦-૨૦ | ગોવાર દેશી | ૨૫-૪૦ |
| ગોવાર | ૫૨૦૦-૫૩૪૨ | અજમો | ૧૭૦૨ | કોબી દેશી | ૫-૯ | ગીસોડા | ૧૦-૨૫ |
| વરિયાળી | ૭૦૦૦-૮૧૧૩ | સોવા | ૧૨૦૦ | કોબી | ૪-૭ | પરવળ | ૪૦-૪૫ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | | વરિયાળી | ૧૪૦૦-૧૪૮૭ | ફુલાવર | ૧૦-૧૫ | સરગવો | ૩૦-૪૦ |
| **૪૦ કિલોના ભાવ** | | **ભચાઉ માર્કેટ યાર્ડ** | | ફુલાવર દેશી | ૧૫-૨૦ | ગેલકા | ૧૦-૧૫ |
| એરંડા | ૨૪૫૧-૨૪૮૦ | એરંડા | ૧૧૯૭-૧૨૩૫ | વટાણા | ૧૦૦-૧૩૦ | કોળુ | ૫-૭ |
| રાયડો | ૨૨૦૦-૨૩૭૦ | સાખજીરૂ | ૩૪૪૦-૪૦૫૦ | ધાણા | ૨૦-૩૦ | બીટ | ૧૫-૨૦ |
| ધાણા | ૪૮૦૦-૫૦૪૦ | ગોવાર | ૧૦૩૦-૧૦૩૫ | ભીંડા | ૭-૧૫ | મેથી | ૨૫-૩૦ |
| ઈશબગુલ | ૧૮૧૮-૪૯૫૦ | તુવેર | ૧૩૦૦-૧૩૫૦ | કાકડી કાળી | ૫-૧૦ | **ભુજ ફ્રુટ બજાર** | |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | અજમો | ૨૧૦૦-૨૪૦૦ | કાકડી સફેદ | ૭-૧૨ | કેળા કાચા | ૧૦-૧૫ |
| **૧૦૦ કિલોના ભાવ** | | ઈશબગુલ | ૧૯૦૦-૨૦૦૧ | કાકડી ખીરા | ૧૨-૨૦ | કેળા પાકા | ૧૫-૨૫ |
| વરિયાળી | ૪૦૦૦-૮૪૮૦ | વરિયાળી | ૧૩૦૦-૧૪૨૫ | પાલક | ૧૦-૧૫ | પપૈયા કાચા | ૫-૧૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | સોવા | ૧૬૦૦-૧૭૫૦ | લસણ સુકું | ૫૦-૧૦૦ | પપૈયા પાકા | ૭-૧૩ |
| **૪૦ કિલોના ભાવ** | | **ભુજ માર્કેટ યાર્ડ** | | લીંબુ | ૧૦૦-૧૫૦ | જામફળ | ૪૦-૪૫ |
| એરંડા | ૨૩૫૦-૨૫૨૫ | **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | | પીત્તાઈ ગાજર કેશરી | ૧૦-૧૩ | ચીકુ | ૧૦-૧૫ |
| કપાસ | ૩૧૦૦-૩૩૫૧ | ડુંગળી | ૭-૧૨ | દુધી | ૩-૭ | શક્કરટેટી | ૧૦-૨૦ |
| જીરૂ | ૬૦૦૦-૮૫૦૦ | બટેટા | ૯-૧૪ | આદુ | ૬૦-૭૦ | ફણસી | ૫૦-૬૦ |
| ઈશબગુલ | ૩૦૦૦-૫૩૦૦ | ટમેટા | ૧૦-૨૦ | કારેલા | ૧૦-૨૫ | દાડમ | ૩૦-૭૦ |
| **રાપર માર્કેટ યાર્ડ** | | લીલી ડુંગળી | ૧૭-૨૫ | શક્કરિયા | ૧૫-૨૦ | કલીંગર | ૫-૧૫ |
| જીરૂ | ૩૧૦૦-૩૯૭૩ | મરચા | ૧૦-૨૫ | ચોળા ડોલર | ૧૦-૨૦ | કાચી કેરી | ૩૦-૪૦ |
| એરંડા | ૧૨૦૦-૧૨૨૬ | મરચી | ૧૫-૪૫ | ગીલોડા | ૧૫-૨૫ | | |

# લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર મતદાન કરીએ: સાંસદ વિનોદભાઈ ચાવડાનું પ્રેરક આહવાન

**તારીખ ૨૬મીએ મતદાનનો નવો વિક્રમ સર્જવા અપીલ : નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બનતા ૯૦૦ કરોડના બજેટનો લાભ વિકાસલક્ષી કામોમાં મળશે : "જેમ અંગદાન અને ચક્ષુદાન મહત્વનું છે, તેમ મતદાન પણ આપણી નૈતિક જવાબદારી છે."**









સપનાનગર


કીડાણા

## ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ અને વિવિધ સંગઠનો સાથેની બેઠકમાં વધુમાં વધુ મતદાન કરી નવો વિક્રમ સર્જવા વિનંતી કરી

ગાંધીધામ : કચ્છ-મોરબી વિસ્તારના લોકપ્રિય યુવા સાંસદ વિનોદભાઈ ચાવડાએ આજે પૂર્વ કચ્છના પાટનગર સમાન ગાંધીધામની મુલાકાત લીધી હતી. ગાંધીધામના વોર્ડ નંબર ૭ ના રહેવાસીઓ તેમજ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના ઉપક્રમે આયોજિત વિવિધ વેપારી સંસ્થાઓ અને સામાજિક આગેવાનો સાથેની બેઠકમાં તેમણે લોકશાહીના મહાપર્વમાં સૌને સહભાગી થવા ખાસ અનુરોધ કર્યો હતો.

વિનોદભાઈ ચાવડાએ મતદાનના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, "લોકશાહીમાં મતદાન એ માત્ર અધિકાર નથી, પરંતુ આપણી નૈતિક ફરજ છે. જે રીતે સમાજમાં અંગદાન અને ચક્ષુદાનનું મહત્વ છે, તે જ રીતે રાષ્ટ્રના નિર્માણ માટે 'મતદાન' અત્યંત અનિવાર્ય છે." તેમણે વેપારી સંગઠનો અને નાગરિકોને અપીલ કરી હતી કે આગામી ૨૬ તારીખે યોજાનાર મતદાનમાં ગાંધીધામ વિસ્તાર મહત્તમ મતદાન કરી એક નવો વિક્રમ પ્રસ્થાપિત કરે.

આ તબક્કે સાંસદશ્રીએ ગાંધીધામના વિકાસના રોડમેપ વિશે વાત કરતા જણાવ્યું કે, અગાઉ જ્યારે ગાંધીધામમાં નગરપાલિકા હતી ત્યારે બજેટ મર્યાદિત હતું. પરંતુ હવે મહાનગરપાલિકા બન્યા બાદ બજેટ વધીને અંદાજે ૯૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. આ માતબર રકમનો ઉપયોગ શહેરની સાથે-સાથે ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે પણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે શહેરોની સરખામણીએ ગ્રામીણ વિસ્તારોમાં પણ વિકાસકામો માટે મોટી રકમ ફાળવવામાં આવશે.

વિનોદભાઈ ચાવડાએ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના મતદારોને આહ્વાન કર્યું હતું કે, તેઓ ૨૬ તારીખે ઉત્સાહપૂર્વક ઘરની બહાર નીકળે અને તેમને યોગ્ય લાગે તેવા ઉમેદવારને મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને મજબૂત બનાવે. આ મુલાકાત દરમિયાન મોટી સંખ્યામાં વેપારી અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સમાં યોજાયેલી બેઠકમાં સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, માલતીબેન મહેશ્વરી, ધવલભાઈ આચાર્ય, તેજાભાઈ કાનગડ, મહેશભાઈ તીર્થાણી,બાબુભાઈ ગુજરીયા, મોહનભાઈ ધારશી ઠક્કર, મોમાયાભા ગઢવી, કુમારભાઈ રામચંદાણી, હરીશભાઈ દુધરેજીયા, કલ્પેશભાઈ પટેલ,, મહેન્દ્રભાઈ જુણેજા, તેજશભાઈ શેઠ, શશીભાઈ ધનવાણી સહિતનાઓ હાજર રહ્યા હતા.

કિડાણામાં સાંસદશ્રી સહિતના આગેવાનો દ્વારા યોજાયેલી પરામર્શ બેઠકમાં સુજાભાઈ રબારી(ભારાપર), ભીખાભાઈ રબારી, મેઘજીભાઈ આહીર, ઘેલાભાઈ આહીર, સામજીભાઈ મરંડ, અરજણભાઈ બરારિયા, કાથણભાઈ કાનગડ, સિદ્ધરાજસિહ જાડેજા, સ્વરૂપસિંહ જાડેજા, યોગીનસિંહ જાડેજા, મોહનભાઈ રોશીયા, રવિભાઈ દનીચા, રાયશીભાઈ, દિલીપભાઈ ચાવડા, ઘનશ્યામભાઈ, સધાભાઈ મ્યાત્રા, સામજીભાઈ મ્યાત્રા, દેવદાનભાઈ આગરીયા, માદાભાઈ ઝર, માદેવાભાઈ આગરીયા સહિતના હાજર રહ્યા હતા.

વોર્ડ ૭ ના ઉમેદવાર ભરતભાઈ પ્રજાપતિ, રાજેશભાઈ ભરાડીયા, વંદનાબેન ધુવા, મનીષાબેન ધુવા, તેમજ જે.પી. મહેશ્વરી, ગોવિંદભાઈ નીંજાર, ચંદ્રિકાબેન દાફડા, ભૈરવીબેન જૈન, હરેશભાઈ રામવાણી ઉપસ્થિત રહ્યા હતા.

## પહેલા પાનાથી...

### ભારત આતંકવાદ

અડગ રહેશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આતંકવાદીઓની નાપાક અને ઘૃણાસ્પદ યોજનાઓ ક્યારેય સફળ થઈ શકતી નથી, કારણ કે ભારત એક મજબૂત અને એકજૂટ રાષ્ટ્ર છે.પીએમ મોદીએ આગળ લખ્યું કે દેશ શોકની આ ઘડીમાં એકજૂટ છે અને સાથે જ આતંકવાદ વિરુદ્ધ પોતાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી રહ્યો છે. તેમણે કહ્યું કે ભારતના લોકો શાંતિ અને સુરક્ષા માટે કોઈપણ પ્રકારની હિંસા અને આતંકવાદના વિરોધમાં એકસાથે ઉભા છે.આ સંદેશ દ્વારા પ્રધાનમંત્રીએ ફરી એકવાર સ્પષ્ટ કર્યું કે ભારત આતંકવાદ વિરુદ્ધની પોતાની લડાઈ સતત અને વધુ મજબૂતી સાથે ચાલુ રાખશે અને કોઈપણ પરિસ્થિતિમાં ઝૂકશે નહીં.

### યુધ્ધવિરામ

તમામ બાબતો માટે તૈયાર રહેવા સૂચના આપી છે.ડોનાલ્ડ ટ્રમ્પની આ જાહેરાતથી હાલ પૂરતો દુશ્મનાવટ ફરી શરૂ થવાનો ખતરો ટળી ગયો છે. જોકે, બંને પક્ષો વચ્ચે ઊંડા મતભેદો હજુ પણ છે. યુએસ વાટાઘાટ ટીમનું નેતૃત્વ કરવા માટે ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સની પાકિસ્તાનની આયોજિત મુલાકાત મુલતવી રાખવામાં આવી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાન પર અમેરિકાની નાકાબંધી પણ યથાવત છે.

મારા અને ફિલ્ડ માર્શલ સૈયદ અસીમ મુનીર વતી, હું રાષ્ટ્રપતિ ટ્રમ્પનો અમારા યુદ્ધવિરામને લંબાવવા માટે સંમતિ આપવા બદલ આભાર માનું છું. મને આશા છે કે બંને પક્ષો યુદ્ધવિરામનું પાલન કરશે અને ઈસ્લામાબાદમાં વાટાઘાટોના બીજા રાઉન્ડમાં એક વ્યાપક શાંતિ કરાર થશે જેથી આ સંઘર્ષને કાયમ માટે સમાપ્ત કરી શકાય.

પાકિસ્તાની પીએમ શાહબાઝ શરીફે કહ્યું છે કે તેઓ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો યુદ્ધવિરામ લંબાવવાની પાકિસ્તાનની વિનંતી સ્વીકારવા બદલ હૃદયપૂર્વક આભાર માને છે જેથી ચાલુ રાજદ્વારી પ્રયાસો આગળ વધી શકે. પાકિસ્તાન આ સંઘર્ષને વાતચીત દ્વારા ઉકેલવા માટે તેના સંપૂર્ણ પ્રયાસો ચાલુ રાખશે.

યુએસએ અને ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કરીને યુદ્ધ શરૂ કર્યું, જે લગભગ છ અઠવાડિયા સુધી ચાલ્યું. આખરે ૮ એપ્રિલે ઈરાન અને યુએસ અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામની ઘોષણા કરવામાં આવી. દરમિયાન, ૧૧ એપ્રિલે પાકિસ્તાનમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વાટાઘાટો યોજાઈ હતી, પરંતુ તે અનિર્ણિત રહી હતી. હાલ પૂરતો યુદ્ધવિરામ લંબાવવામાં આવ્યો છે.

### પહેલગામ હુમલાની

રહ્યો છે.આ ઉપરાંત જમ્મુ-કાશ્મીર પોલીસ, એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ અને અર્ધલશ્કરી દળો સંયુક્ત રીતે સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહ્યા છે. તેમજ શ્રીનગર-જમ્મુ હાઈવે પર દરેક નાના-મોટા વાહનોનું ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.બરાબર એક વર્ષ પહેલા, આતંકવાદીઓએ પહલગામમાં પ્રવાસીઓને નિશાન બનાવીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ આતંકવાદી હુમલામાં ૨૫ પ્રવાસીઓ સહિત કુલ ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ધર્મના આધારે પ્રવાસીઓને અલગ પાડીને કરવામાં આવેલા આ હુમલાએ સમગ્ર દેશમાં ભારે રોષ અને આક્રોશ જન્માવ્યો હતો.

### વિધાનસભાની સેમીફાઈનલ

રાજકીય પક્ષો પાસે હોય તેમ જણાતું નથી. ભાજપ સરકાર પણ મતદારો વચ્ચે જઈને વાહવાહી મેળવે તેવો ચૂંટણી પ્રચાર કરી શકે તેવી સ્થિતિમાં નથી. હાલ એન્ટી-ઈક્રમબન્સીનો એવો માહોલ પ્રવર્તી રહ્યો છે કે, લોકો સરકારથી ભારોભાર નારાજ છે. ભાજપના ચૂંટાયેલાં જનપ્રતિનિધિઓ પ્રજાલક્ષી કામો જ કર્યા નથી જેથી લોકોમાં રોષ ભભૂક્યો છે. આ જોતાં ઠેર ઠેર ભાજપના ઉમેદવારોનો હુરિયો બોલાવાઈ રહ્યો છે. આ તરફ, કોંગ્રેસ અને આપ પણ સરકારના કાન આમળીને મતદારોના મનમાં અસરકારકતા ઉભી કરી શકે તેમ નથી. ભાજપ સામે વિપક્ષનો ડાળ ગળે તેમ લાગતું નથી. મજબૂરવશ ગુજરાતની જનતા માટે ભાજપને મત આપ્યા સિવાય છૂટકો નથી. છેલ્લાં ત્રણેક દિવસથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીનો પાર કરી ચૂક્યો છે. હજુ પણ હવામાન વિભાગનું કહેવું છે કે, રવિવારે મતદાનના દિવસે પણ સૂર્યદેવતા પોતાનો અસલી મિજાજ દેખાડશે. ગરમીની લહેર વધશે તો છેલ્લાં બે દિવસ ચૂંટણી પ્રચાર કરવો પણ અઘરો બનશે સાથે સાથે મતદાન પર અસર થઈ શકે છે જેના લીધે ઉમેદવારોની ચિંતામાં વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત ઉનાળુ વેકેશનને પગલે ઘણાં પરિવારોએ રજા માણવા ટુર પેકેજો બુક કરાવ્યાં છે. જો આ પરિવારો મતદાન નહી કરે તો ઉમેદવારોને વધુ એક ફટકો પડવાનો ડર છે. આ જોતાં ઉમેદવારોએ મતદારોને રજા પર ન જવા કાકલૂદી કરવી પડી રહી છે.

### હાઈવે પર ટ્રક

નેટવર્કમાં હાઈવેનો ભાગ માત્ર લગભગ ૨% છે, પરંતુ અહીં થતા અકસ્માતોનો હિસ્સો લગભગ ૩૦% જેટલો છે. આ આંકડો અત્યંત ચિંતાજનક છે અને આ જ કારણથી આ કડક નિર્ણય લેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય પ્રમાણે હવે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ટ્રક અને કમર્શિયલ વાહનોનું પાર્કિંગ સંપૂર્ણપણે પ્રતિબંધિત રહેશે. વાહનો માત્ર સરકાર દ્વારા નિર્ધારિત પાર્કિંગ ઝોનમાં જ ઊભા રહી શકશે. આ નિયમના અમલ માટે ATMS, GPS ટ્રેકિંગ અને ઈ-ચલાન જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે હાઈવે અને એક્સપ્રેસવે ઝડપી વાહન વ્યવહાર માટે બનાવવામાં આવ્યા છે, ન કે અણધાર્યા પાર્કિંગ માટે. અનધિકૃત પાર્કિંગ, બ્લેકસ્પોટ્સ અને અવ્યવસ્થિત વ્યવસ્થાના કારણે થતા અકસ્માતોને હવે સહન કરી શકાય તેમ નથી.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે રાજ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવની અધ્યક્ષતામાં વીડિયો કોન્ફરન્સ યોજાઈ



**ચૂંટણી સંદર્ભે ૫૯,૫૨૫ હોમગાર્ડ/જી.આર.ડી. જવાનો તેમજ ૪૧,૩૮૩ વધારાના જવાનોની ફોર્સ ડિપ્લોય કરાશે**

ગાંધીનગર : રાજ્યમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ના સંદર્ભે ગુજરાત પોલીસ રાજ્યની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા સજ્જ છે. આ અંગે રાજ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવની અધ્યક્ષતામાં તમામ શહેરના પોલીસ કમિશનરશ્રી અને જિલ્લા પોલીસ વડા તેમજ રેન્જ વડાશ્રીની સાથે મહત્વપૂર્ણ વીડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચૂંટણી દરમિયાન સુરક્ષા બંદોબસ્તનું આયોજન અને ફાળવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી. ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી મોટા પાયે પોલીસ અને અન્ય સુરક્ષા દળોની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૧૩ નગરપાલિકાની પેટાચૂંટણી, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત બેઠકોને આવરી લેવામા આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ૫૯,૫૨૫ હોમગાર્ડ/જી.આર.ડી. જવાનો તેમજ ૪૧,૩૮૩ વધારાના જવાનોની ફોર્સ ડિપ્લોય કરવામાં આવી છે.

આ વીડિયો કોન્ફરન્સમાં રાજ્ય પોલીસ વડા દ્વારા સુરક્ષા અને વ્યવસ્થાને લઈને વિવિધ જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. જેમાં સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પેટ્રોલિંગ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર સતત દેખરેખ રાખવી, આંતર-જિલ્લા અને રાજ્યની સરહદો પર સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવી, ટેકનિકલ ખામી વગર સંવાદ જળવાઈ તે માટે પોલીસ યુનિટોને સતર્ક રહેવા આદેશ આપ્યા છે.

# કોંગ્રેસના શાસનમાં અમદાવાદ 'લતીફ'નું, ભાજપના શાસનમાં અમદાવાદ અમદાવાદીઓનુ : હર્ષ સંઘવી

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વચ્ચે રાજકીય પક્ષો વચ્ચે પણ રાજકીય પ્રચાર દિનપ્રતિદિન નવી રાજકીય ગરમી સર કરી રહ્યો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદના દરિયાપિર વિધાનસભા મતવિસ્તારમાં ઘીકાંટા વિસ્તારમાં વિશાળ જાહેર સભાને સંબોધતા વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું કે કોંગ્રેસના શાસનમાં અમદાવાદ લતીફ જેવા દાણચોરોના કબ્જામાં હતુ, કોમી રમખાણોને આધીન હતુ, ભગવાન જગન્નાથની રથયાત્રા સુરક્ષિત ઘેરામાં કાઢવી પડતી હતી, નવરાત્રિ જેવા તહેવારોની ઉજવણી મુશ્કેલ કરી દેવામાં આવી હતી.જ્યારે ભાજપના શાસનમાં અમદાવાદ અમદાવાદીઓનું છે, કોમી રમખાણમુક્ત છે, બધે જ શાંતિ છે, ભગવાન જગન્નાથની



રથયાત્રા શાંતિથી નીકળે છે. નવરાત્રિ પર કોઈ પ્રતિબંધ નથી.

"જય શ્રી રામ" ના નારા સાથે ચૂંટણી સભાની શરૂઆત કરતા, સંઘવીએ દરિયાપુરના લોકોનો આભાર માન્યો. જૂના દિવસોને યાદ કરતા, સંઘવીએ કહ્યું કે કોંગ્રેસના શાસન દરમિયાન, શહેર "લતીફનું અમદાવાદ" તરીકે જાણીતું હતું. આક્રમક સુરક્ષા વાતાવરણ વિશે બોલતા, સંઘવીએ કહ્યું કે એક સમય હતો જ્યારે ભગવાન જગન્નાથની રથયાત્રા માટેના રથોને બુલેટપ્રૂફ બનાવવા પડતા હતા. આજે, ભાજપ સત્તામાં છે, અને કોઈની પાસે રથયાત્રા તરફ જોવાની પણ હિંમત નથી. અમે બધા "દાદાઓ" ઘરે લાવ્યા છીએ.હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, "દરિયાપુર માત્ર એક વિધાનસભા મતવિસ્તાર નથી, પરંતુ ઈતિહાસ અને સંસ્કૃતિનો સાક્ષી છે. આ એ જ ભૂમિ છે જ્યાં લોખંડી પુરુષ સરદાર પટેલે પોતાનું સામાજિક જીવન શરૂ કર્યું હતું અને નગરપાલિકા પ્રમુખ બન્યા હતા. અમારું લક્ષ્ય અહીંના મંદિરો, સંસ્કૃતિ અને વારસાનું જતન કરવાનું અને આધુનિકતા તરફ આગળ વધવાનું છે."

# PM પર વિવાદિત ટિપ્પણીથી ખડગે ઘેરાયા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી :પીએમ મોદી વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી બદલ ભાજપે ખડગે વિરુદ્ધ ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં કડક કાર્યવાહીની માંગણી કરવામાં આવી છે. ભાજપે ખડગે પાસેથી માફી માંગવાની અને ચૂંટણી પંચ પાસેથી આવી ભાષા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે કોંગ્રેસે સમગ્ર રાષ્ટ્રનું અપમાન કર્યું છે.ભાજપનું એક પ્રતિનિધિમંડળ બુધવારે ચૂંટણી પંચને મળ્યું હતું અને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. ભાજપે વડા પ્રધાન મોદીને "આતંકવાદી" કહેવાની તેમની ટિપ્પણી અંગે ચૂંટણી પંચમાં આ ફરિયાદ નોંધાવી હતી. આ સમગ્ર બાબત અંગે, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે તેઓ ચૂંટણી પંચને ખૂબ જ દુઃખ સાથે મળ્યા છે.રિજિજુએ જણાવ્યું હતું કે ખડગેએ પીએમ મોદીને "આતંકવાદી" કહ્યા હતા. કોંગ્રેસે સમગ્ર રાષ્ટ્રનું અપમાન કર્યું છે. આવું પહેલા ક્યારેય બન્યું નથી. કોંગ્રેસે સમગ્ર રાષ્ટ્રની માફી માંગવી જોઈએ. અમે ચૂંટણી પંચને વિનંતી કરી છે કે આવી ભાષાનો ઉપયોગ કરવાથી લોકશાહી નબળી પડશે. ખડગે સામે શક્ય તેટલી કડક કાર્યવાહી થવી જોઈએ. ખડગેએ દેશના લોકોની માફી માંગવી જોઈએ.

# રાજ્યમાં ૧૧ હજાર પ્રાથમિક શિક્ષકોની થશે ભરતી

નવીદિલ્હી : જોતમે શિક્ષક બનવાનું સ્વપ્ન જોઈ રહ્યા છો, તો તમારા માટે એક સારા સમાચાર છે. ગુજરાતમાં હજારો પ્રાથમિક શિક્ષકની જગ્યાઓ ખુલ્લી છે. આ ભરતી ઝુંબેશ ધોરણ ૧ થી ૫ માં ભણાવવા માટે ઉમેદવારોની પસંદગી કરશે. તેની અનોખી વિશેષતા એ છે કે તે સારા પગારવાળી સરકારી નોકરી માટે તક આપે છે. અરજી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, અને વધુ સમય બાકી નથી, તેથી રસ ધરાવતા ઉમેદવારોએ ઝડપથી અરજી કરવી જોઈએ. આ ભરતી ઝુંબેશ ય્જીઈજીઝ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. કુલ ૧૧,૦૦૦ જગ્યાઓ ભરવામાં આવશે. આ જગ્યાઓ પ્રાથમિક શિક્ષકો માટે છે, એટલે કે પસંદ કરાયેલા ઉમેદવારોએ ધોરણ ૧ થી ૫ માં બાળકોને ભણાવવાની જરૂર પડશે. અરજી પ્રક્રિયા ૧૫ એપ્રિલથી શરૂ થઈ હતી, જેની અંતિમ તારીખ ૨૪ એપ્રિલ નક્કી કરવામાં આવી હતી. ઉમેદવારો પાસે ખૂબ ઓછો સમય છે. આ ભરતી માટે અરજી કરવા માટે કેટલીક લાયકાતની આવશ્યકતાઓ છે. સૌ પ્રથમ, ઉમેદવારોએ ઈ-૧ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. વધુમાં, હ્વ.ઈન્ન.ઈદ્ઘ. અથવા સમકક્ષ ડિગ્રી ફરજિયાત છે. હ્વ.ઈન્ન.ઈદ્ઘ. ના અંતિમ વર્ષમાં પ્રવેશ મેળવનારા ઉમેદવારો પણ અરજી કરી શકે છે.

# જો કોઇ ઉશ્કેરવાનો પ્રયાસ કરશે તો છોડીશું નહીં :રાજનાથ સિંહ

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : રક્ષામંત્રી રાજનાથ સિંહે જર્મનીમાં પાકિસ્તાન અંગે મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે આપણા બધા પડોશીઓ સારા છે, ફક્ત એકમાં જ ગરબડ છે. તેમણે કહ્યું કે આ મારી જર્મનીની પહેલી મુલાકાત છે. અહીં રહેતા લોકો ભારત અને જર્મની વચ્ચેનો સેતુ છે. જો તમારી સાખ વધશે તો ભારતની પણ સાખ વધશે.

તેમણે કહ્યું કે આપણા બધા પડોશીઓ ઠીક છે, ફક્ત એક જ સમસ્યા છે. પહેલગામ હુમલાની પહેલી વર્ષગાંઠ પર રાજનાથ સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂરમાં જે ચમત્કાર થયો તેનો કોઈ ઉલ્લેખ કરવાની જરૂર નથી. આપણી લશ્કરી શક્તિ મજબૂત થઈ છે. ભારતે ક્યારેય કોઈ પર હુમલો કર્યો નથી. જો કોઈ પાડોશી આપણને ઉશ્કેરવાનો પ્રયાસ કરશે તો અમે તેને છોડીશું નહીં.

બર્લિનમાં ભારતીય સમુદાયને સંબોધતા સિંહે કહ્યું કે હું સાત કે આઠ વાર અમેરિકા ગયો છું. હકીકતમાં, ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા પછી હું બે વાર અમેરિકા ગયો છું. આ મારી જર્મનીની પહેલી મુલાકાત છે. અહીં રહેતા લોકો ભારત અને જર્મની વચ્ચેનો સેતુ છે. જો તમારી વિશ્વસનીયતા વધે તો ભારતની વિશ્વસનીયતા વધશે. ભારત અને જર્મની વચ્ચેનો સંબંધ ફક્ત લોકશાહી પૂરતો મર્યાદિત નથી.

# ટેરિફનું ૧૨ અબજ ડોલરનું રિફંડ ભારતીય નિકાસકારોએ અમેરિકન કંપનીઓ પાસેથી લેવું પડશે

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટેરિફને ગેરકાયદે ઠેરવ્યા પછી ૧૬૬ અબજ ડોલરના રિફંડની પ્રક્રિયા સોમવારથી શરૂ કરવામાં આવી છે. હવે તેમા ભારતીય નિકાસકારોને કુલ ૧૨ અબજ ડોલરનું રિફંડ લેવાનું નીકળે છે. આમ છતાં ભારતીય નિકાસકારો આ રિફંડ સીધુ ટ્રમ્પ તંત્ર પાસેથી નહીં મેળવી શકે, પરંતુ તેમણે અમેરિકન આયાતકારો પાસેથી રિફંડ મેળવવાનું રહેશે

ભારતના નિકાસકારોએ ટેરિફની ચૂકવણી કરી હોય તો તેમણે તેમના માટે આયાતકાર સમક્ષ રજૂઆત કરવાની રહેશે, એમ ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવના સૂત્રોએ જણાવ્યું હતું. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાગુ કરાયેલ વધારાના ટેરિફને અમેરિકાની સુપ્રીમ કોર્ટે રદ ઠેરવી વસૂલેલા ટેરિફનું રિફન્ડ આપવા આદેશ આપ્યો છે. એક અંદાજ પ્રમાણે અમેરિકન સરકારે ૧૬૬ અબજ ડોલર જેટલી રકમનું રિફન્ડ આપવાનું આવે છે.

અમેરિકાના ૩.૩૦ લાખ જેટલા આયાતકારો રિફન્ડ મેળવવા માટે પાત્ર હોવાનો અંદાજ મુકાઈ રહ્યો છે. આ રિફંડ પણ તાત્કાલિક નહીં મળે, તેને મળતા ૬૦થી ૯૦ દિવસ લાગશે. દિવસો વધી પણ શકે છે. વધારાના ટેરિફ મારફત અમેરિકાએ વસૂલેલા ૧૬૬ અબજ ડોલરમાંથી ૧૨ અબજ ડોલર જેટલા ટેરિફ ભારતના માલસામાન પર વસૂલવામાં આવ્યા છે. અમેરિકા ખાતે ભારતની થતી નિકાસમાંથી ૫૩ ટકા ખાસ કરીને એપરલ તથા ટેકસટાઈલ પર ઊંચા ટેરિફ નંખાયા હતા. ભારતના માલસામાન પર વસૂલાયેલા એકંદર ૧૨ અબજ ડોલરના ટેરિફમાં અંદજે ૪ અબજ ડોલર એપરલ તથા ટેકસટાઈલ પર વસૂલાયા છે. આ ઉપરાંત અન્જિનિયરિંગ માલસામાન પર પણ આટલી જ માત્રાની રકમ વસૂલવામાં આવી છે.

# પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારે રાપર ઈવીએમ સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી





ગાંધીધામ - કચ્છઉદય : આગામી ૨૬મી એપ્રિલના યોજાનાર જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે તંત્ર દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે, તે અન્વયે રાપર મોડર્ન સ્કૂલ ખાતે ઈવીએમ સ્ટ્રોંગ રૂમની મુલાકાત પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમાર, તાલુકા મામલતદાર એચ.બી. વાઘેલા, પોલીસ ઈન્સ્પેક્ટર આર.એલ. ખટાણા, નાયબ મામલતદાર વિશાલ માહેશ્વરી, ચુંટણી ફરજ પરના ડી.પી. રાઠોડ સહિતના પોલીસ તથા ચુંટણી ફરજ પરના સ્ટાફ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી.

**રાપર તાલુકાના જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ૧૯૯ મતદાન કેન્દ્ર માટે ઈવીએમ તથા સ્ટાફને મુકવાની તૈયારી પૂર્ણ : ૨૪ એસટી ફાળવવામા આવી**

મામલતદાર હસ્તે દશ તાલુકા પંચાયતની બેઠક, તાલુકા વિકાસ અધિકારી હસ્તેની ચૌદ બેઠક તથા ભચાઉ પ્રાંત અધિકારી હસ્તેની પાંચ જિલ્લા પંચાયતની બેઠક માટે ફાળવવામાં આવેલ તેના ૪૭૦ ઈવીએમ રાખવામા આવેલ સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી હતી.

જિલ્લા પોલીસવડાએ જણાવ્યું હતું કે ઈવીએમ સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ રૂમને કડક સુરક્ષા વચ્ચે રાખવામા આવેલ છે. મામલતદાર એચ.બી. વાઘેલાએ જણાવ્યું હતું કે, રાપર તાલુકાના જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ૧૯૯ મતદાન કેન્દ્ર માટે ઈવીએમ તથા સ્ટાફને મુકવા તથા મતદાન પૂર્ણ થયા બાદ આવવા જવા માટે ૨૪ એસટી ફાળવવામા આવી છે. ઉપરાંત ૨૪ ઝોનલ રૂટ બનાવવામા આવેલ છે, જે રાઉન્ડ ધ કલોક મતદાનના આંકડા આપતા રહેશે. ચુંટણી માટે ૧૨૫૦ જેટલો સ્ટાફ તૈનાત કરવામા આવ્યો હોવાનું જણાવ્યું હતું.

# પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારે હમીરપર મંદિર ચોરીનો મુદ્દામાલ અર્પણ કર્યો




ગાંધીધામ - કચ્છઉદય : થોડા સમય અગાઉ રાપર તાલુકાના હમીરપર ગામે મંદિર ચોરીનો બનાવ બન્યો હતો, જેનો ભેદ તત્કાલીન આડેસર પીઆઈ વી.એ. સેગલ તથા સ્ટાફ દ્વારા ઉકેલવામાં આવ્યો હતો, જે અંતર્ગત હમીરપર ખાતે પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમાર તથા આડેસર પીઆઈ જે.બી. આચાર્ય તથા ગામ લોકોની ઉપસ્થિતમા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત મંદિર ચોરીમા પોલીસ દ્વારા રિકવર કરવામા આવેલ મુદ્દામાલ અપર્ણ કરવામાં આવ્યો હતો. જે બદલ ગ્રામજનો અને આગેવાનો દ્વારા પોલીસની કામગીરીની

**ગ્રામજનો દ્વારા પોલીસની કામગીરીની સરાહના કરવાની સાથે પોલીસવડા અને સ્ટાફનું સન્માન કરાયું**

સરાહના કરવા સાથે પોલીસવડા સાગર બાગમાર અને પોલીસ કર્મચારીઓનું સન્માન કર્યું હતું.

મળતી માહિતી મુજબ આડેસર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. જેથી પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા પોલીસ ઈન્સપેક્ટર વી.એ. સેંગલને બાતમી મળી હતી કે, મોટી હમીરપર ગામે રાત્રી દરમ્યાન ખોડીયાર તેમજ રામદેવપીર જે મંદીર ચોરી થયેલ છે જે મંદીર ચોરીમાં વિરાસરવાંઢ પાંચાભાઈ વિભાભાઈ કોલી તથા ઉમૈયાના જાવેદ આદમભાઈ ઘાંચીએ કરેલ છે. અને તેઓ આડેસર ગામની સણવા ચોકડી પાસે મુદ્દામાલ લઈને ઉભેલ છે. મંદીર ચોરીનો મુદ્દામાલ રાધનપુર વેચવા જતા હોવાની બાતમીના આધારે આરોપીઓને પકડી લીધા હતા.

આરોપીઓ રાત્રી દરમ્યાન કોઈ ચોકકસ જગ્યાએ ભેગા થઈ જેમા આરોપી જાવેદ આદમભાઈ ઘાંચી જે મોબાઈલ ફોનનો જાણકાર હોઈ પોતાની પાસે રહેલ એન્ડ્રોઈડ મોબાઈલમાં ગુગલ મેપ મારફતે આજુબાજુ આવેલ મંદીરના લોકેશન ટ્રેસ કરીને આરોપીઓ રાત્રી દરમ્યાન પગે ચાલી મંદીરમાં પ્રવેશ કરી મંદીરમાં રાખેલ શ્રીફળ વધેરવાના લોખંડ અણીદાર ટુકડા વડે મંદીરનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી ચોરી કરતા હતા. આરોપીઓ પાસેથી ચાંદી નાના - મોટા છત્તર નંગ-૧૪ જેનુ વજન ૫૨૮ ગ્રામ કિ.રૂ- ૧,૧૦,૦૦૦ તેમજ ચાંદી જેવી ધાતુનો નાગ જેનુ વજન ૦૪.૦૦ કિ.ગ્રા જેની કી. રૂા ૧,૧૩,૦૦૦ મુદ્દામાલ કબજે કરવામાં આવ્યા હતા. જે મુદ્દામાલ જિલ્લા પોલીસ વડા સાગર બાગમારના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.

# ભુજમાં ખેતરપાળ-માતાજી મંદિરનો પ્રથમ પાટોત્સવ ઉજવાયો

નલિયા - કચ્છ ઉદય : ભુજના ખત્રી ચકલા વિસ્તારમાં બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના મચ્છર (દાંધવાણી) પરિવાર દ્વારા ખેતરપાળ દાદા તથા ફૂલણ માતાજી મંદિરના નવનિર્માણ બાદ પ્રથમ પાટોત્સવ ભવ્ય ધાર્મિક માહોલમાં ઉજવાયો હતો.

આ અવસરે હરેશભાઈ મચ્છર પરિવાર અને તુષારભાઈ મચ્છર પરિવારના હસ્તે વિધિ-વિધાન કરવામાં આવ્યા હતા, જ્યારે સમગ્ર ધાર્મિક કાર્યક્રમ જયેશભાઈ મહારાજના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. પાટોત્સવ દરમ્યાન હોમ-હવન સહિતની વૈદિક વિધિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

**બ્રહ્મક્ષત્રિય મચ્છર પરિવાર દ્વારા હોમ-હવન અને વૈદિક વિધિઓ સાથે પાટોત્સવ યોજાયો : કચ્છ સહિત વિવિધ વિસ્તારોમાંથી જ્ઞાતિજનોની મોટી ઉપસ્થિતિ**

કાર્યક્રમમાં અરુણભાઈ મચ્છર, જીતેન્દ્રભાઈ ખત્રી, કુંદનભાઈ મચ્છર, નરોત્તમ મચ્છર સહિત અગ્રણીઓ સાથે ભાવનાબેન મચ્છર, જયાબેન મચ્છર અને અન્ય જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. માંડવીથી કિશોરભાઈ મચ્છર, મુંબઈથી જીતુભાઈ મચ્છર તથા પ્રભુલાલ મચ્છર દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા પીયૂષ મચ્છર, શૈલેષ મચ્છર, જયંત મચ્છર, હર્ષદ મચ્છર અને જય મચ્છર સહિતના કાર્યકરોએ વિશેષ સહયોગ આપ્યો હતો. ગાંધીધામ, માંડવી અને નલિયા સહિતના વિસ્તારોમાંથી જ્ઞાતિજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મુખ્ય દાતા તરીકે કીર્તિ કિશોરભાઈ મચ્છર (માંડવી) રહ્યા હતા.

# કીડાણાના ચાર શખ્સોને તડીપાર કરાયા



ગાંધીધામ - કચ્છઉદય : ચૂંટણી અનુસંધાને ગાંધીધામ બી ડીવીઝન પોલીસ દ્વારા કીડાણા ગામના ચાર શખ્સોને તડીપાર કરવામાં આવ્યા છે.

જેમાં દાઉદ ઉર્ફે ડાવલો ઈબ્રાહીમ કટીઆ, ફીરોઝ ઉર્ફે ફીરીયો ઈબ્રાહીમ કટીઆ, સાહીલ ઉર્ફે પીએ ફરીદભાઈ શેખ અને ઈબ્રાહીમ ઉર્ફે અભરામ ઉર્ફે સેવરો હાજી ચાવડાને કચ્છ તેમજ મોરબી, સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યા હોવાનું પીઆઈ એસ. વી. ગોજીયાએ જણાવ્યું હતું.

# વોંધમાં ભત્રીજાએ જ મોટા બાપુની હત્યા કરી હોવાનું ખુલ્યું

ભચાઉ - કચ્છઉદય : અહીં વોંધ પુલીયા પાસે મફતપુરાના હરીદાસ ત્રિભોવનદાસ સાધુની હત્યા કરવામાં આવી હતી. આરોપી મુકેશ ઘનશ્યામદાસ સાધુએ પીસ્તોલથી ફાયરીંગ કરી મોત નિપજાવ્યું હતું. ફરીયાદીના ભાઈ હસમુખ સાધુને પણ મારવા માટે પાછળ દોડી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

આ ચકચારી બનાવમાં ભચાઉ પોલીસ મથકે ગુનો દાખલ થયા બાદ પોલીસે તાત્કાલિક કામગીરીને કરીને આરોપીને ઝડપી પુછપરછ



કરતા ગુનાની કબુલાત આપી હતી.

પારીવારીક મુદ્દે અવારનવાર ઝઘડો થતો જે મુદ્દે આ બનાવ બન્યો હોવાનું પોલીસમાં જણાવાયું હતું. મૃતક રોજ અહીં બેસવા માટે

**તલવાર વડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો પણ લાકડી આડે દેતા બંદુક વડે ફાયરીંગ કર્યું હતું**

આવતા હતા.

આરોપીએ પ્રથમ તલવારનો ઘા માર્યો પણ લાકડી આડી દેતા પીસ્તોલથી ફાયરીંગ કરી બનાવને અંજામ અપાયો હતો. ભચાઉ પોલીસે આ બનાવમાં વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીધામ ૪૦૦ ક્વાર્ટર વિસ્તારમાં ભાજપનો ડોર ટુ ડોર પ્રચાર પ્રારંભ

ગાંધીધામ - કચ્છઉદય : ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો અનિતાબેન દક્ષિણી, કમલેશભાઈ પરિયાની, મહેશભાઈ ગઢવી અને સપનાબેન બજાણીયા તથા વોર્ડ ૧૨ની ટીમ દ્વારા ૪૦૦ ક્વાર્ટર વિસ્તારમાં ડોર ટુ ડોર ચૂંટણી પ્રચારનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યકર્તાઓએ ઘરેઘરે જઈને મતદાતાઓ સાથે સંપર્ક સાધ્યો અને વિકાસના મુદ્દાઓને લઈ જનસમર્થન મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પ્રચારમાં ઉમેદવારોને લોકોનું સમર્થન મળી રહ્યું છે.




# ગાંધીધામ વોર્ડ ૧૨માં ભાજપનો ડોર ટુ ડોર પ્રચારનો પ્રારંભ

ગાંધીધામ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે દરેક પક્ષ સત્તા હાંસિલ કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. સમગ્ર કચ્છમાં ભાજપ દ્વારા ચૂંટણી પ્રચારને વેગવાન બનાવાયો છે ત્યારે ગાંધીધામમાં ભારતીય જનતા પાર્ટીના વોર્ડ નં. ૧૨ ના ઉમેદવારો અનિતાબેન દક્ષિણી, કમલેશભાઈ પરિયાની, મહેશભા ગઢવી અને સપનાબેન બજાણીયા અને ટીમ દ્વારા દેશના ગૌરવ સરદાર વલ્લભભાઈ પટેલ તથા ગાંધીધામના સ્થાપક ભાઈ પ્રતાપ દિયાલદાસની પ્રતિમાને હાર અર્પણ કરી ડોર ટુ ડોર ચૂંટણી પ્રચારનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કાર્યકર્તાઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો અને જનસમર્થન મેળવવા માટે પ્રચાર અભિયાન શરૂ કરાયું હતું.





# ભચાઉના મોથાળાવાંઢના શખ્સને હદપાર કરાયો

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ તાલુકાના મોથાળાવાંઢમાં રહેતા અલ્તાફ અબ્દુલ સમા સામે લાકડીયા પોલીસમાં ગુનો નોધાયેલા હતા, જેથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અનુસંધાને તેને બનાસકાંઠા, પાટણ, મોરબી અને સુરેન્દ્રનગર તેમજ કચ્છ જિલ્લામાંથી છ મહિના માટે હદપાર કરાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.



## વાંકીમાંપવનચક્કીમાંથી વાયરો તોડીને ૪.૫૦ લાખનું નુકશાન

ભુજ - કચ્છઉદય : મુંદરા તાલુકાના વાંકી ગામની સીમમાં આવેલી પવનચક્કીમાંથી ચોરી કરવામાં આવી હતી. પ્રાગપર પોલીસમાંથી મળતી વિગતો મુજબ અદાણી વીન્ડ એનર્જી કંપનીની પવનચક્કીનું કામ ચાલુ છે. અહીં ટ્રાન્સફોર્મરના પાર્ટસને નુકશાન પહોંચાડી વીજપોલમાં લગાવેલા ૪.૫૦ લાખના એલ્યુમીનીયમના વાયરો તોડીને નુકશાન પહોંચાડવામાં આવ્યું હતું. જેથી ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# નાગ્રેચામાં વીજલાઈનનો કરંટ લાગતા વૃદ્ધનું મોત

ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના નાગ્રેચા સીમ વિસ્તારમાં કરંટ લાગવાના કારણે વૃદ્ધનું મોત થયું હતું. આ બાબતે ગઢશીશા પોલીસમાંથી જાણવા મળતી વિગતો મુજબ હતભાગી ૬૦ વર્ષિય કાદર હાસમ માંજોઠી નાગ્રેચા ગામની સીમ વિસ્તારમાં બકરા ચરાવવા ગયા હતા, ત્યારે લીમડાના ઝાડ કાપવા માટે ઉપર ચડયા હતા.

લીમડા ઉપરથી પસાર થતી વીજલાઈનમાંથી ઈલેકટ્રીક શોક લાગતા સારવાર માટે ગઢશીશા સરકારી હોસ્પીટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે ગઢશીશા પોલીસે એડી દાખલ કરી છે.

**જંગીમાં યુવાન અને નગાવલાડીયામાં મહિલાએ ફાંસો ખાધો**

આ તરફ ભચાઉ તાલુકાના જંગી ગામે રહેતા ૨૩ વર્ષિય પ્રેમજીભાઈ વશરામભાઈ સોલંકીએ પોતાના મકાનમાં અગમ્ય કારણોસર ફાંસો ખાઈ લેતા મોત થયું હતું. જયારે અંજાર તાલુકાના નગા વલાડીયા ગામે ૪૬ વર્ષિય કંકુબેન જગદીશભાઈ મરંડે અગમ્ય કારણોસર ફાંસો ખાઈ જીંદગી ટુંકાવી હતી. બનાવ અંગે અંજાર પોલીસે એડી દાખલ કરી હતી.

# આદીપુરમાં પારીવારીક ડખ્ખો પોલીસ સ્ટેશને પહોંચ્યો

ગાંધીધામ - કચ્છઉદય : આદીપુરમાં પારીવારીક ડખ્ખો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. ફરીયાદી રાકેશભાઈ હુકમીચંદ સોનીના જણાવ્યા પ્રમાણે આરોપી જશવંત સોનીએ ફરીયાદીની બહેન સાથે લગ્ન કર્યા હોઈ લગ્ન બાદ તેઓનો મનમેળ ન રહેતા ફરીયાદીની બહેન તેમના ઘરે રહેતા હતા અને કેસ કરવામાં આવ્યા હતા. જે બાબતે મનદુઃખ રાખીને આરોપી ફરીયાદીના ઘર પાસેથી નિકળતા હોઈ નિકળવાની ના પાડતા ઝઘડો કરી મારામારી કરવામાં આવી હતી. જે અંગે જશવંત સોની, કૈલાસ સોની, રાજકુમાર સોની સામે આદીપુર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# આજે ભુજમાં હાટકેશ મંદિરે ઉજવાશે અંબિકા પાટોત્સવ

ભુજ - કચ્છ ઉદય : વડનગરા નાગર જ્ઞાતિ વ્યવસ્થાપક મંડળ દ્વારા મંદિર પરિસરમાં આજે કુળદેવી અંબિકા માતાજીનાં મંદિરનો પાટોત્સવ ઉજવવામાં આવશે. એ નિમિત્તે હવન, મહાઆરતી, અખિલ ભારતીય નાગર પરિષદ દ્વારા યોજાનાર રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં ભાગ લેનાર કલાકારોની રજૂઆત તેમજ અલ્પાહારનું આયોજન થયું છે. જે આવકારદાયક છે. એ સંદર્ભે જાણવું ગમશે કે માંડવીમાં ૨૦૧૬થી અંબિકા પાટોત્સવ ઉજવાય છે. મૂળ માંડવીના વતની સંપટ વનરાજભાઈ જીવણદાસ ભાટિયા પરિવારને પ્રેરણા થતાં એમના પરિવાર વતી સંદીપ ભાઈ ભાટિયાએ માંડવી હાટકેશ મંદિરના પુનરોધ્ધાર તેમજ નવી મૂર્તિઓ માટે તમામ ખર્ચ ફાળવ્યો અને મંદિર, સત્સંગ હોલ, અન્ય ઓરડા સહિત સમગ્ર સંકુલનું નવસર્જન કરાવી આપ્યું. (તા.૨/૫/૨૦૦૯.) પછી તા.૧૭/૨/૨૦૧૬ના માંડવી હાટકેશ મંદિરે અંબિકા પાટોત્સવ બહુ ધામધૂમથી ઉજવવમાં આવ્યો હતો. પહેલી વખત કચ્છની સમગ્ર નાગરી નાતને આમંત્રિત કરી હતી. પછીનાં વર્ષથી દર વર્ષે હવન, પૂજન, માંડવીની નાગરી નાતને સમૂહ ભોજન પ્રસાદી દ્વારા ભાટિયા પરિવાર ‘અંબાજી પાટોત્સવ’ ઉજવે છે. સ્થાનિકે દાતાના બહેન નિવૃત્ત શિક્ષિકા સ્નેહલતાબેન સંપટનો સહયોગ મળતો રહે છે. આમ ‘મન હોય તો માંડવી જવાય’ તે આનું નામ.

# કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અપાયા

ભુજ-કચ્છઉદય : કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા સેલ્ફ ડિફેન્સમાં તલવાર બાજીની તાલીમ આપવામાં આવી હતી જેના તાલીમાર્થીને પ્રમુખ દિલીપ આચાર્યના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ હતા. જેમાં સભ્યો ચંદુલાલ ગોર, મદન ભટ્ટ, કનૈયાલાલ અબોટી, ચંદ્રકાંત ધલ વિગેરે હાજર રહેલ હતા. જેમાં વિનોદ ગોર, પ્રતિક જોશી, ફાલ્ગુની રાજગોર, પ્રવીર ધોળકિયા, ઉષા દાવડા વગેરે સહયોગી રહેલ હતા. જે કાર્યક્રમનું સંચાલન જ્યોતિબેન ગોહિલના માર્ગદર્શનને આભાર સાથે યોજવામાં આવેલ હતું.

## જાયન્ટસ ગ્રુપ ભુજ દ્વારા પ્રોટીનયુક્ત પાવડર વિતરણ કરાયું




ભુજ-કચ્છઉદય : જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ દ્વારા વિવિધ સેવાકીય પ્રોજેક્ટ અંતર્ગત પ્રોજેક્ટ કલરવ હેઠળ મહિલા કલ્યાણ કેન્દ્ર ભુજ ખાતે ત્યજી દેવાયેલા નવજાત બાળકોને પોષણયુક્ત પ્રોટીન પાવડર સ્વ. મનહરલાલ કનૈયાલાલ મહેતા અને સ્વ. ઉષાબેન મનહરલાલ મહેતાના સ્મરણાર્થે તેમના પુત્ર રૂપેશ મનહરલાલ મહેતા (હાલે અમેરિકા) તરફથી અર્પણ કરવામાં આવ્યા હતા. આ પસંગે ભુજ ગ્રુપના પ્રમુખ અભિલાષ મહેતા, અબ્દુલ અઝીઝ ખોજા, પ્રદિપ કુમાર જોશી અને સંસ્થાના સંચાલક કોકીલાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા.

# કુકમામાં કોબ્રા સાપનું રેસ્કયું કરી સલામત રીતે પકડીને જંગલ છોડાયો

કુકમા - કચ્છ ઉદય : કુકમા વિસ્તારમાં સોનલકૃપા સોસાયટીમાં એક રહેવાસીના ઘરમાં ઝેરી નાગ (કોબ્રા) ઘુસી જતા વિસ્તારમાં દહેશત ફેલાઈ હતી. તાત્કાલિક સ્નેક રેસ્ક્યુ ટીમને જાણ કરવામાં આવતા ટીમ તરત જ સ્થળ પર પહોંચી હતી અને કુશળતાપૂર્વક કોબ્રાને પકડી કાચની બરણીમાં સુરક્ષિત રીતે બંધ કરી જંગલ વિસ્તારમાં મુક્ત કર્યો હતો.

રેસ્ક્યુ ટીમના સભ્યો રીઝવાનભાઈ, મલીકભાઈ, મુકેશ મારવાડા, પ્રતાપ વારસુર (અવધનગર), આસીફ નોતિયાર (ભુજ), મુસ્તાકભાઈ સુમરા (ભુજ) અને મુસ્તાક સમા (ભુજ) છેલ્લા ૮થી ૧૦ વર્ષથી નિઃશુલ્ક રીતે જીવદયા અને સાપ બચાવ કાર્યમાં સતત જોડાયેલા છે. ટીમના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં તેમણે ‘ઈન્ડિયન સ્પેક્ટેકલ કોબ્રા’, ‘કોમન ક્રેટ’ અને ‘રસેલ વાઈપર’ જેવા અનેક ઝેરી સાપોને સલામત રીતે પકડીને જંગલ વિસ્તારમાં છોડ્યા છે. વર્ષો દરમ્યાન હજારો સાપોને રેસ્ક્યુ કરીને માનવ અને પ્રકૃતિ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે.

**સોનલકૃપા સોસાયટીના ઘરમાં ઘુસેલા ઝેરી કોબ્રાને ટીમે જીવના જોખમે પકડી જંગલમાં છોડ્યો : વર્ષોથી નિઃશુલ્ક હજારો સાપનું રેસ્ક્યુ કરતું દળ**

ટીમનો મુખ્ય હેતુ સાપને નુકસાન થવાથી બચાવવાનો અને માનવ જીવનને સુરક્ષા આપવાનો છે. સાપ દેખાતા જ ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી તેને સુરક્ષિત રીતે પકડી જંગલમાં મુક્ત કરે છે. જરૂર પડ્યે ઘાયલ સાપની સારવાર પણ કરાવીને તેને મુક્ત કરવામાં આવે છે.

ટીમના એક સભ્યને અગાઉ રેસ્ક્યુ દરમિયાન સાપના દંશનો બનાવ પણ બન્યો હતો, પરંતુ સમયસર સારવાર મળતાં તેઓ સ્વસ્થ થયા હતા. ટીમે જણાવ્યું કે સમાજમાં સાપ અંગે ઘણી ગેરમાન્યતાઓ છે, જ્યારે તમામ સાપ ઝેરી નથી હોતા. લોકોને અપીલ કરવામાં આવી છે કે સાપ દેખાય ત્યારે તેને મારવાની જગ્યાએ તાત્કાલિક સ્નેક રેસ્ક્યુ ટીમને જાણ કરવી જોઈએ જેથી જીવદયાનું કાર્ય આગળ વધી શકે.

## મુંદરામાં મહિલા સાથે દુષ્કર્મ ગુજારાયો

મુંદરા - કચ્છઉદય : શહેરમાં આવેલી હોટલમાં મહિલાને લઈ જઈ તેની સાથે બળાત્કાર ગુજારવામાં આવતા મામલો પોલીસ સ્ટેશને ચડયો હતો.

આ બાબતે ભોગ બનનારે નોધાવેલી ફરિયાદ મુજબ આરોપી પ્રકાશભાઈ ચનાભાઈ મહેશ્વરીએ લાલચ આપી આ કૃત્ય ગુજારી બાદમાં કોઈને કહે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ગુનો દાખલ થતા પોલીસે તપાસ હાથ ધરી છે.

**::: જાહેર નોટીસ :::**

આથી અમારા અસીલ કુ. બ્રિજલ નરેન્દ્રકુમાર પલન, જાહેર નોટીસ આપી જાણ કરે છે કે તેઓની માલીકીના કચ્છ જીલ્લાના, ગાંધીધામ તાલુકાના, ગાંધીધામ શહેરમાં વોર્ડ નં. ૧૨/એ માં ધી સિન્ધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લી. ના ૯૯ વર્ષના પેટા ભાડા પટ્ટા હક્કેના વોર્ડ નં. ૧૨/બી માં આવેલ પ્લોટો પૈકીના પ્લોટ નં. ૧૭૨ વાળાની તા. ૧૬.૧૨.૧૯૫૮ ની અસલ કન્વેયન્સ-કમ-સબ-લીઝ ડીડ જે સબ-રજીસ્ટ્રાર ઘેરી, અંજારમાં રજી. નં. ૩૫૩, વોલ્યુમ નં.૪૫, પાના નં. ૧૮૦, બુક નં. ૧, તા. ૨૫.૦૪.૧૯૬૦ થી નોંધાયેલ છે તે અમારા અસીલથી ખોવાઈ ગયેલ છે. આ લીઝ ડીડ જો કોઈપણ વ્યક્તિને મળે તો નીચેના સરનામે આપી જવા નમ્ર વિનંતી છે. જેની સર્વેએ નોંધ લેવી.

ગાંધીધામ-કચ્છ
તા.: ૨૨/૦૪/૨૦૨૬

અમારા અસલ કુ. બ્રિજલ નરેન્દ્રકુમાર પલન ના સુચના મુજબ

અમારી મારફત
**સપના દેવ દાદલાણી** (એડવોકેટ એન્ડ નોટરી)
**શ્વેતા એન. રામનાણી** (એડવોકેટ એન્ડ નોટરી)
‘સપના ટાવર’, ન્યુ શોપ નં. ૨, ખન્ના માર્કેટ, ગાંધીધામ-કચ્છ
ફોન : ૯૩૭૫૩૨૪૫૦૮

**::: જાહેર ટેકો :::**



શ્રી નવીનભાઈ નારણભાઈ જરૂ | શ્રીમતી સતીબેન બધાભાઈ મ્યાત્રા | શ્રી વિશાલ ધર્મેન્દ્રભાઈ કરમા | શ્રીમતી હંસાબેન કરશનભાઈ ફુફલ

તારીખ ૨૦/૪/૨૦૨૬ ના રોજ કિડાણા ગામે સમસ્ત રબારી સમાજ સંગઠન ની બેઠકનું આયોજન કરવામાં આવેલ બેઠકમાં ગાંધીધામ મહા નગરપાલિકા વોર્ડ નંબર-૬ ના ઉમેદવાર શ્રી નવીનભાઈ જરૂ, શ્રીમતિ સતીબેન મ્યાત્રા, શ્રીમતી હંસાબેન ફુફલ અને વિશાલભાઈ સાથે વોર્ડ નંબર ૬ ની આવનાર ચૂંટણી માં પેનલ ટુ પેનલ મતદાન કરી સમાજનું સાથ અને સહયોગ માગ્યો હતો.

સમાજના આગેવાન મોટી સંખ્યામાં વડીલો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર રબારી સમાજ કિડાણા નો ગાંધીધામ મહા નગરપાલિકા ચૂંટણીમાં માં ભાજપ પક્ષ ના ઉમેદવારો ને કોઈ પણ લોભ કે લાલચ વગર જાહેર ટેકો આપેલ છે.

**સમસ્ત રબારી સમાજ સંગઠન કિડાણા**

## મતદારો દ્વારા ભ્રષ્ટાચાર મુકત ઉમેદવારોને જીતાડવાનો કોલ

# બારાતુ સીંગીયા નેતાની બલીહારી.: ગાંધીધામના વોર્ડ નં.૮માં પરીવર્તનની લહેર : કોંગ્રેસના શિક્ષિત ઉમેદવારો ભણી લોકમત

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ નગરપાલિકાની આગામી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે વોર્ડ નંબર ૮માં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના ઉમેદવાર અને પૂર્વ કાઉન્સિલર સમીપ જોશીએ કચ્છઉદય સાથેના એક ઈન્ટરવ્યૂ દરમિયાન ભાજપના છેલ્લા ત્રણ દાયકાના શાસન સામે રણશિંગુ ફૂંક્યું છે. તેમણે ગાંધીધામમાં પ્રાથમિક સુવિધાઓના અભાવ અને વધી રહેલા ભ્રષ્ટાચારને મુખ્ય મુદ્દો બનાવ્યો છે. શ્રી જોષીએ મતદારો સમક્ષ જાગૃતી આણતી સિલસિલવાર માહીતો આપતા જણાવ્યુ હતુ કે, ગાંધીધામની જનતાએ ભાજપને સતત ૩૦ વર્ષ આપ્યા, પરંતુ બદલામાં શું મળ્યું? પીવાનું શુદ્ધ પાણી, ગટરની વ્યવસ્થા, સારા રસ્તા અને સ્ટ્રીટ લાઈટ જેવી પાયાની જરૂરિયાતો માટે પણ આજે લોકો વલખાં મારી રહ્યા છે. ભાજપે કોઈ પણ આગોતરા પ્લાનિંગ વગર 'બુલડોઝર રાજ' ચલાવી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના ધંધા-રોજગાર છીનવી લીધા છે. શ્રી જોષીએ સ્પષ્ટ ટકોર કરતા કહ્યુ હતુ કે, જો જનતા અત્યારે જાગૃત નહીં થાય, તો ગાંધીધામ મહાનગરપાલિકાના આગામી ૯૦૦ કરોડના બજેટ પણ આ ભ્રષ્ટાચારી નેતાઓ ઓહિયાં કરી જશે.કેન્દ્ર સરકારની 'નલ સે જલ' યોજના અંગે આક્ષેપ કરતા જોશીએ ઉમેર્યું કે, "આ યોજના પ્રજાના હિત માટે હતી, પરંતુ ગાંધીધામના સત્તાધીશોએ તેને 'નલ સે ધન' યોજના બનાવીને ભ્રષ્ટાચાર આચર્યો છે. અગાઉ કયારે ખુદ પોતાના વોર્ડમાં ડોકાયા નથી, ભ્રષ્ટાચાર પુરજોશમાં ધમધમાવે રાખ્યો છે, તેવા ઉમેદવારોને વોર્ડ ૮ના કેટલાક વિસ્તારોમાથી તો જાકારો મળી જ રહ્યો છે, ખુલ્લીને તેનો વિરોધ થતો હોવાનુ પણ કહેવાઈ રહ્યુ છે, કેટલાક વિસ્તારોમાં તો મતદારોએ આવા ઉમેદવારને એન્ટ્રીબેન એટલે કે પ્રવેશ પ્રતિબંધ જ કહી દીધો હોય તેવો રોષ દેખાડી દીધો છે, હવે વોર્ડ આઠના બીજા જાગૃત મતદારો પણ આવા ચહેરાઓને ઓળખે અને તેમનો કિંમતી મત આવા ચહેરાઓને આપવાના બદલે સ્થાનિકેથી જ ટિકીટ અપાયેલા, સૌ સમાજ-સમુદાય-વર્ગ-જાતિજ્ઞાતિને સાથે લઈને ચાલનારા, સમાજ સેવાના કાર્યોને વરસોથી વરેલા, પ્રજાજનોની વચ્ચે સદાય ખડેપગે રહેતા કોંગ્રેસના ઉમેદવારોને એક તક આપી અને વોર્ડ આઠના સર્વાંગી વિકાસને નવો જ ઓપ આપવાનો અનુરોધ કર્યો હતો.

શ્રી જોષીએ પોતાની પેનલનો પરિચય આપતા જણાવ્યુ હતુ કે, વોર્ડ નંબર ૮ માં કોંગ્રેસદ્વારા ચાર સક્ષમ ઉમેદવારોની પેનલ ઉતારવામાં આવી છે. નિશાબેન રાઠોડઃ ઓબીસી સમુદાયમાંથી છે. સથવારા સમાજની દીકરી અને અનુભવી પૂર્વ કાઉન્સિલર છે. સદાય લોકોની વચ્ચે તેમના પ્રશ્નો-માળખાગત સુવિધાઓને લઈને જાગૃત રહેતા હોય છે. પૂજાબેન ગલાનીઃ સિંધી સમાજના શિક્ષિત અગ્રણી અને સેવાભાવી એનજીઓ કાર્યકર છે. આ ઉપરાંત પર્બતભાઈ કોચરા જગજીવન મહેશ્વરી સમાજના પ્રમુખ અને સક્રિય સમાજસેવક છે. અને તેમની સાથે સમીપ જોશીકે જેઓ NSUI અને યુથ કોંગ્રેસના માધ્યમથી છેલ્લા ૧૦ વર્ષથી જનતાના પ્રશ્નો માટે લડતા પૂર્વ શહેર પ્રમુખ તરીકે પણ યશસ્વી કામગીરી કરનાર લોકપ્રીય ચહેરો જ છે. આ તમામની ઉજળી છબી, લોકપ્રીયતા, તથા સેવાભાનાના સ્વભાવ અને કાર્યપ્રણાલીની વાત કરતા સમીપભાઈ જોશીએ કહ્યુ હતુ કે, અમારી પાસે ભાજપની જેમ ભવ્ય ઓફિસો નથી, અમારું કાર્યાલય જનતાના દિલમાં છે, તેમ કહેતા સમીપ જોશીએ મતદારોને ચેતવણી આપી હતી કે જો આ વખતે ફરીથી ભ્રષ્ટાચારીઓને મોકો આપશો તો આગામી પાંચ વર્ષ રડવાનો વારો આવશે. તેમણે વોર્ડ નંબર ૮ ના સર્વાંગી વિકાસ માટે પંજાના નિશાન પર મત આપી તેમની પેનલને વિજયી બનાવવા અપીલ કરી છે.



**નગરપાલિકામાં પૂર્વ કારોબારી ચેરમેનના સમયકાળમાં ચાલુ ટર્મના ઉમેદવાર સહિતના ભાજપનાઓએ આચરેલા ભ્રષ્ટ કૃત્યોને ધ્યાને લઈ અને હવે મતદારો આવા ભ્રષ્ટાચારીઓના હાથમાં મહાનગરપાલીકાનું લગભગ લગભગ ૯૦૦ કરોડનું અધધધ બજેટ નહી સોપવાનુ મન બનાવી બેઠા છે : કોંગ્રેસ પક્ષની શિક્ષિત અને સેવાભાવી પેનલને વોર્ડ ન. ૮ના તમામ વિસ્તાર, વર્ગ, સમુદાય, સમાજના લોકો આપી રહ્યા છે હરખભેર આવકાર : સમીપભાઈ જોષીનો હુંકાર**

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | | | | | 9 |
| 9 | | 2 | | 1 | | | | 5 |
| | | | 9 | | 7 | | 1 | |
| | 2 | | | 7 | 9 | 5 | | |
| | | 1 | | | | 2 | | |
| | | 4 | 2 | 6 | | | 9 | |
| | 4 | | 8 | | 3 | | | |
| 2 | | | | 4 | | 1 | | 7 |
| 5 | | | | | 1 | 8 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 | 6 |
| 4 | 6 | 5 | 1 | 9 | 7 | 8 | 3 | 2 |
| 7 | 3 | 2 | 6 | 8 | 5 | 4 | 1 | 9 |
| 3 | 7 | 4 | 9 | 6 | 1 | 5 | 2 | 8 |
| 8 | 1 | 6 | 7 | 5 | 2 | 9 | 4 | 3 |
| 2 | 5 | 9 | 8 | 4 | 3 | 1 | 6 | 7 |
| 5 | 4 | 7 | 3 | 2 | 8 | 6 | 9 | 1 |
| 6 | 2 | 1 | 4 | 7 | 9 | 3 | 8 | 5 |
| 9 | 8 | 3 | 5 | 1 | 6 | 2 | 7 | 4 |

## અવસાન નોંધ

**આદિપુર** : મૂળ ચંદિયાના ગિરધરભાઈ જેઠાભાઈ કાતરિયા (ઉ.વ. ૭૦) તે ગં.સ્વ. જયાબેનના પતિ, સ્વ. ભચીબેન જેઠાભાઈના પુત્ર, સ્વ. મનજીભાઈ હીરજીભાઈના જમાઈ, ગં.સ્વ. ગોદાવરીબેન, દેવજીભાઈ, જયાબેન, પરસોત્તમભાઈ, ગં.સ્વ. રસીલાબેન, રોહિતભાઈ, લાલજીભાઈ, જેઠાભાઈ, વેજીબેન ધનજીભાઈ, સ્વ. સાકરબેન જગમાલભાઈના ભાઈ, જ્યોતિબેન વિશાલ ભાઈ, આરતીબેન હિતેષભાઈ, જયશ્રીબેન કિશોર ભાઈના પિતા, ભારતીબેન ભાવેશભાઈ, દક્ષાબેન હિતેષભાઈ, નિશાબેન દિનેશભાઈ, મેઘીબેન વેલજીભાઈ કાપડીના કાકા, નીવ, વંશ, હર્ષિવ, પ્રગતિ, કાવ્યના દાદા તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૪ના ગુરૂવારે સવારે ૧૦થી ૧૧ વૃંદાવન વાડી, સોરઠિયા આહીર સમાજવાડી (જૂની), શિણાય ખાતે.

**નવી દુધઈ (તા. અંજાર)** : લુહાર હાજરાબેન આરબભાઈ (ઉ.વ. ૮૮) તે ફકીરમામદના માતા, ફહીમ, ફરહાનના દાદી, ઈમરાન ઈસ્માઈલ (મિરજાપર)ના સાસુ, મ. હારૂન, મ. અલીમામદ, ખમીશાભાઈ, અબ્દુલ, દુધઈ હારૂન અબ્દુલ્લા, જુસબ અબ્દુલ્લા, રમજુ અબ્દુલ્લા, યાકુબ અબ્દુલ્લા (સણોસરા)ના બહેન તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. વાયઝ - જિયારત તા. ૨૩-૪ના ગુરૂવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ મુસ્લિમ સમાજવાડી, નવી દુધઈ ખાતે.

**જંગી (તા. ભચાઉ)** : પ્રેમજીભાઈ તે વશરામભાઈ આલાભાઈ સોલંકી (તાલુકા પંચાયત સદસ્ય ભચાઉ)ના પુત્ર, આલાભાઈના પૌત્ર, સોલંકી મેઘજીભાઈ વજુભાઈ, સોલંકી હિરાભાઈ મેઘજીભાઈ, સોલંકી આલાભાઈ વજુભાઈ, સોલંકી વેલજી આલાભાઈના ભત્રીજા તા.૨૧/૪ના અવસાન પામ્યા છે. તેમનું તા.૨૩/૪ ના રોજ સવારે કાણ /લોકાઈ છે અને તા.૨૭/૪ ના સાંજે જાગપાટ જંગી મધ્યે.

**ભુજ** : પ્રજાપતિ મંજુલાબેન કાંતિભાઈ (ઉ.વ. ૬૫) તે સ્વ. કાંતિભાઈ દેવાભાઈ પ્રજાપતિ (મૂળ લાડોલ, તા. વિજાપુર, જિ. મહેસાણા હાલે ભુજ)ના પત્ની, ભાવેશના માતા, વર્ષાબેનના સાસુ, પ્રજાપતિ રાકેશ જગદીશભાઈ, પ્રજાપતિ પ્રકાશ જગદીશભાઈ, પ્રજાપતિ ડિમ્પલબેન પ્રકાશભાઈ, પ્રજાપતિ પારૂલબેન રાકેશભાઈના કાકી, પ્રજાપતિ જશોદાબેન જગદીશભાઈના જેઠાણી, આરોહી, રુદ્ર, હેત, વિહાન, પરિધી, દિયાંશના દાદી તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૩-૪ના સવારે ૮થી ૧૧ જલારામ મંદિર સામે, રઘુવંશીનગર, ભાનુશાલીનગર પાછળ, ભુજ ખાતે.


કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
**અવસાન નોંધ** માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.
સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ


**ભુજ** : હાલે કુકમા મહેશ્વરી જુમાભાઈ સિજુ (ઉ.વ. ૯૦) તે કરસનભાઈ (પ્રા. શિક્ષક શિવનગર શાળા નં. ૨૪-ભુજ)ના પિતા તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૪ના બુધવારે સાંજે ૫થી ૬ ત્ર્યંબકેશ્વર રાજગોર સમાજવાડી, સરપટ નાકા બહાર, નાગનાથ મંદિર પાસે, ભુજ ખાતે.

નોંધ : તરૂણસિંહ જાડેજાના મેલમાં આવેલી અવસાનનોંધ છે (ક.મ. છે)

**વરંડી મોટી (તા. અબડાસા)** : જાડેજા અમૃતસિંહ (મુન્નાભાઈ એસ.આર.પી.) (ઉ.વ. ૪૬) તે જાડેજા મેરામણજી હિંમતસિંહના પુત્ર, જાડેજા સુરેન્દ્રસિંહ, સ્વ. ઘનશ્યામસિંહ, સ્વ. વિક્રમસિંહના ભત્રીજા, જગદીશસિંહ, રવિરાજસિંહ, જયવીરસિંહ, વિશ્વરાજસિંહ, ભૂપેન્દ્રસિંહ, હાર્દિકસિંહના ભાઈ, ભાગ્યરાજસિંહના પિતા તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૩-૪ના ગુરૂવારે સવારે ૯થી સાંજે ૫ સુધી.

**સમાઘોઘા (તા. મુંદરા)** : અજિતસિંહ ખેંગારજી જાડેજા (ઉ.વ. ૭૫) તે ભગવતસિંહ, ધર્મેન્દ્રસિંહના ભાઈ, વીરેન્દ્રસિંહ, અનિરૂદ્ધસિંહના કાકા, હિતેન્દ્રસિંહ, રાજેન્દ્રસિંહના મોટાબાપુ, વિજયસિંહ (પૂર્વ સરપંચ - સમાઘોઘા), મહાવીરસિંહ (ઉપપ્રમુખ, મુંદરા તાલુકા ભાજપ)ના પિતા, શક્તિસિંહ, યશપાલસિંહ, પ્રિતપાલસિંહ, ધ્રુવરાજસિંહ, દક્ષરાજસિંહના દાદા તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૨૦ તથા ૨૧-૪ના નિવાસસ્થાને તથા તા. ૨૨થી ૨૪-૪ દરબારગઢ ડેલી, સમાઘોઘા (તા. મુંદરા) ખાતે.

**જિયાપાર (તા.નખત્રાણા)** : ગંગાબેન ચોપડા (ઉ.વ. ૬૩) તે ગંગારામભાઈના પત્ની, ધનસુખ, રિંકલ બેન મુકેશ છાભૈયા (આણંદપર)ના માતા, જેન્તીભાઈ, સ્વ. શાંતિભાઈના નાના ભાઈના પત્ની, પ્રવીણાબેન, મુકેશભાઈ છાભૈયાના સાસુ, લાલજીભાઈ વાલજી રામજિયાણી (દરશડી)ના પુત્રી તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૪ના ગુરૂવારે સવારે ૮થી ૧૧ લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજવાડી, જિયાપર (નારાયણનગર) ખાતે.

**કોટડા-જ. (તા. નખત્રાણા)** : કચ્છી સારસ્વત બ્રાહ્મણ જોષી રાજેશ મહેશભાઈ (નિવૃત્ત એસ.ટી. ડ્રાઈવર) (ઉ.વ. ૫૯) તે સ્વ. સાકરબેન મોરારજીના પૌત્ર, ગં.સ્વ. મંજુલાબેન મહેશભાઈના પુત્ર, આશાબેનના પતિ, સ્વ. દેવેન્દ્રભાઈ, સ્વ. પ્રભાશંકર, ભાવેશભાઈ, સ્વ. પદ્મકાંત, સ્વ. ઈન્દુબેન (સાંયરા)ના ભત્રીજા, પ્રવીણભાઈ (પોસ્ટ ઓફિસ), હસ્તા જયેશકુમાર હરિયામાણેક (વરલી), ઉષા નીલેશકુમાર ટેવાણી (માંડવી)ના ભાઈ, આશાબેન (પૂજા)ના જેઠ, કિંજલબેન, સ્વ. સ્મિતભાઈ, વિવેકભાઈના પિતા, જીત, ઈશિતાના મોટાબાપા, વિવેકકુમાર (મુંબઈ)ના સસરા, સ્વ. કાંતાબેન વિઠ્ઠલદાસ રત્નેશ્વર (મંજલ)ના જમાઈ, સ્વ. અરવિંદભાઈ, છગનભાઈ, સ્વ. અનસૂયાબેન, સ્વ. શારદાબેનના બનેવી, સ્વ. બચુબેન ચાગપાર રત્નેશ્વર (ના.સરોવર)ના દોહિત્ર, જગદીશ, પ્રફુલ, નીલેશ, સુભાષ, અશ્વિન, નિર્મલ, દીપક, ભરત, રાજન, પ્રકાશ, ભાવિકના ભાઈ, દીપ, ખુશાલ, મિત, શિવાંગ, કૃપાલીના મામા, ધ્યાનના નાના તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૪ના ગુરૂવારે સાંજે ૪થી ૫ પંચકલ્યાણ વાડી, દરિયાસ્થાન શેરી, કોટડા-જ. ખાતે.

## ઈનર વ્હીલ કલબ ઓફ ગાંધીધામ દ્વારા ૨૫૦ મેમોગ્રાફી અને સોનોગ્રાફી તપાસ પૂર્ણ



ગાંધીધામ : ઈનર વ્હીલ કલબ ઓફ ગાંધીધામ ઈનફિનિટી દ્વારા શ્રી રામ કૃષ્ણ ટ્રસ્ટના સહયોગથી મહિલાઓના આરોગ્યને ધ્યાનમાં રાખી એક મહત્વપૂર્ણ આરોગ્ય પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. કલબ દ્વારા કુલ ૨૫૦ મેમોગ્રાફી અને સોનોગ્રાફી તપાસો કરવામાં આવી, જેનો મુખ્ય હેતુ સ્તન કેન્સર અંગે જાગૃતિ ફેલાવવાનો અને સમયસર નિદાનને પ્રોત્સાહન આપવાનો હતો. આ પહેલ દ્વારા અનેક મહિલાઓને આરોગ્ય ચકાસણીની સુવિધા મળી અને તેમને સ્તન કેન્સર અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રોજેક્ટ સ્ત્રીઓના આરોગ્ય માટે એક મહત્વપૂર્ણ અને અસરકારક પગલું સાબિત થયો છે.આ સફળ આયોજન માટે ઈનર વ્હીલ કલબ ઓફ ગાંધીધામ ઈનફિનિટી તરફથી શ્રી રામ કૃષ્ણ ટ્રસ્ટ, પ્રાર્થના ડાયગ્નોસ્ટિક સેન્ટર અને પૂજા ઠાકરનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે, જેમણે આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે અમૂલ્ય સહયોગ આપ્યો.

કલબ ભવિષ્યમાં પણ આવી સમાજસેવી પ્રવૃત્તિઓ દ્વારા લોકોના આરોગ્ય અને કલ્યાણ માટે સતત પ્રયત્નશીલ રહેશે.

## માંડવીની શ્રી ગોકુલ આર્ટસ કોલેજ ખાતે પરીક્ષાર્થીઓનું ઉમળકાભેર સ્વાગત : મોઢું મીઠું કરાવી પેન અર્પણ કરાઈ



માંડવી : માંડવી સ્થિત શ્રી ગોકુલ આર્ટસ કોલેજ મધ્યે તાજેતરમાં શૈક્ષણિક સૌહાર્દભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. કચ્છ યુનિવર્સિટી દ્વારા આયોજિત બી.એ. ની પરીક્ષાના પ્રારંભે કોલેજ વહીવટી તંત્ર દ્વારા પરીક્ષાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે એક વિશેષ અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.પરીક્ષા આપવા આવેલા તમામ વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારવા અને તેમને ભયમુક્ત વાતાવરણ પૂરું પાડવાના હેતુથી કોલેજ પરિવાર દ્વારા દરેક વિદ્યાર્થીનું મોઢું મીઠું કરાવી અને શુભેચ્છા પ્રતીક રૂપે બોલપેન આપીને કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કોલેજના સ્થાપક ટ્રસ્ટી શ્રી કૌશિકભાઈ ગોકુલ ગાંધી અને ટ્રસ્ટી ભાવનાબેન ગોકુલ ગાંધીએ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે આશીર્વાદ પાઠવ્યા હતા. તેમની સાથે કોલેજના ડાયરેક્ટર પ્રવીણ પોપટ, પ્રા. દર્શનભાઈ રાજગોર તેમજ કચ્છ યુનિવર્સિટી વતી ઓબ્ઝર્વર તરીકે હાજર રહેલ તિતિક્ષાબેન ઠક્કરે પણ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજ સ્ટાફના અલકિશાબેન ચાકી, નેહલબેન ગિલાતર, સુમિતભાઈ દરજી તથા સિકંદર ભડાલા ભૈયાએ જહેમત ઉઠાવી હતી. મહાનુભાવો દ્વારા શુભેચ્છાઓ મેળવીને પરીક્ષાર્થીઓએ પણ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

## ચૂંટણી પહેલા ભાજપની તાબડતોબ તૈયારી : ગાંધીધામમાં અગત્યની બેઠક યોજાઈ : આખરી ઓપ અપાયો



ગાંધીધામ : ગાંધીધામ મહાનગર ભાજપ કાર્યાલય ખાતે આજે ચૂંટણી લક્ષી અગત્યની બેઠક યોજાઈ હતી. શહેરમાં નજીક આવી રહેલી મનપા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠનને વધુ મજબૂત બનાવવા અને બાકી રહેલી કામગીરી પૂર્ણ કરવા આ બેઠક મહત્વપૂર્ણ ગણાઈ રહી છે.

આ બેઠકમાં અપેક્ષિત વોર્ડ ઈન્ચાર્જ, મંડળના પદાધિકારીઓ, શક્તિ કેન્દ્ર સંયોજકો, મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ તેમજ વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન વોર્ડ મુજબ બાકી રહેલી કામગીરી, પ્રચારની સ્થિતિ અને અંતિમ દિવસોની રણનીતિ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, જિલ્લા મહામંત્રી ધવલભાઈ આચાર્ય, મોમાયાભા ગઢવી, મધુકાંત શાહ, બાબુભાઈ ગુજરીયા તથા દેવેન્દ્રસિંહ જાડેજા સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

ટીમ ગાંધીધામ મહાનગર ભાજપ દ્વારા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હોવાનું જણાયું છે અને તમામ કાર્યકર્તાઓને અંતિમ તબક્કામાં વધુ સક્રિય બનવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

## મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન મોથારાના રમણીકલાલ દામજી સાવલા (ઉં. વ. ૭૭) તા. ૧૮-૪ના અવસાન પામેલ છે. દેવકાબેન દામજીના પુત્ર. વિજયાબેનના પતિ. ધીરેન (રાજુ)ના પિતા. ચંદ્રકાંત, જયંતિ, રમેશ, નરેન્દ્રના ભાઈ. લક્ષ્મીબેન હીરજીના જમાઈ. પ્રા. શ્રી.વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫:૩૦.

મોટી રાયણના ટેકચંદ ખીમજી ગડા (ઉં. વ. ૭૭) તા. ૨૦-૪ના અવસાન પામેલ છે. કંકુબાઈ ખીમજી શામજીના પુત્ર. મણીબેનના પતિ. નીપા, નીરાલીના પિતા. કલ્યાણજી, લક્ષ્મી, વિમળાના ભાઈ. કોડાયના પુરબાઈ જેઠાલાલ દેરાજના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. : મણીબેન ટેકચંદ, જી-૨, હરીદ્વાર બિલ્ડીંગ, એવરશાઈન નગર, મલાડ.

## કચ્છ નોંધ

**લોહાણા મહાજન**

● તા.૨૩-૪ને ગુરૂવારના રોજ સુવર્ણપ્રાસના ટીપાં શેઠ નાનજી સુંદરજી સેજપાલ ભીવંડીવાલા નવી લોહાણા મહાજનવાડી ખાતે સાંજે ૬ થી ૭.૩૦ સુધી આપવામાં આવશે. કાર્ડ ફરજિયાત લઈ આવવાનો રહેશે.

## રત્નકણિકા

**સાચો સંતોષ એ જ ખરો ત્યાગ છે.- સ્વામી રામતીર્થ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. આદર-૧૩૯૫, મુ. જિલ્કાદ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, વૈશાખ સુદ-૬ શ્રી રામાનુજાચાર્યજી જયંતિ તા.૨૨ એપ્રિલ ૨૦૨૬, બુધવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૪, આર્દ્રા નક્ષત્ર, શુકર્મા યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૨૬, સૂ.અ.૭:૧૩

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

- **મેષ** : નવિન આયોજન માટે વિશેષ મહેનત જરૂરી બને. ગુપ્ત ચિંતા સતાવે.
- **વૃષભ** : વાણી સંયમ જાળવવો હિતાવહ. અટકેલા કાર્યમાં પ્રગતિ થાય.
- **મિથુન** : સફળતા માટે વધુ પરિશ્રમ જરૂરી બને. આર્થિક સમસ્યા રહે.
- **કર્ક** : પારિવારીક જીવનમાં આનંદ રહે. નવિન કાર્યમાં સફળતા મળે.
- **સિંહ** : લોટરી, શેર-સટ્ટામાં સાવધાની રાખવી. આકસ્મીક પ્રવાસના યોગ બને.
- **કન્યા** : સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં લાભ.
- **તુલા** : મિત્રો સાથે મતભેદ થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
- **વૃશ્ચિક** : વેપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે. મહેનતનું શુભ ફળ મળે.
- **ધન** : ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.
- **મકર** : મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
- **કુંભ** : વ્યર્થ ભાગ-દોડના ભોગ બનવું પડે. ખર્ચનો પ્રસંગ બને.
- **મીન** : શારીરિક અસ્વસ્થતા અનુભવાય. નવિન ખરીદી થાય.

# આદિપુરના વોર્ડ નં. ૦૩ માં ભાજપના ચૂંટણી કાર્યાલયનું ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના હસ્તે ભવ્ય ઉદ્ઘાટન સંપન્ન









તસવીર : યોગેશ લીંબાચીયા


આદિપુર: ગાંધીધામ મહાનગરપાલિકાની આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને ભારતીય જનતા પાર્ટી દ્વારા વોર્ડ નંબર ૦૩ માં પ્રચાર કાર્યાલયનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આદિપુરના સંતોષી માતા મંદિર પાસે યોજાયેલા આ પ્રસંગે ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિધિવત રીતે રીબન કાપી કાર્યાલયનું ઉદ્ઘાટન કરી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરાવ્યા હતા. આ તકે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારના વિકાસકાર્યોને જન-જન સુધી પહોંચાડવા માટે આ કાર્યાલય મહત્વનું કેન્દ્ર બની રહેશે અને આગામી ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય નિશ્ચિત છે.આ ઉદ્ઘાટન સમારંભમાં વોર્ડના તમામ મતદાતાઓ, વ્યાપારી મિત્રો, વિવિધ સોસાયટીઓ અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ વડીલો, માતાઓ અને બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન "જનસમર્થન ભાજપને – વિકાસને" ના નારા સાથે સમગ્ર વાતાવરણ દેશભક્તિ અને ઉત્સાહના રંગે રંગાયું હતું. જિલ્લા અને તાલુકા ભાજપના હોદ્દેદારોએ પણ ઉપસ્થિત રહીને કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને બૂથ સ્તર સુધીની તૈયારીઓ અંગે ચર્ચા કરી હતી.

આ અવસરે વોર્ડ નં. ૦૩ ના ઉમેદવારોનું પણ ઉષ્માભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું. જેમાં બિનહરીફ વિજેતા જાહેર થયેલા જ્યોતિબેન દિનેશભાઈ માલી તેમજ ચૂંટણી લડી રહેલા ઉમેદવારો ચાંદનીબેન નીરજભાઈ કિપલાણી, રામ હીરાલાલ માતંગ અને વિજયસિંહ પ્રતાપસિંહ જાડેજાનો સમાવેશ થાય છે. ઉપસ્થિત તમામ આગેવાનોએ આ ઉમેદવારોને જંગી મતોથી વિજયી બનાવવા માટે સહુને અપીલ કરી હતી. કાર્યક્રમના અંતે મોટી સંખ્યામાં ઉમટી પડેલા જનમેદનીએ ભાજપના ઉમેદવારો પર પોતાનો વિશ્વાસ વ્યક્ત કરી જીતનો સંકલ્પ દોહરાવ્યો હતો.આ પ્રસંગે ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, ચૂંટણી ઈન્ચાર્જ મોમાયાભા ગઢવી, દેવેન્દ્રસિંહ જાડેજા,પરમાનંદ ક્રિપલાણી, દિનેશભાઈ માલી,પુનિતભાઈ દુધરેજીયા, નરેન્દ્રસિંહ રાણા, પ્રકાશભાઈ મારાજ, જે.પી. મહેશ્વરી, શશી ભાઈ ધનવાની, જખ્ખાભાઈ હુંબલ, શંભુભાઈ મયાત્રા, પન્નાબેન જોશી, સુજાનસિંહ જાડેજા, સંદીપભાઈ શાહ, મનીષભાઈ મજેઠીયા, ધરમશી સોરઠીયા,જયંતીભાઈ સોરઠીયા, બંગાલી રાજપૂત, સુમિત હરસંઘાણી, પ્રતાપ સિંહ જાડેજા, પ્રકાશભાઈ શેરૂ, રાજેશભાઈ ભભાણી, ભારતીબેન જાડેજા, વૈભવીબેન ગોર, ગીતાબેન સાદીયા, સાહીલ લાલચંદાણી, અંકિત લાલચંદાણી, કનૈયાલાલ બસીતા, આશિષ પાંડે, યશપાલસિંહ જાડેજા, યશદીપસિંહ જાડેજા, માલી સમાજના છગનભાઈ સોલંકી, રતિલાલ સોલંકી, નાગજીભાઈ માલી, તુલસીભાઈ માલી, નાનજીભાઈ માલી, રાજેશભાઈ ચૌહાણ, જીતેન્દ્રભાઈ ખેતશી, મનોજભાઈ માલી, પરેશભાઈ માલી, હરેશભાઈ માલી, અરવિંદભાઈ માલી, પરસોત્તમભાઈ માલી, હરેશભાઈ માલી, માવજીભાઈ સોલંકી, માવજીભાઈ સીસોદીયા, હસમુખભાઈ સોલંકી, દિનેશભાઈ હરિ, ઈશ્વર પરમાર, સતિષભાઈ પરમાર, નરેન્દ્ર સીસોદીયા, મનોજભાઈ ચૌહાણ, બાબુભાઈ સોલંકી, નિલેશભાઈ પરમાર, ગોકળ સોલંકી, વાલજીભાઈ માનાણી ક્ષત્રીય સમાજના વિ સી ઝાલા, દિલીપસિંહ ઝાલા, જસુભાઈ ઝાલા, જયુભા ગોહિલ, ભગીરથસિંહ સોઢા, બી ટી જાડેજા, મોહનસિંહ રાણા, શક્તિસિંહ જાડેજા, હિંમતસિંહ જાડેજા, વિનુભા જાડેજા, દિલીપસિંહ જેઠવા, મનહરસિંહ જાડેજા,દેવદીપ સિંહ જાડેજા, મનુભા ભાટી, મયુરસિંહ રાણા, પ્રવિણસિંહ પરમાર, પ્રશાંતસિંહ ઝાલા, ગજુભા ઝાલા, ઈન્દ્રસિંહ ઝાલા, સુરૂભા ઝાલા સિંધી સમાજના ભરત કેશવાણી, રામભાઈ ક્રિપલાની, લલિતભાઈ ક્રિપલાની, મહેશભાઈ ક્રિપલાની, મહેશ ભાઈ ક્રિપલાની, મનોજભાઈ ખેમનાની, હીરાલાલ તોલાણી,રામભાઈ તોલાણી, યોગેશ દવે, અશોકભાઈ માખીઝાની, રામસિંઘાણી સાહેબ, મોહિતભાઈ નાવાની, નિર્મલ નાવાની, ટીશા ક્રિપલાની, સોહાના ક્રિપલાની, આશા કેશવાણી, આહીર સમાજના શભુભાઈ મયાત્રા, રીતેશભાઈ આહીર, ભાવેશભાઈ આહીર, દીપભાઈ આહીર મહેશ્વરી સમાજના પુનમભાઈ ડુંગરિયા, નારણભાઈ દેવરિયા, હરિભાઈ માતંગ, વિજયભાઈ માતંગ સહિતનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોથાળા જિ.પં.ઉમેદવાર કમા સુરા રબારી માટે પ્રદેશ ભાજપના અગ્રણીઓએ કર્યો પ્રચાર


ખારૂઆ

બાલાચોડ

સગુઆરા

મોથાળા

**પ્રદેશ ભાજપ મંત્રી ડો.સંજય દેસાઈ અને અરજણભાઈ રબારીએ જી.પં. અને તાલુકા પંચાયતમાં કમળ ખીલવવા કરી અપીલ : તાલુકા પંચાયત નરેડી સીટના ઉમેદવાર પરેશસિંહ બનુભા જાડેજા, મોથાળા સીટના કનૈયાગર નારાણગર ગોસ્વામી સાથે અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત**

નલિયા : પ્રદેશ ભાજપના અગ્રણીઓએ મોથાળા જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ઉમેદવારોના પ્રચારાર્થે અબડાસાના પ્રવાસ કર્યો હતો.

પ્રદેશ ભાજપ મંત્રી ડો. સંજયભાઈ દેસાઈ અને અગ્રણી અરજણભાઈ રબારીએ મોથાળા જીલ્લા પંચાયત ઉમેદવાર કમા સુરા રબારી, નરેડી તા.પં.ઉમેદવાર પરેશસિંહ બનુભા જાડેજા, મોથાળા તા.પં.ઉમેદવાર કનૈયાગર નારાણગર ગોસ્વામી માટે પ્રચાર કર્યો હતો.

પ્રદેશ ભાજપના મંત્રી ડો.સંજયભાઈ દેસાઈએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ડબલ એન્જીન સરકાર દ્વારા જનકલ્યાણના કાર્યો થઈ રહ્યા છે ત્યારે આ વખતે સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીઓમાં દરેક જીલ્લામાં ભાજપ તરફી નજજુવાઈ જોવામાં આવી રહ્યો છે તેમ જણાવી કચ્છમાં પણ જીલ્લા પંચાયત સાથે તમામ તાલુકા પંચાયતોમાં ભાજપની સત્તા આવશે તેવું જણાવ્યું હતું.

કચ્છના પીઢ અગ્રણી અરજણભાઈ રબારીએ કમાભાઈ રબારી જેવા નિષ્ઠાવાન અને પાયાના કાર્યકરને ભાજપે મોથાળા જીલ્લા પંચાયતમાં ટીકીટ આપી છે ત્યારે તેમને જીતાડવા કાર્યકરોને તનતોડ મહેનત કરવા અપીલ કરી હતી.સાથે તાલુકા પંચાયત નરેડીના ઉમેદવાર પરેશસિંહ બનુભા જાડેજા, મોથાળાના ઉમેદવાર કનૈયાગર નારાણગર ગોસ્વામી તથા અન્ય ભાજપના ઉમેદવારોને જીતાડી આ વિસ્તારમાં કમળ ખીલવવા અપીલ કરી હતી.

પ્રવાસમાં તેમની સાથ જેમલભાઈ રબારી, રબારી સમાજના વિવિધ તાલુકાના અગ્રણીઓ, વિક્રમસિંહ જાડેજા, ગીરીરાજસિંહ જાડેજા, કિશોરભાઈ ઠક્કર, મોથાળા સરપંચ વિનેક ડાભી, બાલાચોડના અનીલભાઈ ભાનુશાલી, પિયુષભાઈ ભાનુશાલી, તાલુકા અનુ. જાતિ મોરચાના પ્રમુખ ગાંગજીભાઈ ભરાડીયા, એટીવીટી સભ્ય સોઢાભાઈ, શંભુભાઈ ભાનુશાલી, નથુભાઈ રબારી સહિત વિવિધ ગામના અને સમાજોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોથાળા જી.પં.સભ્ય છેલ્લા ઘણાં સમયથી ભાજપની પરંપરાગત બેઠક રહી છે ત્યારે આ વખતે પણ જંગી લીડ સાથે આ સીટ પર કમળ ખીલશે તેવો અગ્રણીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# સુથરી ખાતે ભાજપના ઉમેદવારોના પ્રચારાર્થે વિશાળ જન સમર્થન સભા યોજાઈ





નલિયા : સુથરી મધ્યે ભાજપના ઉમેદવારોના પ્રચારાર્થે વિશાળ જન સમર્થન સભા યોજાઈ હતી.

સુથરી ખાતે ભાજપના નલીયા જીલ્લા પંચાયત ઉમેદવાર મહાવીરસિંહ જાડેજા અને સુથરી તાલુકા પંચાયત સીટના ઉમેદવાર તૌશીફ મામદ સંઘના પ્રચારાર્થે વિશાળ જન સમર્થન સભા યોજાઈ હતી.આ પ્રસંગે જી.પં.નલીયા ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાએ રાજ્ય સરકાર દ્વારા સતત સક્રિય ધારાસભ્ય પી.એમ.જાડેજાના પ્રયાસોથી તાલુકામાં વિકાસ કામોની વણઝાર છે તેનો લાભ છેવાડાના અબડાસા તાલુકાને મળી રહ્યો છે.

સમાજના છેવાડાના અને નબળા વર્ગ કલ્યાણ માટે અનાજ યોજના, આયુષ્યમાન કાર્ડ દ્વારા રૂા.૧૦ લાખની સારવાર, ખેડુતોની યોજનાઓ સહિતની યાદ અપાવી આ વખતે નાગરીકો ભાજપના કામને જોઈ રહ્યા છે અને સમર્થન આપી રહ્યા છે તેમ જણાવી ગામે-ગામ મળી રહેલા આવકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સુથરીમાં તૌશીફ સંઘાર જેવા શીક્ષીત ઉમેદવારને તક મળી છે તેમને ચુંટવા તેમણે અપીલ કરી હતી.

સભામાં નરેન્દ્રસિંહ જાડેજા, તાલુકા યુવા ભાજપ પ્રમુખ હર્ષરાજસિંહ જાડેજા, આમદભાઈ સંઘાર, મામદભાઈ સંઘાર તથા સુથરી તથા તેની આજુબાજુના ગામોના નાગરીકો અને અગ્રણીઓ, સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.તાલુકા ભાજપ મહામંત્રી ગોપાલભાઈ ગઢવી, વિનયભાઈ રાવલ સહીતના ઉપસ્થિત રહ્યા હતા.

# દુશ્મનોને સીધી ચેતવણી : ભુજમાં ભારતીય સેનાનું શક્તિ પ્રદર્શન

**જળ અને જમીન પર સૈન્યની તાકાત જોઈ દુનિયા દંગ : એમ્ફિબિયસ ઓપરેશન દ્વારા ભારતીય જવાનોએ રણ અને ક્રિક વિસ્તારમાં દુશ્મનોને ખાળવા માટેની સજ્જતાનું કર્યું સફળ નિદર્શન**

ભુજ - કચ્છઉદય : કચ્છના સરહદી જિલ્લા ભુજમાં ભારતીય સેના દ્વારા શક્તિશાળી યુદ્ધાભ્યાસ કરીને દુશ્મન દેશોને આકરો સંદેશ આપવામાં આવ્યો છે. આ સૈન્ય અભ્યાસમાં ભારતીય સેનાએ જળ અને જમીન એમ બંને મોરચે લડવાની પોતાની અદભૂત ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું.

ખાસ કરીને એમ્ફિબિયસ ઓપરેશન દ્વારા સેનાએ સાબિત કરી દીધું છે કે ગમે તેવા કપરા સંજોગોમાં પણ તે દુશ્મનોને રોકવા અને કોઈપણ ભૌગોલિક વિસ્તાર પર પોતાનું નિયંત્રણ મેળવવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ છે.

આ સૈન્ય અભ્યાસ દરમિયાન સેનાના જવાનો અત્યંત ઝડપી બોટ દ્વારા છીછરા પાણીમાં આગળ વધ્યા હતા અને દુશ્મન પર વીજળીક વેગે હુમલો કરવાની રણનીતિનું સફળતાપૂર્વક નિદર્શન કર્યું હતું.

એમ્ફિબિયસ ઓપરેશનની વિશેષતા એ છે કે તેમાં જવાનો અને સૈન્ય ઉપકરણો એવી રીતે સજ્જ હોય છે કે જેઓ પાણીમાંથી બહાર નીકળીને સીધા જ જમીન પર હુમલો કરી શકે અને ક્ષણભરમાં દુશ્મનના વિસ્તાર પર કબજો જમાવી શકે છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પણ આ પ્રકારની રણનીતિ અપનાવવામાં આવી હતી, જેમાં સેનાએ ક્રિક વિસ્તારમાં જળ અને જમીન પર મજબૂત પકડ બનાવી હતી.

આ યુદ્ધાભ્યાસમાં ઉપયોગમાં લેવાયેલી બોટ અત્યંત હળવી અને ફૂર્તિલી હતી, જે મુશ્કેલ અને દુર્ગમ વિસ્તારોમાં પણ સરળતાથી નેવિગેટ કરી શકતી હતી. જવાનોએ આ ઓપરેશનમાં ગતિશીલતા, સચોટ હુમલો અને અપ્રતિમ તાલમેલનું ઉત્કૃષ્ટ ઉદાહરણ રજૂ કર્યું હતું.

આ કવાયત માત્ર શક્તિપ્રદર્શન પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ભારતીય સેનાની સજ્જતાને વધુ ધારદાર બનાવવાના હેતુથી કરવામાં આવી હતી.

જો કોઈ પણ શત્રુ ભારતની સરહદમાં ઘૂસવાનો પ્રયાસ કરશે તો સેના તેને જડબાતોડ જવાબ આપવા તૈયાર છે તેવો સ્પષ્ટ સંકેત આ અભ્યાસ દ્વારા મળ્યો છે.




**જન્મદિન મુબારક**




તા.૨૨-૦૪-૨૦૨૬ના **અયાંશ**ના શુભ જન્મ દિને 'કચ્છ ઉદય' પરિવાર તેમને ખૂબ ખૂબ હાર્દિક શુભકામના પાઠવે છે
પિતા : **ટેકારામ રમેશા**
માતા : **ભાવનાબેન**
ગામ : **ગાંધીધામ**

# ભુજ-નલિયા રૂટ પર રાત્રે નવી સેવા માટે માંગ

**અબડાસા વિસ્તારના લોકોની રજૂઆત : સાંજે બાદ સીધી બસ શરૂ થાય તો મોટી રાહત**

નલિયા - કચ્છ ઉદય : અબડાસા તાલુકાના નાગરિકોએ ભુજથી નલિયા વચ્ચે રાત્રિના સમયમાં સીધી બસ સેવા શરૂ કરવાની માંગ ઉઠાવતા મુસાફરી સંબંધિત સમસ્યાઓ ફરી એકવાર સામે આવી છે. વેપાર, આરોગ્ય સારવાર તેમજ અન્ય કામકાજ માટે રોજિંદા ભુજ આવતા - જતા લોકો માટે સાંજે ૭:૩૦ વાગ્યા પછી કોઈ સીધી બસ ઉપલબ્ધ ન હોવાથી ભારે મુશ્કેલી ઊભી થઈ રહી છે. હાલની સ્થિતિમાં ઘણા મુસાફરોને રાત્રિના સમયે ભુજ બસ સ્ટેશન પર રોકાવું પડે છે. ખાસ કરીને મહિલાઓ, વૃદ્ધો અને દર્દીઓ માટે આ પરિસ્થિતિ અત્યંત કઠિન અને અસુવિધાજનક બની રહી છે. મુસાફરોનું કહેવું છે કે યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે અનાવશ્યક સમય અને તકલીફ સહન કરવી પડે છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અબડાસા વિસ્તારના લોકો દ્વારા નવી બસ સેવા શરૂ કરવાની માંગ તંત્ર સમક્ષ રજૂ કરવામાં આવી છે. રજૂઆત મુજબ નલિયાથી સાંજે ૬ વાગ્યે ભુજ માટે બસ મુકવામાં આવે અને ભુજથી રાત્રે ૮:૩૦ વાગ્યે નલિયા માટે પરત બસ સેવા શરૂ કરવામાં આવે તો મુસાફરોને મોટી રાહત મળી શકે છે. આ અંગે દિવ્યરાજસિંહ જાડેજા દ્વારા ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ, ભુજ વિભાગને લેખિત રજૂઆત કરીને તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરવામાં આવી છે. હવે તંત્ર આ મુદ્દે શું નિર્ણય લે છે તે અંગે મુસાફરોમાં રાહ જોવાઈ રહી છે.

::: પ્રાર્થનાસભા :::
તા. ૨૩-૦૪-૨૦૨૬, ગુરૂવાર
સમય સવારે ૧૦ થી ૧૧ કલાકે
સ્થળ : શ્રી યદુવંશી સોરઠીયા સમાજવાડી, વૃંદાવન વાડી (જુનીવાડી)
ગામ : શિણાય, તા. ગાંધીધામ-કચ્છ.
સ્વ. ગિરધરભાઈ જેઠાભાઈ કાતરિયા (સાહિપરા)
ઉ.વ. ૭૦ સ્વ. તા. ૨૦-૦૪-૨૦૨૬
(આરતી ડાઈનીંગ હોલ-આદિપુર) મુળ ચંદિયા, હાલે-આદિપુર
• સ્વ. ભચીબેન જેઠાભાઈ કાતરિયા • સ્વ. ધનીબેન પેથાભાઈ કાતરિયા
પરિવારના જયશ્રી કૃષ્ણ



::: જાહેર ટેકો :::

શ્રી નવીનભાઈ નારણભાઈ જરૂ | શ્રીમતી સતીબેન બધાભાઈ મ્યાત્રા | શ્રી વિશાલ ધર્મેન્દ્રભાઈ કરમા | શ્રીમતી હંસાબેન કરશનભાઈ ફુફલ
તારીખ ૨૦/૪/૨૦૨૬ ના રોજ ભારાપર ગામે સમસ્ત રબારી સમાજ સંગઠન ની બેઠકનું આયોજન કરવામાં આવેલ બેઠકમાં ગાંધીધામ મહા નગરપાલિકા વોર્ડ નંબર -૬ ના ઉમેદવાર શ્રી નવીનભાઈ જરૂ, શ્રીમતિ સતીબેન મ્યાત્રા, શ્રીમતી હંસાબેન ફફલ અને વિશાલભાઈ સાથે વોર્ડ નંબર ૬ ની આવનાર ચૂંટણી માં પેનલ ટુ પેનલ મતદાન કરી સમાજનું સાથ અને સહયોગ માગ્યો હતો.
સમાજના આગેવાન મોટી સંખ્યામાં વડીલો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.
સમગ્ર રબારી સમાજ ભારાપર નો ગાંધીધામ મહા નગરપાલિકા ચૂંટણીમાં મા ભાજપ પક્ષ ના ઉમેદવારો ને કોઈ પણ લોભ કે લાલચ વગર જાહેર ટેકો આપેલ છે.
સમસ્ત રબારી સમાજ સંગઠન ભારાપર



::: જાહેર ટેકો :::

શ્રી નવીનભાઈ નારણભાઈ જરૂ | શ્રીમતી સતીબેન બધાભાઈ મ્યાત્રા | શ્રી વિશાલ ધર્મેન્દ્રભાઈ કરમા | શ્રીમતી હંસાબેન કરશનભાઈ ફુફલ
તારીખ ૧૯/૪/૨૦૨૬ ના રોજ રાજનગર અંતરજાળ માં રાજપૂત ક્ષત્રિય સમાજ ની તાલુકા ભાજપના પ્રમુખ દેવેન્દ્રસિંહ જાડેજા ની આગેવાની માં બેઠકનું આયોજન કરવામાં આવેલ બેઠકમાં ગાંધીધામ મહા નગરપાલિકા વોર્ડ નંબર-૬ ના ઉમેદવાર શ્રી નવીનભાઈ જરૂ, શ્રીમતિ સતીબેન મ્યાત્રા, શ્રીમતી હંસાબેન ફફલ અને વિશાલભાઈ સાથે વોર્ડ નંબર ૬ ના ચૂંટણી ઈન્ચાર્જ સિદ્ધરાજસિંહ જાડેજા હાજર રહી આવનાર ચૂંટણી માં પેનલ ટુ પેનલ મતદાન કરી સમાજનું સાથ અને સહયોગ માગ્યો હતો.
સમાજના આગેવાન વાઘેલા બીપીનસિંહ ઝાલા કુલદીપસિંહ પરાક્રમસિંહ જાડેજા કિશોરસિંહ જાડેજા સિદ્ધરાજસિંહ વાઘેલા સોઢા હારુભા જાડેજા વજુભા જાડેજા જુવાનસિંહ જાડેજા સૂર્યદીપસિંહ તેમજ મોટી સંખ્યામાં વડીલો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.
સમગ્ર રાજપૂત ક્ષત્રિય સમાજ રાજનગર અંતરજાળ નો ગાંધીધામ મહા નગરપાલિકા ચૂંટણીમાં માં ભાજપ પક્ષ ના ઉમેદવારો ને કોઈ પણ લોભ કે લાલચ વગર જાહેર ટેકો આપેલ છે.
સમસ્ત ક્ષત્રિય સમાજ સંગઠન અંતરજાળ

# જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપની પરીક્ષામાં વિદ્યાર્થીઓને ૩ ગુણ સુધીનું ગ્રેસિંગ મળશે

**ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ૩ ગુણ, અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૨ ગુણ મળશે - ગુજરાતીમાં ૩, અંગ્રેજીમાં ૨ પ્રશ્નોમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું પણ જણાયું**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : રાજ્યમાં ૪ એપ્રિલના રોજ લેવામાં આવેલી મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષાની ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ૩ ગુણ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૨ ગુણ ગ્રેસ તરીકે આપવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત, ગુજરાતીમાં ૩ પ્રશ્ન અને અંગ્રેજીમાં ૨ પ્રશ્નમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું જણાતા જે પણ સાચો વિકલ્પ લખ્યો હશે તેના ગુણ આપવામાં આવશે. આ પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૬.૨૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી પરીક્ષા વખતે ૫.૧૧ લાખ વિદ્યાર્થી હાજર રહ્યા હતા.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૪ એપ્રિલના રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત આ પરીક્ષા રાજ્યના તમામ જિલ્લામાં યોજવામાં આવી હતી. આ પરીક્ષા દ્વારા રાજ્યના તેજસ્વી અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને ધો.૯થી ૧૨ સુધીના અભ્યાસ માટે આર્થિક સહાય આપવામાં આવે છે. દર વર્ષે ૨૫૦૦૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને મેરિટના આધારે પસંદ કરી તેમને સ્કોલરશીપ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે યોજાયેલી આ પરીક્ષામાં કુલ ૬૨૮૪૦૭ વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી હતી. રાજ્યના જિલ્લા મથકો પર યોજવામાં આવેલી આ પરીક્ષા માટે રાજ્યમાં કુલ ૨૭૦૨ ક્લસ્ટર લેવલના સીસીટીવી સુવિધાસભર કેન્દ્રોના કુલ ૨૪૪૧૦ બ્લોકમાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં લેવામાં આવી હતી. દરમિયાન, સમગ્ર રાજ્યમાંથી આ પરીક્ષા માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૫૧૧૫૧૮ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને ૧૧૬૮૮૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આમ, એકંદરે ૮૧.૪૦ ટકા વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષા લેવામાં આવ્યા બાદ સૌપ્રથમ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી અને તેની સામે વાંધા હોય તો રજૂઆત કરવા માટેની તક આપવામાં આવી હતી. આ તક અપાયા બાદ જે રજૂઆતો મળી હતી તે નિષ્ણાંતો પાસે ચેક કરાવી ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાતી માધ્યમની આન્સર કીમાં ૩ પ્રશ્નોમાં ભૂલ હોવાના લીધે ગ્રેસ આપવાનો નિર્ણય કરાયો છે. જ્યારે ૩ પ્રશ્નોમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું જણાયું છે. જ્યારે અંગ્રેજી માધ્યમમાં ૨ પ્રશ્નોમાં ભૂલ હોવાનું જણાતા ગ્રેસ આપવાનું નક્કી કરાયું છે અને ૨ પ્રશ્નોમાં એક કરતા વધુ વિકલ્પ સાચા છે. જેથી ગમે તે સાચો વિકલ્પ લખ્યો હશે ગુણ આપવામાં આવશે.

# 'પોશ એક્ટ' મહિલાઓના રક્ષણ માટે છે, કોઈને ખોટી રીતે ફસાવવા માટે નહીં: ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાત હાઈકોર્ટે કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી (સેક્સ્યુઅલ હેરેસમેન્ટ ઓફ વુમન એટ વર્કપ્લેસ(પ્રિવેન્શન, પ્રોહિબીશન એન્ડ રિડ્રેસલ) એક્ટ-૨૦૧૩ - પોશ એક્ટ) સંબંધિત એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતાં ઠરાવ્યું છે કે, પોશ એક્ટ એ મહિલાઓના રક્ષણ માટેનું એક શક્તિશાળી શસ્ત્ર છે, પરંતુ તેનો ઉપયોગ કોઈને અન્યાયી કે ખોટી રીતે નિશાન બનાવવા માટે ઢાલ(શીલ્ડ) તરીકે ન થવો જોઈએ. જ્યારે પણ કોઈ મહિલા દ્વારા આવી ખોટી ફરિયાદ કરવામાં આવે છે, ત્યારે તે માત્ર તે વ્યક્તિને જ નુકસાન નથી પહોંચાડતી, પરંતુ સમગ્ર કાર્યસ્થળના વાતાવરણને પણ ઝેરી બનાવી દે છે.

સહકારી મંડળીની એક મહિલા કર્મચારીએ કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી(અટકાવવા, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ(પોશ એક્ટ) હેઠળ મેનેજિંગ ડિરેક્ટર પર ગેરવર્તણૂક અને અયોગ્ય શારીરિક સંપર્કનો આરોપ લગાવતી કરેલી ફરિયાદમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ હેમંત એમ. પ્રચ્છકે ઈન્ટરનલ કમ્પ્લેન કમિટી(આંતરિક ફરિયાદ સમિતિ)ના અંતિમ અહેવાલને રદ કરવાનો સાફ ઈનકાર કરી દીધો હતો અને આ મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો.

હાઈકોર્ટે સાફ શબ્દોમાં જણાવ્યું કે, આંતરિક ફરિયાદ સમિતિના અંતિમ અહેવાલમાં કોઈ ગેરકાયદેસરતા નથી, તે કાયદેસર અને માન્ય ઠરે છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, જો જાતીય સતામણી વિરોધી કાયદાનો સાધન તરીકે ખોટી રીતે ઉપયોગ કરવામાં આવે તો, તે સંસ્થામાં રિવર્સ બાયસ એટલે કે, વિપરીત પૂર્વગ્રહ તરીકે ઉભરી શકે છે. તેનાથી માત્ર નિર્દોષ વ્યક્તિઓની કારકિર્દી જ જોખમાતી નથી પરંતુ તે ગ્લાસ સીલીંગ્સ(કાચની છત) જેવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે, જે નિષ્ઠાવાન અને લાયક કર્મચારીઓની પ્રગતિમાં અવરોધરૂપ બને છે.

હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, સમિતિએ પોશ એક્ટની કલમ-૧૧ હેઠળ સમગ્ર મામલામાં વિગતવાર તપાસ હાથ ધરી હતી, જેમાં સીસીટીવી ફૂટેજ અને પોલીસ તપાસના અહેવાલો સહિતના પુરાવાઓની તપાસ કરવામાં આવી હતી. આમ કાયદાકીય માળખાનું સંપૂર્ણતઃ પાલન કરવામાં આવ્યું હતું. હાઈકોર્ટે જાતીય સતામણીના આરોપોને સંવેદનશીલ સ્વરૂપ પર પ્રકાશ પાડતાં પુરુષ આરોપીઓ સામે કાયદાના દુરુપયોગને લઈ વિપરીત પૂર્વગ્રહની ચેતવણી ઉચ્ચારી હતી.

# બંગાળમાં 'મત્સ્યવેધ': માછલી મુદ્દે મમતા બેનરજી અને પીએમ મોદી આમને-સામને

(એજન્સી દ્વારા)

કોલકતા : પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષોએ મતદારોને રિઝવવા માટે બંગાળી જીવનશૈલી અને સંસ્કૃતિના પાયાની ચીજ એવી 'માછલી'ને મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવ્યો છે. બંગાળની ચૂંટણીમાં સત્તાપક્ષ મમતા બેનર્જી દાવો કરે છે કે ભાજપની સરકાર આવશે તો રાજ્યમાં ભાત-માછલી ખાવા પર પ્રતિબંધ મુકાઈ જશે.

તૃણમૂલ કોંગ્રેસના વડા અને મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આક્ષેપ કર્યો છે કે ભાજપ બંગાળી જીવનશૈલી અને સંસ્કૃતિ માટે ખતરો છે. મચ્છી-ભાત સાથે કોઈ સમજૂતી નહીં થાય. ભાજપ તમને માછલી ખાવા દેશે નહીં. ભાજપ તમને ઈંડા અને માંસ પણ ખાવા દેશે નહીં. બંગાળ માછલી-ભાત પર નિર્ભર છે. જો આપણે એ નહીં ખાઈએ તો શું ખાશું? બંગાળની માછલીની જરૂરિયાતમાંથી ૮૦ ટકા જરૂરિયાત સ્થાનિક સ્તરે પૂરી થાય છે. બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યોમાં ભાજપની સરકાર છે ત્યાં માછલી ખાવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. દિલ્હીમાં પણ દુકાનો બંધ કરવામાં આવી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ માછલીના મુદ્દાને ચૂંટણી સભામાં સમાવ્યો. માછલીના મુદ્દે ચાલી રહેલા આરોપો વચ્ચે મોદીએ કહ્યું: ૧૫ વર્ષ સત્તામાં રહેવા છતાં ટીએમસીની સરકાર તમને માછલી જેવી જરૂરી ચીજમાં આત્મનિર્ભર બનાવી શકી નહીં. માછલી પણ રાજ્યની બહારથી આયાત કરવી પડે છે. ભાજપે વિવાદ વધતો જોઈને તેમના ઉમેદવારોના પ્રચારનો વ્યૂહ બદલાવ્યો હતો. ભાજપના ઘણાં ઉમેદવારો માછલીઓ હાથમાં લઈને કે માછલીઓનું પ્રતીક સાથે લઈને પ્રચાર કરતા થયા હતા. ભાજપે એવું પ્રસ્થાપિત કરવાની કોશિશ કરી કે ઉમેદવાર પણ બંગાળી છે અને એ પણ એ જ સંસ્કૃતિ અને ખાનપાનનો ભાગ છે જે આખા બંગાળમાં છે. ભાજપે બંગાળના સોશિયલ મીડિયામાં ધારાસભાના ઉમેદવારો માછલી સાથે પ્રચાર કરતા હોય તેવા વીડિયો વાયરલ કર્યા હતા. ૨૦૨૪માં એક સંશોધનમાં જણાયું હતું કે પશ્ચિમ બંગાળના ૬૫.૭ ટકા લોકો માછલીનો ખોરાક એટલીસ્ટ સપ્તાહમાં એક કે તેથી વધુ વખત આરોગે છે અને કુલ વસ્તીના ૮૦ ટકાથી વધુ લોકો માછલી આરોગે છે. ભારતમાં માછલી ખાનારા લોકોની સંખ્યા વધીને ૭૦ ટકા થઈ ગઈ હોવાનો પણ અંદાજ છે.

ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ એક દાવો કર્યો તેનાથી આ મુદ્દાને વધારે હવા મળી હતી. મોઈત્રાએ દાવો કર્યો કે દિલ્હીમાં જ્યાં બંગાળીઓની વધારે વસ્તી છે એ ચિતરંજન પાર્કમાં ભાજપ માછલીઓની દુકાનો બંધ કરાવે છે. ટીએમસી સાંસદે એક વીડિયો શેર કર્યો એ બંગાળમાં ખૂબ વાયરલ થયો હતો. ભાજપે આ દાવાનું ખંડન કર્યું હતું. પશ્ચિમ બંગાળના ફૂટબોલ ચાહકોમાં પણ માછલીની સ્પર્ધા રહે છે. ઈસ્ટ બંગાળી ફૂટબોલ ક્લબના સમર્થકોમાં હિલ્સા માછલી પ્રિય છે જ્યારે બંગાળની વિખ્યાત ફૂટબોલ ક્લબ મોહન બગાનના સમર્થકો પ્રોન્સ (ઝીંગા) ખાવાની તરફેણમાં છે. આમ બંગાળના સ્પોર્ટ્સ કલ્ચરમાં પણ માછલી પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

# ફિક્સ પગારદાર કર્મીઓને હાઇકોર્ટથી મોટી રાહત, ૬% વ્યાજ સાથે લઘુતમ વેતન ચૂકવવા નાણા વિભાગને આદેશ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : રાજ્યમાં વર્ષોથી માત્ર ૨૫૦૦ રૂપિયાના ફિક્સ પગારમાં ફૂલ ટાઈમ કામ કરતાં કર્મચારીઓની તરફેણમાં ગુજરાત હાઈકોર્ટે ખૂબ અગત્યનો ચુકાદો જાહેર કર્યો છે. જિલ્લા પંચાયતમાં ફૂલ ટાઈમ ફરજ બજાવતા કોમ્પ્યુટર ઓપરેટર અને ડ્રાઈવરોને વર્ષોથી પાર્ટ ટાઈમ કર્મચારી ગણીને માત્ર ૨૫૦૦ રૂપિયાના ફિક્સ પગારથી રખાતા કર્મચારીઓએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં સરકારના નાણા વિભાગે તેમને લઘુતમ વેતન આપવા ઈક્કાર કરી દીધો હતો. હાઈકોર્ટે નાણા વિભાગને જૂન સુધીમાં કર્મચારીઓને લઘુતમ વેતન મુજબ ૬ ટકા વ્યાજ સાથે બાકી નીકળતો પગાર ચૂકવી દેવા આદેશ કર્યો છે.

અરજદારો દ્વારા માંગણી કરવામાં આવી હતી કે, રાજ્ય સરકારના ૧૬ જુલાઈ ૨૦૧૯ના પરિપત્ર મુજબ તેમની પોસ્ટના લઘુતમ પગારધોરણનો લાભ આપવામાં આવે. તેમજ જિલ્લા વિકાસ અધિકારીએ ૧૨ ડિસેમ્બર ૨૦૨૨ના અરજદારોના દાવાને નકારતો જે આદેશ રદ કર્યો હતો તે રદ કરવા માંગણી કરવામાં આવી હતી.

અરજદારોનો મુદ્દો એવો હતો કે, તેઓ લાંબા સમયથી ૨૫૦૦ રૂપિયાના નિશ્ચિત પગારે કામ કરે છે અને માત્ર ફિક્સ પગાર પર હોવાને કારણે તેમને લઘુતમ પગારથી વંચિત રાખી શકાય નહીં. સરકારે અગાઉ ૮ કેટેગરી નક્કી કરી હતી અને તે તમામને આ પરિપત્રનો લાભ આપવામાં આવ્યો હતો. સમગ્ર મામલે હાઈકોર્ટે નોંધ્યું કે, અરજદારોનો કેસ "કેટેગરી-૩"માં આવે છે. જેમાં ૨૯ દિવસની નોકરી અને ૧ દિવસના કૃત્રિમ બ્રેક સાથે કામ કરાવવામાં આવે છે. કાયદા મુજબ આ પ્રથા યોગ્ય નથી અને આવા કર્મચારીઓને પગારના લાભથી વંચિત રાખી શકાય નહીં. તેથી કોર્ટે ૧૨ ડિસેમ્બર ૨૦૨૨નો આદેશ રદ કર્યો. સાથે જ રાજ્યને આદેશ આપ્યો કે અરજદારોને ૧૬ જુલાઈ ૨૦૧૯ના પરિપત્ર મુજબ લાભ આપવામાં આવે. હાઈકોર્ટે આદેશ કર્યો કે, બાકી રહેલા પગારનો તફાવત ૩૧ મે ૨૦૨૬ સુધી ગણતરી કરીને ૩૦ જૂન ૨૦૨૬ સુધી ચૂકવવાનો રહેશે. ઉપરાંત આ રકમ પર ૬% વ્યાજ પણ આપવાનું રહેશે.

# એઆઈએમઆઈએમના અસદુદ્દીન ઓવૈસીની આવતીકાલે ભુજમાં જનસભા



ભુજ - કચ્છઉદય : ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈઆઈએમઆઈએમ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ બેરિસ્ટર અસદુદ્દીન ઓવૈસી આવતીકાલે ભુજની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ અહીં એક વિશાળ જનસભાને સંબોધિત કરશે, જેને લઈને પાર્ટીના કાર્યકરો અને સ્થાનિક લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નિર્ધારિત કાર્યક્રમ અનુસાર, ૨૩મી તારીખે સાંજે ૭ વાગ્યાથી રાત્રિના ૧૦ વાગ્યા સુધી ભુજના મોટાપીર ચોકડી ખાતે એક જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં બેરિસ્ટર ઓવૈસી સામાન્ય જનતાના પાયાના પ્રશ્નોથી લઈને દેશના જટિલ મુદ્દાઓ પર પોતાનું વક્તવ્ય રજૂ કરશે. આ પ્રસંગે વિવિધ સમાજના અગ્રણીઓ અને સામાજિક કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. પક્ષના પ્રદેશ મહામંત્રી શકીલ સમાએ એક યાદીમાં જણાવ્યું હતું કે, ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન હંમેશા રાષ્ટ્રહિત અને લઘુમતીઓને તેમના લોકશાહી અધિકારો અપાવવા માટે કટિબદ્ધ રહી છે અને તેમણે લોકોને આ ઝુંબેશમાં જોડાવા માટે અપીલ કરી છે.

## ભુજમાં ચૂંટણી પ્રચાર મુદ્દે લારીધારકને ધાકધમકી કરાઈ

ભુજ : શહેરમાં લોકશાહીના પર્વ વચ્ચે રાજકીય અદાવતમાં ધાકધમકીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભુજના ભારતનગર પાસે નાસ્તાની લારી ધરાવતા એક યુવકને તેના ભાઈના ચૂંટણી પ્રચાર મુદ્દે ધમકાવવા બદલ એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદની વિગત મુજબ, ભારતનગર પાસે નાસ્તાની હાથલારી ચલાવતા ઝુબેર ઈકબાલ મણિયાર પર સાંજે ચાંદચોક વિસ્તારના અલ્તાફ અબ્દુલ મોખા નામના શખ્સે હુમલો કરી ધાકધમકી આપી હતી. આરોપીએ ઝુબેરને જણાવ્યું હતું કે, તારો ભાઈ સાજીદ એઆઈએમઆઈએમ પક્ષમાંથી વોર્ડ નંબર-૧માં ઉમેદવારોનો પ્રચાર કરે છે, જે અમારા કોંગ્રેસ પક્ષની વિરુદ્ધમાં છે. તેને પ્રચાર કરવાની ના પાડી દેજે. રાજકીય વિવાદની સાથે આરોપીએ ઉઘાડી હપ્તાખોરી પણ આદરી હતી. આરોપીએ ગાળો આપી ધમકી આપી હતી કે, જો અહીં ગાડી (લારી) રાખવી હોય તો દર મહિને પૈસા આપવા પડશે, નહીં તો ગાડી ઊંધી કરી નાખીશ." આરોપીએ ફરિયાદી, તેના ભાઈ અને પરિવારને જાનથી મારી નાખવાની પણ ધમકી આપી હતી. આરોપી અલ્તાફ મોખાએ ઝુબેર પાસેથી ધંધાના રૂપિયા બળજબરીથી પડાવી લીધા હતા. આ મામલે ભુજ એ-ડિવિઝન પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ભુજ પોલીટેકનિકના વિદ્યાર્થી દ્વારા એઆઈ ચેટબોટ તૈયાર કરાયો

ભુજ - કચ્છઉદય : પોલીટેકનિકમાં અભ્યાસ કરતા અંતિમ વર્ષના વિદ્યાર્થી જય હિતેન્દ્ર ધોળી દ્વારા એક નવીન અને ઉપયોગી એઆઈ આધારિત ચેટબોટ તૈયાર કરવામાં આવી છે, જેનું નામ ક્યુએરી મિતરા રાખવામાં આવ્યું છે. ચેટબોટ વિદ્યાર્થીની પોતાની મહેનત, ટેકનિકલ કુશળતા અને નવીન વિચારશક્તિનું ઉત્તમ ઉદાહરણ છે. ક્યુએરી મિતરા વપરાશકર્તાઓને વિવિધ પ્રશ્નોના ઝડપી અને અસરકારક જવાબ આપવામાં સહાયરૂપ બને છે, જે ભવિષ્યમાં શિક્ષણ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. વિદ્યાર્થી જય હિતેન્દ્ર ધોળીની સિદ્ધિ સંસ્થાના ગૌરવમાં વધારો કરે છે અને અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોતરૂપ છે.

## નલિયા - રાજકોટ રૂટના કંડક્ટરે માનવતા ઝળકાવી



ભુજ - કચ્છ ઉદય : ચોટીલા ડેપોના રૂટ નલિયા-રાજકોટ-ચોટીલામાં કંડકટર દશરથભાઈ કલોતરા અને ડ્રાઈવર ડી.ડી. જાદવે માંડવી ડેપો નજીક પહોંચતા કંડકટરને ૭ તોલા સોનુ ભરેલ પાકીટ મળી આવ્યું હતું. જેથી કંડકટર દશરથભાઈ દ્વારા બસને માંડવી ડેપો ખાતે લઈ ગયા અને મૂળ માલિકની ખરાઈ કરીને માંડવી ડેપોના ટીસીની હાજરીમાં મૂળ માલિકને આ પાકીટ પરત કરી હતી અને મુસાફર બહેન દ્વારા એસટીના બંને કર્મચારીઓનો ખુબ ખુબ આભાર માન્યો હતો. આમ આ બંને કર્મચારીઓએ ચોટીલા ડેપોનું નામ રોશન કર્યું તથા જીએસઆરટીસીની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે.

**લોકસાહિત્ય સમાજજીવનનું દર્પણ**

# વિજયરાજજી પુસ્તકાલયમાં કચ્છી-સિંધી લોકસાહિત્ય અંગે વયાખ્યાન યોજાયાં

ભુજ-કચ્છઉદય : કચ્છી અને સિંધી ભગીની ભાષાઓ છે બન્ને પ્રદેશના પ્રાચીનકાળથી સાંસ્કૃતિક અને સામાજિક સંબંધો રહ્યા છે. અહીંના મહારાઓ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય અને ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે પુસ્તકાલયના ભુપતસિંહ સભાખંડમાં કચ્છી-સિંધી લોકસાહિત્ય સંદર્ભે યોજાયેલા સેમિનારમાં વકતવ્ય આપતાં વકતાઓએ આવો સૂર વ્યક્ત કર્યો હતો.

આ સેમિનારમ જાણીતા સિંધી સર્જક, પત્રકાર, સાહિત્યકાર જેઠો લાલવાણી તથા જાણીતા સિંધી કવિયત્રી અને તોલાણી આટર્સ અને સાયન્સ કોલેજ, આદિપુરના સિંધી વિભાગના એસોસીએટસ પ્રોફેસર ડો. વિમ્મી સદારંગાણીએ પોતાના વકતવ્યો આપ્યાં હતા. ડો. લાલવાણીએ સિંધી સભ્યતાના રીત રિવાજ અને રહેણી કરણીના સંસ્કાર કચ્છમાં ખાસ કરીને તેના પશ્ચિમ ભાગ પર તેની અરસ વધારે અસલ સ્વરૂપમાં જોવા મળતાં હોવાનું જણાવી છેક ૠગ્વેદકાળથી આ બન્ને પ્રદેશ આ બન્ને પ્રદેશના ગાઢ સંબંધો રહ્યા હોવાનું કહેતાં તેના દસ્તાવેજી આધારો વર્ણવ્યા હતા. તેમણે કચ્છી અને સિંધી સાહિત્યકારોએ કરેલા સર્જનની પણ વિગતવાર માહિતી હતી.

કંડિયારો, નવાબશાહ, સિંધ ખાતે ૧૯૪૫માં જન્મેલા જેઠો લાલવાણીએ કચ્છી–સિંધી લોક સંસ્કૃતિ, સિંધીયત અને કચ્છીયત બન્ને જીવનના અભીન્ન અંગ હોવાનું કહેતા બન્ને સંસ્કૃતિ અને તેના સાહિત્યમાં રહેલ સામ્યતા અને સમૃદ્ધિની વિગતે વાત કરી હતી. ડો વિમ્મી સદારંગાણીએ પોતાના વકતવ્યમાં વતન છોડવાનો ઝુરાપો હોવા છતાં કચ્છ પ્રદેશે જે રીતે સિંધી સમાજને પોતાનામાં દૂધમાં સાકર ભળે એમ સમાવી લીધા તેની સરાહના કરતા સિંધની સંસ્કૃતિના ઓવારણાં લેતાં સભાખંડમાં શ્રોતાઓ સમક્ષ આબેહુબ સિંધ ખડું કરી દીધું હતું. તેમણે સિંધી કાવ્યો તથા સિંધ સાહિત્યની પણ વાત કરી હતી.

આ અગાઉ પુસ્તકાલયના પ્રમુખ ઉપેન્દ્ર ઉપાધ્યાયે સ્વાગત કરતાં પુસ્તકાલયની સાહિત્યીક પ્રવૃત્તિની વિગત આપતાં શહેરીજનોને પણ આ પ્રવૃત્તિમાં જોડાવા અનુરોધ કરતાં કચ્છી અને સિંધી સંસ્કૃતિ તથા તેના સર્જનની વિગતો આપી આવનારા દિવસોમાં પુસ્તકાલય દ્વારા સિંધના સૂફી કવિ શાહ અબ્દુલ લતીફ ભીટાઈના જીવન કવન તથા સાહિત્ય અંગે એક વિશેષ સેમિનારનું પણ કરાનારા આયોજનની વિગત આપી હતી. પુસ્તકાલયપ્રેમી અને ચારણી સાહિત્યના મર્મી પુષ્પદાન ગઢવી મંચસ્થ રહ્યા હતા. પુસ્તકાલયના ઉપપ્રમુખ સંજય ઠાકરે બન્ને વકતાઓનો પરિચય આપ્યો હતો.

વિજયરાજજી પુસ્તકાલયના સભ્ય જાગૃતિ વકીલે વિમ્મી સદારંગાણીનું સ્વાગત કર્યું હતું. સમારંભનું સંચાલન પુસ્તકાલયના કારોબારી સભ્ય મનન ઠક્કરે કર્યું હતું તથા આભારવિધિ મંત્રી નરેશ અંતાણીએ કરી હતી. આ અવસરે પુસ્તકાલયના કારોબારી સભ્યો જવેરીલાલ સોનેજી, કરીમભાઈ ખીયરા, ઉપરાંત ગૌતમ જોશી, સિંધી સર્જક કલાધર મુતવા, મોહનભાઈ જોબનપુત્રા, અજીત માનસતા, મધુકર ઠક્કર, ડો. મધુકાંત આચાર્ય, મોહન જોશી, કમલકાંત ભટ્ટ, શાંતીલાલ વરુ, પ્રકાશ જોશી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૈનાચાર્ય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના ૫૦માં દીક્ષા તિથિ નિમિત્તે પાણીના પરબનું પ્રારંભ કરાયું

ભુજ - કચ્છ ઉદય : શંખેશ્વર મહાતીર્થની ખાતે જહાજ મંદિરે પ.પૂ.આ. શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાની ૫૦મી (ગોલ્ડન જુબિલી) દીક્ષા તિથિ નિમિત્તે પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ એવં શ્રી પાર્શ્વચંદ્રસૂરી દાદાવાડી ટ્રસ્ટના નેજા હેઠળ પાર્શ્વ પ્રેમરત્ન જલધારાનું નિર્માણ થયું હતું.

આ જલ ધારાનો સંપૂર્ણ લાભ પ.પૂ.મુનિરાજ નયશેખર મહારાજ સાહેબના સદ્ઉપદેશથી રંજનબેન ધનજી ભાણજી દેઢિયા, વિનોદ ધનજી ભાણજી દેઢિયા,હસ્તે કવિતાબેન કુલીનભાઈ દેઢિયા - પુત્ર-પુત્રવધુ -જીત - શ્રીયા, પુત્ર-કેવિન, ગામ-કચ્છ કોડાય, હાલે-મુંબઇ મલાડ, કવિતા રિબન એન્ડ ટેક્સટાઈલ એલએલપી પરિવારે ઉદાર દિલે લાભ લીધો હતો.

આ પ્રસંગે પાર્શ્વ પ્રેમરત્ન જલધારાની તક્તીનું અનાવરણ કરી પરબનો પ્રારંભ કરવામાં આવેલ.આ પ્રસંગે મુનિરાજ નયશેખર મહારાજ સાહેબ એ જણાવેલ કે ભારતના અનેક પ્રદેશોમાં,ખાસ કરીને ગ્રામ્ય






વિસ્તારોમાં, ચોમાસાની શરૂઆત પહેલાં પાણીની પરબ ઉજવવાની પરંપરા છે.લોકો કૂવા, તળાવ,નદી,સરોવર જેવા જળસ્ત્રોતોને સ્વચ્છ બનાવે છે,તેમને શણગારે છે અને તેમની પૂજા કરે છે.આ રીત જળસ્ત્રોતો પ્રત્યેની આદરભાવના દર્શાવે છે.પાણીની પરબ આપણને શીખવે છે કે જળ માત્ર ઉપયોગની વસ્તુ નથી, તે જીવદાતા છે અને તેનો સન્માન કરવો દરેકનો કર્તવ્ય છે.આજના સમયમાં પાણીની પરબનો મહિમા વધુ મહત્વનો બની ગયો છે. પાણીની પરબના પ્રસંગે લોકો ગામ- શહેરમાં જાગૃતિ રેલી કાઢે છે,બાળકોમાં પાણી બચાવવાનો સંદેશ ફેલાવે છે,આ રીતે પાણીની પરબ એ માત્ર ધાર્મિક કે સાંસ્કૃતિક પરંપરા નથી. તે પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનું પ્રતિક છે.જો આપણે પાણીનું સન્માન કરી તેનું સંરક્ષણ કરીશું,તો જ આપણું ભવિષ્ય સુરક્ષિત રહેશે. નદીઓ,સરોવર,તળાવો અને વરસાદ સૌ પ્રકૃતિની દેન છે જેને સાચવવું આપણી જવાબદારી છે.આ પ્રસંગે પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાતા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના કરવામાં આવેલ.આ પ્રસંગે મુંબઈ, અમદાવાદ,કચ્છ, રાજસ્થાન વગેરેથી ગુરુભક્તો આવ્યા હતા.

## કેરામાં સંસ્થા દ્વારા ૩૫ બહેનોને સાડી અપાઈ




ભુજ : લાયોનેસ કલબ ઓફ ભુજ દ્વારા સેવાકીય પ્રોજેક્ટમાં ભૂતપૂર્વ પ્રમુખ નયનાબેન માણેક દ્વારા કેરા ગામમાં જરૂરિયાતમંદ ૩૫ બહેનોને સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જયશ્રીબેન, મંત્રી બેલાબેન, ખજાનચી રીટાબેન વ્યવસ્થા કરી હતી. તેજલબેન, જસુબેન, હર્ષાબેન, હીનાબેન, બંસરીબેને સહયોગ આપ્યો હતો.

# ઓલ્યા મુબારક પીરનો અઠવાડિયા મેળો, લાખો ભક્તોની ઉમટી પડતી ભીડ





ભુજ - કચ્છઉદય : કચ્છની કોમી એકતાનું પ્રતિક સમા હાજીપીર બાબાની દરગાહની બાજુમાં આવેલ ઓલ્યા મુબારક પીરની દરગાહ ખાતે પ્રખ્યાત અઠવાડિયા મેળો ભવ્ય રીતે યોજાયો હતો. હાજીપીર મેળા પછી એક અઠવાડિયા બાદ યોજાતા આ મેળામાં કચ્છભરના ભક્તોએ ઉમટી પડી પોતાની આસ્થા વ્યક્ત કરી હતી.

અબડાસા, લખપત, નખત્રાણા, ભુજ, માંડવી સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ગ્રામ્ય પ્રજા મેળામાં હાજર રહી હતી. ખાસ કરીને કાઠી જત સમાજના લોકો પરંપરાગત વેશભૂષામાં જોવા મળતા મેળાનું વિશેષ આકર્ષણ બન્યા હતા. માત્ર બે દિવસ દરમિયાન અંદાજે એક લાખથી વધુ ભક્તોએ દરગાહ ખાતે માથું ટેકવી મન્નતો પૂર્ણ કરી હતી. મેળામાં કટલરી, રમકડાં, ખાદ્યપદાર્થો, ઠંડા પીણાં, શેરડીનો રસ તેમજ રાજકોટના પ્રસિદ્ધ ગોલાના સ્ટોલોએ મેળાને રંગીન બનાવ્યો હતો.

મેળાની સુવ્યવસ્થિત કામગીરી માટે હાજીપીર વ્યવસ્થાપક સમિતિ, મુજાવર પરિવાર અને લુણાગામ ગ્રામ પંચાયત દ્વારા યોગ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં ઉમેશ આચાર્ય, સરપંચ ઈસ્માઈલ હાજી ભચાયા, તલાટી અમીન સમા, હાજીપીર વ્યવસ્થાપક સમિતિના અર્બ્દેમાન મુજાવર, લતીફ મુજાવર, ઈકબાલ મુજાવર, હાજી દાઉદ, હાજી અબાસ, કાસમ જુસબ, ઈસ્માઈલ મુજાવર, નુર મામદ મુજાવર, અબ્દુલ તમાચી, ઈકબાલ અબ્દુલા બાવા સહિતના આગેવાનોનો સહયોગ નોંધપાત્ર રહ્યો હતો. સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ભુજ ડિવિઝનના ડીવાયએસપી ડો. વિશ્વા શાહે હાજીપીર ખાતે મુલાકાત લઈ દરગાહમાં માથું ટેકવી ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. તેમની સાથે હાજીપીર પોલીસ સ્ટેશનના પીએસઆઇ વી.ડી. ગોહિલ પણ હાજર રહ્યા હતા. ધાર્મિક શ્રદ્ધા, લોકસંસ્કૃતિ અને સામાજિક એકતાનું સુંદર સંકલન દર્શાવતા આ મેળાએ કચ્છની પરંપરાઓને ઉજાગર કરી હતી.

# અબડાસામાં સરકારી ટેકાના ભાવે ઘઉંની ખરીદીમાં પડતી મશ્કેલીઓ અંગે મામલતદારને કરાઈ રજૂઆત

નલિયા : અબડાસાના ખેડૂતોએ નલિયા મામલતદારને આવેદનપત્ર દ્વારા સરકાર દ્વારા નલીયા પુરવઠા નિગમ દ્વારા શરૂ કરવામાં આવેલ ઘઉંની ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયામાં પડતી ગંભીર મુશ્કેલીઓ તરફ ધ્યાન દોરી રજૂઆત કરી છે.



હાલમાં ખરીદી કેન્દ્ર પર નીચે સમસ્યાઓનો ખેડૂતો સામનો કરી રહ્યા છે. કાંટા (તોલમાપ)ની અપૂરતી સંખ્યા, ખરીદી કેન્દ્ર પર કાંટાની સંખ્યા ખૂબ જ ઓછી હોવાને કારણે ખેડૂતોને લાંબી કતારોમાં ઉભા રહેવું પડે છે.મજૂરોની અછતના લીધે કેન્દ્ર પર માલ ઉતારવા અને ભરવા માટે પૂરતા પ્રમાણમાં મજૂરો ઉપલબ્ધ નથી. જે મજૂરો છે તેઓ કામમાં ઢીલ કરે છે, સ્થાનિક અધિકારીને કહીએ છીએ તો કહે છે કે કોન્ટ્રાક્ટર દ્વારા પૂરતા મજુરો આપવામાં આવતા નથી. બારદાન અને સંગ્રહની સમસ્યાની બારદાન (કોથળા) ખૂટી પડવાને કારણે ખરીદી અટકાવી દેવામાં આવે છે. ખરીદાયેલા ઘઉંના નિકાલ માટે ટ્રકોની વ્યવસ્થા મોડી થતા નવા આવતા ખેડૂતોને માલ ઉતારવા માટે જગ્યા મળતી ખરીદી કેન્દ્ર પર તાત્કાલિક ધોરણે વધારાના ડિજિટલ કાંટા મૂકવામાં આવે. પુરતા પ્રમાણમાં કુશળ મજૂરોની વ્યવસ્થા કરવામાં આવે તથા બારદાન ની પણ વ્યવસ્થા કરવામાં જેથી તોલની પ્રક્રિયા ઝડપી બને. હાલમાં ૮૫૦ ખેડૂતોનો રજીસ્ટ્રેશન થયેલ છે, અને ખરીદી ચાલુ થયાને ૧૦ દિવસ થયા પણ દિવસમાં માત્ર ૫ જ ખેડૂતોને માલ લઈ શકાય છે, જો આવી જ રીતે સિસ્ટમ ચાલશે તો મહિનામાં માત્ર ૧૦૦ ખેડૂતોનો માલ લઇ શકાશે. અધિકારીની બેદરકારીને કારણે બાજરીની ખરીદી વખતે મેસેજ કરીને બોલાવેલ અને બીલની તારીખ પૂરી થઈ જવાના કારને ૨૦૦ ખેડૂતોને પાછો મોકલવામાં આવલે હતો અને માલની ખરીદી કરવામાં આવેલ ન હતી. કિશાન વિકાસ સંગઠન અબડાસા પ્રમુખ રામભાઈ ગઢવીએ આ વખતે રજીસ્ટ્રેશન મુજબના ખેડૂતોને સમયસર મેસેજ આપી બોલાવવામાં આવે અને ઉપરોક્ત મુદાઓ મુજબ ની વ્યવસ્થા કરવામાં આવે. જો આ પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવામાં નહીં આવે, તો ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવશે. ખેડૂતોને ના છુટકે ૨૦થી ૨૧ રૂપિયે બજારમાં માલ વહેચવાની ફરજ પડશે. આ બાબતને ગંભીરતાથી લઈ યોગ્ય કાર્યવાહી કરશો. જો કોઈ કાર્યવાહી કરવામાં નહી આવે તો ખેડૂતોને મામલતદાર ઓફીસ સામે ઉપવાસ આદોલન પર બેસવાની ફરજ પડશે. જેની સંપૂર્ણ જવાબદારી વહીવટે તંત્રની રહેશે તેવી ચીમકી આપવામાં આવી છે.

# જે ધરતીને માતા તરીકે સંબોધવામાં આવે તેને ઝેર ક્યારેય ન આપીએ

## ગૌસેવા ગતિવિધિ પશ્ચિમ કચ્છ દ્વારા ભુમિ સુપોષણ અને સંરક્ષણ કાર્યક્રમ યોજવામાં આવ્યો



ભુજ - કચ્છઉદય : ખેતીમાં રસાયણીક ખાતરો અને જંતુનાશક દવાઓના અતિરેક સાથેના બેફામ વપરાશથી ધરતી પોતાની ફળદ્રુપતા ગુમાવી બેઠી છે અને જમીનમાં જતું ઝેર વિવિધ અનાજો, કઠોળ, શાકભાજી અને ફળો દ્વારા પરત લોકોના પેટમાં જઈ સ્વાસ્થ્યને અકલ્પ્યનીય હાની પહોંચાડી રહ્યું છે અને મોટી મોટી હોસ્પિટલો પણ નવજાત શિશુ અને યુવાનો સહિત હાર્ટ, કિડની, લિવર કેન્સર સહિતની અગણિત અસાધ્ય બિમારીઓના દર્દીઓથી ઉભરાઇ રહી છે. ઉપરાંત પ્રકૃતિ અને પર્યાવરણને પણ ભયંકર નુકસાન થઇ રહ્યું છે ત્યારે અખેલ ભારતીય ગો સેવા ગતિવિધિ દ્વારા સમગ્ર ભારતમાં ભુમિ સુપોષણ અને સંરક્ષણ કાર્યક્રમોનું આયોજનો સાથે અલગ અલગ ખેતરની માટીનું પૂજન કરીને તેના પ્રત્યે માતાનો પૂજ્ય ભાવ જગાડવા અને ખેતીમાં સંપુર્ણ રીતે ગાયના ગોબર અને ગોમૂત્રના ઉપયોગથી શુદ્ધ ખેતપેદાશો ઉત્પન્ન કરવાની દિશામાં આગળ વધવા પ્રેરિત કરાઈ રહ્યા છે. તે અંતર્ગત ગો સેવા ગતિવિધિ પશ્ચિમ કચ્છ દ્વારા અખાત્રીજના પવિત્ર દિવસે મિરઝાપર ખાતેની વાડીમાં મનોરમ ગોશાળાની ગાયોના સાનિધ્યમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચાર પ્રસાર સંયોજક રામજીભાઈ વેલાણીએ જણાવ્યું હતું કે, જેમને માતા તરીકે પૂજનીય માનીએ છીએ તે ધરતીને ઝેર આપીને અપરાધી ન બનીએ અને ગાયને આધાર બનાવીને ખેતી કરીએ.ભુજ સ્વામિનારાયણ મંદિર પ્રેરિત ગાય ખેતી અભિયાનના ખેડૂતો, કિસાન સંઘના કાર્યકર્તાઓ અને પ્રકૃતિ પ્રેમીઓ પોતાના પરિવારો સાથે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રોક્ત પૂજનવિધિ ભુદેવ મહેશભાઈ ઉપાધ્યાય, વ્યવસ્થા રમેશભાઈ દબાસીયા, ખેડૂતો સાથે સંકલન ભાવિન હુંબલ દ્વારા કરવામાં આવેલ. દેશી ગાયના પંચગવ્ય યુક્ત પૂજીત પવિત્ર માટીને પોતાના ખેતરમાં છંટકાવ કરવા સૌ ખેડૂતો પોતાના ખેતરે પરત લઈ ગયા હતા. સમગ્ર આયોજનનું સંકલન પશ્ચિમ કચ્છ જિલ્લા સંયોજક નવીનભાઈ ભુડીયાએ કર્યું હતું.

# જનપ્રતિનિધિ બન્યા બાદ લોકસંપર્ક જાળવી રાખવો અનિવાર્ય : હેમલતાબેન ગોર

## ભુજના પૂર્વ નગર અધ્યક્ષાએ ભાવિ નગરસેવકોને આપ્યો જનસેવાનો મંત્ર



ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાના પૂર્વ અધ્યક્ષા હેમલતાબેન ગોરે ભાવિ નગરસેવકોને જનસેવાનો મૂળમંત્ર આપતા જણાવ્યું હતું કે, ચૂંટાયા બાદ પાંચ વર્ષ સુધી પોતાના મત વિસ્તારના લોકો સાથે સતત સંપર્ક જાળવી રાખી, લોકોના પ્રશ્નોના ઉકેલ લવવા એ જ દરેક જન પ્રતિનિધિની નૈતિક ફરજ હોય છે. લોકોને જ્યારે કોઈ સમસ્યા હોય ત્યારે પોતાના પ્રતિનિધિનો સરળતાથી સંપર્ક કરી શકે તે જરૂરી હોય છે.

ભુજના નગર અધ્યક્ષા તરીકેના પોતાના કાર્યકાળને યાદ કરતા તેમણે જણાવ્યું હતું કે, તેમના સમયગાળા દરમ્યાન શહેરના છેવાડાના વિસ્તારોમાં પાણીની લાઈનો પહોંચતી કરવાને પ્રાથમિકતા આપી હતી. આજેય તે વિસ્તારના લોકો મળે ત્યારે પાણી મળ્યાનો આનંદ વ્યક્ત કરે ત્યારે આત્મસંતોષ થાય છે. તેમના સમયગાળા દરમ્યાન તેમણે નિયમિત પાણી વિતરણ, શહેરીન સફાઈ અને રોડ-રસ્તા જેવા માળખાકીય સુવિધાઓના કામોને પ્રાધાન્ય આપ્યું હતું. પાર્ટીના હોદ્દેદારો, સાથી નગરસેવકો અને સુધરાઈના કર્મચારીઓનો પુરતો સહકાર તેમને મળ્યો હતો. આજે ભુજ શહેર જ્યારે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે ભુજવાસીઓ ફરી એક વખત ભાજપની વિકાસલક્ષી રાજનીતિને સમર્થન આપશે અને જંગી બહુમતી સાથે ભુજમાં ભાજપ સત્તાનું .ફરી સૂકાન સંભાળશે તેવી લાગણી તેમાણે વ્યક્ત કરી હતી.

# કે.કે.પટેલ હોસ્પિટલને રાજ્યસ્તરીય પ્રતિષ્ઠિત સન્માન

## ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્ય હેલ્થકેર એક્સેલન્સ એવોર્ડ સમારોહમાં કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના તબીબ ડો. અરવિંદ ચંદ્રશેખરનને ક્રિટિકલ કેર ક્ષેત્રે ઉત્તમ યોગદાન બદલ સન્માનિત કરાયા : કચ્છમાં અધતન જીવરક્ષક સારવાર સેવાઓનો વિસ્તાર થયો

ભુજ - કચ્છઉદય : કચ્છના આરોગ્ય ક્ષેત્ર માટે ગૌરવ વધારતા પ્રસંગમાં કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, ભુજના ડિરેક્ટર પ્રોગ્રામ તથા ક્રિટિકલ કેર મેડિસીનના મુખ્ય સલાહકાર ડૉ. અરવિંદ ચંદ્રશેખરનને ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્ય હેલ્થકેર એક્સેલન્સ એવોર્ડ સમારોહમાં પ્રતિષ્ઠિત ક્રિટિકલ કેર ક્ષેત્રે ઉત્તમતા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ તથા બનાસ ડેરીના ચેરમેનના હસ્તે આ સન્માન રાજ્યભરના પ્રતિષ્ઠિત આરોગ્ય નિષ્ણાતોની ઉપસ્થિતિમાં પ્રદાન કરવામાં આવ્યું હતું.

કચ્છ જેવા સીમિત સાધનસામગ્રી ધરાવતા વિસ્તારમાં અધતન જીવરક્ષક સારવાર સુવિધાઓ વિકસાવવામાં ડૉ. અરવિંદ ચંદ્રશેખરન દ્વારા આપવામાં આવેલા વિશેષ યોગદાનને આ એવોર્ડ દ્વારા માન્યતા મળી છે. તેમના નેતૃત્વ હેઠળ હોસ્પિટલમાં ગંભીર દર્દીઓની સારવાર માટે અત્યાધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવી છે, જેના કારણે કચ્છના દર્દીઓને હવે મોટી સારવાર માટે બહાર જવું પડતું નથી. હોસ્પિટલમાં અતિ ગંભીર સ્થિતિના દર્દીઓ માટે વિશેષ સારવાર વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે, જેમાં શ્વસન સહાય તથા જીવનરક્ષક તંત્રની સુવિધાઓનો સમાવેશ થાય છે. આ વ્યવસ્થાઓના પરિણામે અનેક ગંભીર દર્દીઓને સમયસર સારવાર મળી જીવનદાન મળ્યું છે. ડૉ. ચંદ્રશેખરના માર્ગદર્શન હેઠળ કચ્છમાં પ્રથમ વખત વિશેષ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં તબીબી કર્મચારીઓને આધુનિક સારવાર પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. નર્સિંગ સ્ટાફ તથા તબીબોની ક્ષમતા વધારવા માટે નિયમિત તાલીમ વર્ગો યોજવામાં આવ્યા છે.

આ ઉપરાંત હોસ્પિટલમાં ચેપ નિયંત્રણ અને દવાઓના યોગ્ય ઉપયોગ અંગે વિશેષ સમિતિઓ કાર્યરત છે, જેના કારણે દર્દીઓની સુરક્ષા અને સારવાર ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે. ગંભીર અવસ્થાના દર્દીઓ માટે અંગદાન અને જીવનરક્ષક પ્રક્રિયાઓમાં પણ હોસ્પિટલએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

ડૉ. અરવિંદ ચંદ્રશેખરને આ સન્માન પ્રાપ્ત થયા બાદ જણાવ્યું હતું કે આ સિદ્ધિ માત્ર તેમની વ્યક્તિગત નથી પરંતુ સમગ્ર તબીબી ટીમની સમર્પિત સેવાઓનું પરિણામ છે. કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટના સતત સહયોગને પણ તેમણે આ સફળતામાં મહત્વપૂર્ણ ગણાવ્યો હતો.

આ સન્માનને કારણે કચ્છના આરોગ્ય ક્ષેત્રને રાજ્યસ્તરે નવી ઓળખ મળી છે અને જિલ્લાના દર્દીઓને અદ્યતન સારવાર સુવિધાઓ ઘરઆંગણે ઉપલબ્ધ બનતી હોવાનું સ્પષ્ટ થયું છે?

# ગૌ વંશ સેવાધામ ખાતે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ભુજ - કચ્છઉદય : અજરામર ટ્રસ્ટ ભુજ દ્વારા ભારાપર સીમ વિસ્તારમાં નવ નિર્માણ થઇ રહેલા રખડતા ભટકતા ગૌવંશ માટેના આશ્રય સ્થાન ગૌ વંશ સેવાધામ ખાતે માતાજીના નુતન મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાશે. સનાતન હિંદુ સંસ્કૃતિમાં દેવ દેવીઓ અને સ્થાપિત દેવોનો ખુબ મહિમા વર્ણવાયો છે, સંસારમાં થતા સેવાકીય સત્કાર્યો દેવ દેવીઓના અદ્રશ્ય,સાંકેતિક આશીર્વાદ અને આદેશ સાથે થતા હોય છે જેમાં સેવાના ભાવ ધરાવતા લોકો સામુહિક રીતે આવા કાર્યમાં સહભાગી થતા હોય છે.

ગૌ વંશ સેવાના ઉમદા ભાવ સાથે નિર્મિત આ સંકુલમાં આઈ ખોડિયાર માતાજીના નુતન મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે જેનો લાભ ઉદારદિલ દાતા અને મહિલા આગેવાન કમલબેન તુલસીદાસ જોષીએ લીધો છે, જ્યારે અન્ય દેવ મૂર્તિઓનો લાભ અમદાવાદના હેમલતાબેન નવીનચંદ્ર રાજગોર દ્વારા લેવામાં આવ્યો છે. મંદિરમાં જરૂરી રોજબરોજની પૂજાપા સહિતની સામગ્રીઓનો લાભ સ્વ.હિરેનભાઈ મહેતાની સ્મૃતિમાં ઈલાબેન હિરેનભાઈ મહેતા ભુજએ લીધો છે. નુતન મંદિરમાં હિંદુ શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ તા ૨૩/૪ અને ૨૪/૪ના રોજ યોજાશે આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સૌ કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# નખત્રાણાના નિષ્કલંકી નારાયણ યાત્રાધામ ખાતે સમૂહલગ્નમાં ૧૩ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા

## રૂા. ૬૦ લાખના મંડપનું લોકાર્પણ અને દાનવીરોનું સન્માન યોજાયું

નખત્રાણા - કચ્છ ઉદય : અક્ષય તૃતીયાના પાવન અવસરે કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ દ્વારા વિકાસ ટ્રસ્ટના આયોજન હેઠળ નિષ્કલંકી નારાયણ યાત્રાધામ ખાતે ૧૩મો સમૂહ લગ્નોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે ૧૩ નવયુગલોએ પરંપરાગત વિધિ મુજબ પ્રભુતામાં પગ માંડી નવું દાંપત્ય જીવન શરૂ કર્યું હતું. સમૂહ લગ્નોત્સવ સાથે જ રૂ. ૬૦ લાખના ખર્ચે નવનિર્મિત વિશાળ લગ્ન મંડપ (ડોમ)નું સંતો, સમાજના આગેવાનો અને મહેમાનોના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સતપંથ સનાતન વિકાસ ટ્રસ્ટના પ્રમુખ શિવજીભાઈ ધોળુ અને નિષ્કલંકીધામ સંચાલન સમિતિના પ્રમુખ જેન્તીલાલ લીંબાણીની અધ્યક્ષતામાં સંતો મહંત શાંતિપ્રિયદાસજી, મહામંડલેશ્વર સ્વામી દિવ્યાનંદજી મહારાજ, સુરેશદાસજી બાપુ સહિતના સંતો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. લગ્નવિધિ દરમિયાન સંતોએ જીવનમૂલ્યો અંગે માર્ગદર્શન આપ્યું હતું. લઘુ મહંત સુરેશદાસજી મહારાજે જણાવ્યું કે ધર્મપાલન અને સદ્ગુરુના શરણથી માનવ જીવન સાર્થક બને છે અને ચાર પુરુષાર્થના અનુસરણથી દાંપત્ય જીવન સુખમય બને છે. સંત શાંતિપ્રિયદાસજી મહારાજ, સ્વામી દિવ્યાનંદજી મહારાજ તથા અન્ય સંતોએ પણ માતા-પિતા અને વડીલોની સેવા દ્વારા જીવનને ધન્ય બનાવવા ઉપદેશ આપ્યો હતો. આચાર્ય હરેશભાઈ શાસ્ત્રીએ સપ્તપદીના અર્થ સમજાવી લગ્નજીવનના આધ્યાત્મિક મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. સમાજના આગેવાનોએ સમૂહ લગ્નોત્સવને સમય અને ખર્ચ બચાવનાર ઉત્તમ સામાજિક પરંપરા ગણાવી હતી. ટ્રસ્ટના પ્રમુખ શિવજીભાઈ ધોળુ, લાલજીભાઈ ધોળુ અને હીરાભાઈ ભીમાણીએ જણાવ્યું કે આવા આયોજનથી સમાજમાં આર્થિક બચત સાથે સામાજિક એકતા પણ મજબૂત બને છે. આ પ્રસંગે વિવિધ દાતાઓ દ્વારા દાનની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં યુવા સંઘ દ્વારા શૈક્ષણિક અને આરોગ્ય સહાય માટેની જાહેરાત બાદ સ્થળ પર જ રૂ. ૫ લાખનું દાન જાહેર થયું હતું. ઉપરાંત આજીવન કન્યાદાન અને નિયમિત કન્યાદાન માટે અનેક દાતાઓનું સંતોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજજનો, મહિલા સંઘના પ્રતિનિધિઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ધાર્મિક માહોલમાં સમૂહ લગ્નોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# ભુજ શહેરમાં કોંગ્રેસ છવાઈ જશે તેવું જણાવતા વોર્ડ ૩ના ઉમેદવાર ફકીરમામદ કુંભાર



ભુજ-કચ્છ ઉદય : વોર્ડ નંબર ત્રણના ઉમેદવાર ફકીરમામદભાઈ કુંભારે એક ખાસ મુલાકાતમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સમગ્ર ભુજ શહેરમાં કોંગ્રેસ પક્ષ છવાઈ જશે અને ભુજ નગરપાલિકામાં કોંગ્રેસનું શાસન આવશે. તેમણે તેમના વોર્ડ નંબર ત્રણની સમસ્યાઓ વિશે જણાવતાં કહ્યું કે સૌથી પહેલી સમસ્યા ઘાસચારા માર્કેટ નવી બનાવવાની છે,જે તે કોંગ્રેસ ચૂંટાયા પછી બનાવશે. આ ઉપરાંત વરસાદનું પાણી ભરાય છે તે માટે પણ કાયમી ઉકેલ કરાશે.

નિયમિત પાણી વિતરણ, સફાઈ વગેરે અન્ય પ્રશ્નો ઉપર પણ ધ્યાન આપશે. તેમણે પોતાની વાત કરી કે તેઓ ૧૯૯૫ થી ભુજના નગરસેવક તરીકે પાંચ વર્ષ હતા. તેના પછી જ્યારે તેઓ નગરસેવક નહોતા ત્યારે પણ ફક્ત વોર્ડ નંબર ત્રણની નહીં પરંતુ સમગ્ર ભુજના લોકોની દિલથી સેવા કરતા આવ્યા છે અને બધા લોકોને તેમનો મોબાઈલ નંબર આપી દે છે. જ્યારે પણ લોકોને કંઈ પણ તકલીફ પડે ત્યારે તેઓ તેમની વહારે ઉભા જ રહે છે. ફક્ત ભુજ નગરપાલિકાના જ નહીં પરંતુ કોઈપણ જાતની વહીવટી કે અન્ય કોઈ તકલીફ પડે,દાખલા કઢાવવાના હોય કોઈ પણ પ્રશ્ન હોય તો લોકો ફકીરમામદ કુંભારને યાદ કરે છે અને લોકોનું કામ ન થાય ત્યાં સુધી સતત પ્રયાસ કરે છે તેવું તેમણે જણાવ્યું હતું.

# જામનગરના પંડિત દીનદયાળ આવાસનો ‘સદાબહાર ડાયરો’

ભુજ - કચ્છઉદય : જામનગર શહેર એટલે તો છોટા કાશી, પણ આ શહેરના એક ખૂણે આવેલા પંડિત દીનદયાળ આવાસમાં રોજ સાંજે એક અનોખું ‘કાશી’ ભરાય છે. અહીં મંદિરોની આરતીના ઝાલર વાગે એ પહેલાં જ આવાસની ઓફિસ ની બાજુની પડથાલ પર હાસ્યના કડાકા - ભડાકા શરૂ થઈ જાય છે. આ છે અતુલભાઈ ઠક્કર અને તેમની સદાબહાર મિત્ર મંડળી.



અતુલભાઈ અને અન્નપૂર્ણાનો સ્વાદ : ઘરના સભ્યો હંમેશા ચિંતામાં રહે, “અતુલભાઈ, તમારી તબિયત વારંવાર નાદુરસ્ત રહે છે, બહુ દૂર ના જશો ! પણ અતુલભાઈનું મન તો આવાસનાએ પડથાલ અને ભત્રીજા દીપકભાઈના ઘરે જ અટકેલું હોય. પંદર દિવસે એકવાર જ્યારે તેઓ દીપકભાઈના ઘરે જમવા જાય, ત્યારે તેમનો આનંદ બેવડાઈ જાય છે. દીપકભાઈ અને તેમનું આખું ફેમિલી અતુલભાઈને જે માન - પાન આપે, એ જોઈને અતુલભાઈ પોતાની બધી બીમારી ભૂલી જાય એમાંય વળી ભત્રીજા વહુ હેતલબહેન! અતુલભાઈ ગર્વથી આખા ગ્રુપમાં કહે છે, “ભાઈ, સાક્ષાત માં અન્નપૂર્ણા એમના હાથમાં વસેલા છે, એવું જમણ તો જામનગરમાં ક્યાંય ન મળે!” જમીને અતુલભાઈ બાંકડા પર પહોંચે એટલે ત્યાં પહેલાથી જ સભ્યો હાજર હોય. મંડળીના સૌથી શાંત અને સરળ જીવ એટલે બિપીનભાઈ દવે. અતુલભાઈ બેસતા વેંત જ ફિરકી લે, “બિપીન, તું સાવ ભોળો છે હો ! આ દુનિયા ક્યાં પહોંચી ગઈ અને તું હજી આ વ્યાસજીની વાતોમાં આવી જાય છે !” બિપીનભાઈ બિચારા ફક્ત મલકાઈને રહી જાય. બાજુમાં અશોકભાઈ મહેતા, મનુભાઈ રાવલ અને ખાનભાઈ ગંભીર ચર્ચામાં હોય, પણ એમની નજર તો પેલા બે ‘દિગ્ગજો’ પર જ હોય જે ગ્રુપનું મનોરંજન પુરૂ પાડે છે. જેઠાલાલ ચાંદ્રા અને હરીશભાઈ વ્યાસ બંને વચ્ચે એવી નોકજોક ચાલે કે પંડિત દીનદયાળ આવાસમાં આખું જામનગર સાંભળવા ઉભું રહી જાય.

માટીનું મંદિર અને વ્યાસજીની ‘કાતર’ : એક સાંજે જેઠાભાઈ બહુ ઉત્સાહમાં એક નાનકડું માટીનું મંદિર લઈ આવ્યા. અંદર એક નાનો દીવો પ્રગટતો હતો. જેઠાભાઈએ હરખાઈને બધાને બતાવ્યું. અતુલભાઈ અને અશોકભાઈએ વખાણ કર્યા, “વાહ જેઠાભાઈ, બહુ સુંદર છે !

ત્યાં જ વ્યાસજીની એન્ટ્રી થઈ. ચશ્માં નાક પર ચડાવી, મંદિરમાં ડોકિયું કરી વ્યાસજી બોલ્યા, જેઠાલાલ, મંદિર તો ઠીક છે પણ આમાં આટલો નાનો દીવો ? આમાં તો દિવેલ નાખતા જ અડધું બહાર ઢોળાય ! અને પાંચ મિનિટમાં તો દીવો ઠરી જાય, ભગવાનને અંધારામાં રાખવા છે કે શું ?” જેઠાભાઈ ગિન્નાયા, વ્યાસજી આમાં ભાવ જોવાનો હોય, તમે તો ભગવાનના મંદિરમાં પણ એન્જિનિયરિંગ શોધવા બેઠા ?”

વ્યાસજીની ટિપ્પણી અને નવો ઝભ્ભો : બીજા એક દિવસે જેઠાભાઈ નવો કોરો - ધાકોર ઝભ્ભો પહેરીને આવ્યા. બધાએ વખાણ કર્યા. વ્યાસજી નજીક આવ્યા ઝભ્ભાનું કાપડ પકડીને બોલ્યા, “જેઠાલાલ, કપડું તો સારૂં છે પણ દરજીએ સોલ્ડર (ખભા) પાસે થોડી ભૂલ કરી લાગે છે, તમારો ડાબો ખભો થોડો નીચો દેખાય છે !” જેઠાભાઈ તો હદ કરી ગયા, “અલ્યા વ્યાસજી, ખભો મારો નીચો છે, દરજીનો વાંક નથી !” આ સાંભળી આખું ગ્રુપ, જેમાં યુવાન મેમ્બર ધર્મેન્દ્રભાઈ ચુડાસમા પણ સામેલ હતા, ખડખડાટ હસી પડ્યું. અતુલભાઈએ હસતા હસતા બિપીનભાઈને ચીમટો ભર્યો, “જોયું બિપીન ? આ વ્યાસજીને તો સાક્ષાત બ્રહ્માજી આવીને સર્ટિફિકેટ આપે તો એમાંય ભૂલ કાઢે!”

રાત વધતી જાય, મજાક - મસ્તી ચાલતી રહે. છેલ્લે જ્યારે છૂટા પડવાનો સમય થાય ત્યારે બધાના ચહેરા પર એક અનોખો સંતોષ હોય. અતુલભાઈ ઉભા થતા વિચારે કે ભલે તબિયત નાદુરસ્ત રહેતી હોય, પણ જ્યાં સુધી આવા મિત્રો અને હેતલબહેન જેવી અન્નપૂર્ણા વહુનો પ્રેમ છે, ત્યાં સુધી જિંદગીમાં કોઈ રોગ ટકી શકવાનો નથી. આમ જામનગરના આ આવાસમાં આ આઠેય મિત્રોની જોડી રોજ હાસ્યના દીવા પ્રગટાવે છે, જેમાં તેલ ભલે વ્યાસજી ઓછું જુએ, પણ સ્નેહ હંમેશા છલોછલ હોય છે!

મંડળીના સદાબહાર સિતારાઓમાં અતુલભાઈ ઠક્કર (મુખ્ય સૂત્રધાર અને ગ્રુપની શાન), બિપીનભાઈ દવે (અતુલભાઈના ભોળા પરમ મિત્ર), જેઠાલાલ ચાંદ્રા (નોકજોકનો ટાર્ગેટ), હરીશભાઈ વ્યાસ (ખામી શોધવામાં એક્સપર્ટ), અશોકભાઈ મહેતા (શાંત અને ગંભીર), મનુભાઈ રાવલ (અનુભવી સલાહકાર), ખાનભાઈ (ગૌરવવંતુ વ્યક્તિત્વ), ધર્મેન્દ્રભાઈ ચુડાસમા (ટોળીનો ઉત્સાહી યુવાન) છે.

# પરશુરામ જયંતિની પૂર્વ સંધ્યાએ ભુજમાં સંસ્કૃત વાંચન તેમજ લેખન સ્પર્ધા યોજાઈ



ભુજ - કચ્છ ઉદય : શહેર ખાતે સંસ્કૃત પાઠશાળામાં પરશુરામ જયંતિની પૂર્વ સંધ્યાએ બાળકો માટે શ્રેષ્ઠ સંસ્કૃત વાંચન અને લેખન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. તેમાં પ્રથમ સાત વિજેતાઓને ઈનામો તુષારભાઈ ધોળકિયા, વિભાકરભાઈ અંતાણી અને કામિનીબેન માંકડના હસ્તે અપાયા હતા. આ પ્રસંગે સંસ્કૃત પ્રચારક હરેશભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયક તરીકે આશાબેન સ્વાદિયાએ સેવા આપી હતી. જ્યારે ઈનામો ડો.પૂર્વ સિવિલ સર્જન અને સંસ્કૃત પ્રેમી વી.સી. દવે દ્વારા અપાયા હતા.તેવું જયશ્રીબેન હાથીએ જણાવ્યું હતું. સંચાલન વારીશભાઈ પટણી અને આભારવિધિ દર્શનાબેન મુનસીએ કરી હતી.

## અભિષેક બચ્ચનની યુરોપિયન ટીર૦ પ્રીમિયર લીગમાં ગ્લાસગો ટીમનો માલિક અને એમ્બેસેડર બન્યો ગેઇલ



(એજન્સી દ્વારા)

મુંબઈ : યુરોપની પ્રથમ આઈસીસી-માન્ય ટીર૦ ફ્રૅન્ચાઈઝી લીગ યુરોપિયન ટીર૦ પ્રીમિયર લીગમાં સ્કૉટલૅન્ડનું પ્રતિનિધિત્વ કરતી લીગની ગ્લાસગો સ્થિત ફ્રૅન્ચાઈઝીએ મોટી જાહેરાત કરી હતી. ભારતીય માલિક ધરાવતા મુગાફી ગ્રુપ સાથે વેસ્ટ ઈન્ડીઝનો ભૂતપૂર્વ ક્રિકેટર ક્રિસ ગેઈલ સહ-માલિક અને ગ્લોબલ બ્રૅન્ડ-ઍમ્બૅસૅડર તરીકે જોડાયો છે. તે પહેલી વખત કોઈ ટીમના માલિકી-ગ્રુપનો ભાગ બન્યો છે. ૨૬ ઑગસ્ટથી ૨૦ સપ્ટેમ્બર વચ્ચે રમાનારી પહેલી સીઝનમાં ૬ ટીમો વચ્ચે ૩૩ મૅચ રમાશે. ક્રિકેટ આયરલૅન્ડ, ક્રિકેટ સ્કૉટલૅન્ડ અને રૉયલ ડચ ક્રિકેટ અસોસિએશન સાથે ભાગીદારીમાં વિકસાવવામાં આવી રહેલી આ લીગના માલિકોમાં ઍક્ટર અભિષેક બચ્ચન પણ સામેલ છે.

# આઈપીએલના મેદાનમાં હવે ખેલાડીઓ પણ મળશે 'લોન' પર



**અશ્વિને સીએસકે માટે આપ્યું બ્રહ્માસ્ત્ર**

(એજન્સી દ્વારા)

ચેન્નઈ : આઈપીએલ ૨૦૨૬માં અત્યારે મેદાન પર ચોગ્ગા-છગ્ગાની સાથે ઈજાઓનો સિલસિલો પણ તેજ બન્યો છે. ચેન્નાઈ સુપર કિંગ્સ અત્યારે સૌથી વધુ મુશ્કેલીમાં છે કારણ કે ફોર્મમાં ચાલી રહેલા આયુષ મ્હાત્રે સહિત ત્રણ મોટા ખેલાડીઓ સીઝનમાંથી બહાર થઈ ગયા છે. આ કટોકટી વચ્ચે રવિચંદ્રન અશ્વિને સીએસકેને એક માસ્ટરપ્લાન આપ્યો છે અને આરસીબીના એક ખેલાડીને 'ઉધાર' લેવાની સલાહ આપી છે.

અશ્વિને ૨૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સોશિયલ મીડિયા પર સૂચન કર્યું કે સીએસકે અત્યારે આરસીબીના વિહાન મલ્હોત્રાને લોન પર લઈ શકે છે. વિહાન અત્યંત પ્રતિભાશાળી છે અને તેણે હજુ સુધી એક પણ મેચ રમી નથી. અશ્વિનના મતે, જો વિહાન ન મળે તો ડાબા હાથના બેટ્સમેન અભિજ્ઞાન કુંડુ પણ સારો વિકલ્પ સાબિત થઈ શકે છે. અશ્વિને ઈશારામાં સીએસકેને લોન વિન્ડો બંધ થાય તે પહેલા પગલાં લેવા જણાવ્યું છે.

આઈપીએલના નિયમો મુજબ, જ્યારે કોઈ ટીમ ૭ મેચ (સીઝનની અડધી મેચો) રમી લે તે પહેલા જ લોન વિન્ડો ખુલ્લી રહે છે. સીએસકેએ અત્યાર સુધી ૬ મેચ રમી છે, તેથી તેમની પાસે અત્યારે આ નિયમનો ઉપયોગ કરવાની છેલ્લી તક છે. ૭ મેચ પૂરી થયા પછી આ સુવિધા બંધ થઈ જાય છે.

હવે જોવાનું એ રહેશે કે શું સીએસકે અશ્વિનની આ સલાહ માનીને આ રામબાણ ઈલાજ અપનાવે છે કે કેમ. આઈપીએલના ઈતિહાસમાં આ નિયમનો ઉપયોગ ભાગ્યે જ જોવા મળે છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતા આ એક મોટો વળાંક સાબિત થઈ શકે છે.

### નિયમની કડક શરતોઃ

- કોને લઈ શકાય?: જે ખેલાડીએ તે સીઝનમાં મહત્તમ ૨ થી વધુ મેચ રમી ન હોય (પ્લેઈંગ ૧૧ કે કનકશન સબ તરીકે), તેને જ લોન પર લઈ શકાય છે.
- સામેની ટીમ સામે પ્રતિબંધઃ જો સીએસકે આરસીબી પાસેથી કોઈ ખેલાડી લોન પર લે છે, તો તે ખેલાડી આરસીબી સામેની મેચમાં રમી શકશે નહીં.
- ખેલાડીની સંમતિઃ લોન ટ્રેડ માટે સંબંધિત ખેલાડીની મંજૂરી હોવી ફરજિયાત છે.
- પગાર કોણ ચૂકવશે?: જે ટીમે ઓક્શનમાં ખેલાડીને ખરીદ્યો હોય તે જ તેનો કોન્ટ્રાક્ટ મુજબનો પગાર ચૂકવે છે. પરંતુ જે ટીમ લોન પર લે છે, તેણે ખેલાડીને 'પર મેચ ફી' આપવી પડે છે અને બીજી ફ્રેન્ચાઈઝી સાથે લોન ફી નક્કી કરવી પડે છે.

### સીઝન પૂરી થતા જ વરઘોડો પાછો

આ લોન માત્ર તે સીઝન પૂરતી જ મર્યાદિત હોય છે. આઈપીએલ ૨૦૨૬ પૂરી થતા જ લોન પર ગયેલો ખેલાડી ફરીથી તેની મૂળ ટીમનો જ હિસ્સો બની જાય છે. એક ટીમ એક સીઝનમાં કોઈ પણ એક ટીમ પાસેથી મહત્તમ બે ખેલાડીઓ લોન પર લઈ શકે છે.

# દિલ્હી સામે સનરાઈઝર્સનો શાનદાર વિજય



(એજન્સી દ્વારા)

હૈદરાબાદ : આક્રમક ઓપનર તરીકે ખ્યાતિ પ્રાપ્ત અભિષેક શર્માએ ફાંકડી સદી ફટકારતાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૬ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં દિલ્હી કેપિટલ્સ સામે સનરાઈઝર્સ હૈદરાબાદનો ૪૭ના અંતરથી ભવ્ય વિજય થયો હતો. અભિષેકે દસ સિક્સર સહિત અણનમ ૧૩૫ રન ફટકાર્યા હતા. અહીંના રાજીવ ગાંધી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં સનરાઈઝર્સ હૈદરાબાદે ૨૦ ઓવરમાં માત્ર બે વિકેટ ગુમાવીને ૨૪૨ રનનો વિશાળ સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં દિલ્હી કેપિટલ્સે તેની ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૯૫ રન કર્યા હતા.

૨૪૩ રનના કપરા ટારગેટ સામે રમતાં દિલ્હીએ ત્રીજી ઓવરમાં નિસાક્રાની વિકેટ ગુમાવી દીધી હતી. નિસાનકાને તેના જ સાથી બોલર મદ્દુશંકાએ આઉટ કરી દીધો હતો. જોકે રાહુલ અને નિતિશ રાણાએ આક્રમક બેટિંગ કરી હતી અને હૈદરાબાદની સરખામણીએ જ રનરેટ જાળવી રાખ્યો હતો. બંનેએ ૪૫ બોલમાં ૮૬ રન ઉમેરી દીધા હતા. અંતે રાહુલ ત્રણ સિક્સર સાથે ૩૭ રન ફટકારીને આઉટ થયો અને હૈદરાબાદના બોલર્સે અહીંથી વળતો પ્રહાર કર્યો હતો. લગભગ ચાર બોલના ગાળામાં દિલ્હીએ ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી જેમાં ઈશાન મલિંગાએ ઉપરા ઉપરી બોલમાં નિતિશ રાણા અને ડેવિડ મિલર (પહેલા જ બોલે)ને પેવેલિયન ભેગા કરી દીધા હતા. સમીર રિઝવીએ થોડી લડત આપી હતી. હૈદરાબાદ માટે શ્રીલંકન બોલર ઈશાન મલિંગાએ ૩૨ રનમાં ચાર વિકેટ લીધી હતી. હર્ષ દૂબેએ છેલ્લી ઓવરમાં ત્રણ વિકેટ ખેરવી હતી.

અગાઉ અભિષેક શર્માની વિસ્ફોટક સદીની મદદથી સનરાઈઝર્સ હૈદરાબાદે હરીફ ટીમના બોલરોની પીંછેહઠ કરી રનનો પહાડ ખડક્યો હતો, મંગળવારે અહીં રમાયેલી આઈપીએલની મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદના યુવા બેટર અભિષેક શર્માએ દિલ્હી કેપિટલ્સના લાચાર બોલિંગ આક્રમણના ધજાગરા ઉડાડતા શાનદાર અણનમ સદી ફટકારી હતી. તેની સદીના દમ પર હૈદરાબાદે ૨૦ ઓવરમાં બે વિકેટે ૨૪૨ રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. દિલ્હીએ ટોસ જીતીને હૈદરાબાદને પ્રથમ બેટિંગ આપવાનો નિર્ણય લીધો હતો જે તેને ભારે પડી ગયો હતો. સમગ્ર ઈનિંગ્સમાં માત્ર બે વિકેટ પડી હતી જેમાં એક બેટર રનઆઉટ હતો અને બીજાને અક્ષર પટેલે આઉટ કર્યો હતો. અભિષેક શર્માએ માત્ર ૬૮ બોલમાં અણનમ ૧૩૫ રન ફટકારીને મેદાનના ચારેય ખૂણે રન કર્યા હતા.

### હર્ષ દુબેએ ૨૦મી ઓવરમાં ૩ વિકેટ ઝડપી રચ્યો ઈતિહાસ




(એજન્સી દ્વારા)

હૈદરાબાદ : આઈપીએલ ૨૦૨૬માં સનરાઈઝર્સ હૈદરાબાદે દિલ્હી કેપિટલ્સને ૪૭ રનથી હરાવીને સીઝનની ચોથી જીત મેળવી છે. આ મેચમાં બેટિંગમાં અભિષેક શર્મા (૧૩૫ રન) ચમક્યો હતો, પરંતુ બોલિંગમાં ૨૩ વર્ષના સ્પિનર હર્ષ દુબેએ છેલ્લી ઓવરમાં ૩ વિકેટ ઝડપીને રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવી દીધું છે. આઈપીએલ ઈતિહાસમાં હર્ષ દુબે પારીની છેલ્લી એટલે કે ૨૦મી ઓવરમાં ૩ વિકેટ ઝડપનારો માત્ર ૫મો સ્પિનર બન્યો છે. તે ડોમેસ્ટિક ક્રિકેટમાં વિદર્ભ માટે રમે છે. ૨૦૨૪-૨૫ના રણજી ટ્રોફી સીઝનમાં તેણે ૬૯ વિકેટ ઝડપીને ઈતિહાસ રચ્યો હતો, જે કોઈ એક સીઝનમાં કોઈ પણ બોલર દ્વારા લેવામાં આવેલી સૌથી વધુ વિકેટનો રેકોર્ડ છે. તેને આઈપીએલ ૨૦૨૫ માં રિપ્લેસમેન્ટ પ્લેયર તરીકે ટીમમાં સામેલ કર્યો હતો. અત્યાર સુધીની ૯ મેચમાં તેણે ૧૩ વિકેટ ઝડપી છે. દિલ્હી સામે ૨ ઓવરમાં માત્ર ૧૨ રન આપી ૩ વિકેટ લેવી એ તેનું અત્યાર સુધીનું સવર્શ્રેષ્ઠ પ્રદર્શન છે.

- અમિત મિશ્રા (૨૦૦૮): ડેક્કન ચાર્જર્સ સામે
- એડમ ઝામ્પા (૨૦૧૬): સનરાઈઝર્સ હૈદરાબાદ સામે
- રાહુલ તેવટિયા (૨૦૧૮): ઙ્ઙ્ઘઈ સામે
- કૃણાલ પંડ્યા (૨૦૨૫): ઈઝ્રજી સામે
- હર્ષ દુબે (૨૦૨૬): દિલ્હી કેપિટલ્સ સામે

### અભિષેકના બેટથી ચોગ્ગા છગ્ગાના જ ૧૦૦ રન!



દિલ્હી કેપિટલ્સ સામે અભિષેક શર્માએ તોફાની ઈનિંગ રમતા ૬૮ બોલમાં ૧૩૫ રન જડી દીધા હતા. અભિષેકે ૧૦ ચોગ્ગા અને ૧૦ છગ્ગા ફટકાર્યા હતા અને અણનમ રહ્યો હતો. આમ જોવા જઈએ તો ઈનિંગ દરમિયાન ચોગ્ગા છગ્ગાની મદદથી અભિષેક શર્માએ ૧૦૦ રન બનાવ્યા હતા. ૧૦ ચોગ્ગાથી ૪૦ રન તો ૧૦ છગ્ગાથી ૬૦ રન બનાવી અભિષેકે હૈદરાબાદ માટે રનનો ખડકલો કરી દીધો હતો.

### ટી-૨૦માં અભિષેકે કરી કોહલીની બરાબરી

| | |
|---|---|
| ૯: અભિષેક શર્મા (૧૮૪ ઈનિંગ્સ) | ૭: ઈશાન કિશન (૨૨૭ ઈનિંગ્સ) |
| ૯: વિરાટ કોહલી (૪૦૩ ઈનિંગ્સ) | ૭: સંજુ સેમસન (૩૧૯ ઈનિંગ્સ) |
| ૮: રોહિત શર્મા (૪૫૪ ઈનિંગ્સ) | ૭: કેએલ રાહુલ (૨૩૧ ઈનિંગ્સ) |


### અભિષેક શર્માઃ સ્ટ્રાઈક રેટમાં સર્વોપરી

અભિષેકનો સ્ટ્રાઈક રેટ પણ અન્ય દિગ્ગજો કરતા ઘણો વધારે છે. ૧૭૪.૬૨ ના સ્ટ્રાઈક રેટ સાથે તે ઈશાન કિશન (૧૪૩), વિરાટ કોહલી (૧૩૫), સંજુ સેમસન (૧૩૯) અને કેએલ રાહુલ (૧૩૭) કરતા ઘણો આગળ છે. આ શાનદાર ઈનિંગની મદદથી અભિષેક શર્મા આઈપીએલ ૨૦૨૬ માં ૩૦૦ રન પૂરા કરનાર પ્રથમ ખેલાડી બની ગયો છે. આ સાથે જ ઓરેન્જ કેપ પણ હવે તેના નામે થઈ ગઈ છે. તેના આઈપીએલ કરિયરની આ બીજી સદી છે, જેમાંથી પ્રથમ તેણે ૨૦૨૫માં ફટકારી હતી.

### અભિષેકે ટીર૦ ફોર્મેટમાં કુલ ૩૫૦ છગ્ગા પણ પૂરા

અભિષેકે ટીર૦ ફોર્મેટમાં કુલ ૩૫૦ છગ્ગા પણ પૂરા કર્યા છે. આ સિવાય તે ટીર૦ ક્રિકેટમાં ૧૩૦થી વધુનો સ્કોર સૌથી વધુ ૪ વખત બનાવનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બની ગયો છે, જેણે આ મામલે એરોન ફિંચ અને ક્રિસ ગેલ (૩ વખત) ને પાછળ છોડી દીધા છે. આઈપીએલના ઈતિહાસમાં સૌથી મોટી ઈનિંગ્સ રમવાના મામલે પણ તે ટોચના ખેલાડીઓમાં સામેલ થયો છે. ક્રિસ ગેલ (૧૭૫), બ્રેન્ડન મેક્કુલમ (૧૫૮), અને ક્વિન્ટન ડી કોક (૧૪૦) પછી અભિષેક શર્માના ૧૪૧ (વર્ષ ૨૦૨૫) અને ૧૩૫ (વર્ષ ૨૦૨૬) રન શ્રેષ્ઠ ઈનિંગ્સમાં ગણાય છે.

## હિટ વિકેટ : ઘરખમ ખેલાડીઓના 'ફ્લોપ શો' થી ટીમ પરફોર્મન્સ નબળા



(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : આઈપીએલમાં ટીમની સફળતા ઘણી વાર જવાબદારી તેના 'વિશ્વાસુ' ખેલાડીઓ પર હોય છે. પરંતુ આવા સ્ટાર્સના 'મૌન'ને કારણે ટીમ રેકિંગમાં તળિયે પહોંચી ગઈ છે. કેપ્ટનશિપનું દબાણ હોય કે ઈજા, ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડને હજુ સુધી ફોર્મ મળ્યું નથી. ગાયકવાડ, જે સામાન્ય રીતે દર સીઝનમાં ૫૦૦ થી વધુ રન બનાવે છે, આ સીઝનમાં છ મેચમાં ફક્ત ૮૨ રન જ બનાવી શક્યા છે. તેમની સરેરાશ માત્ર ૧૩.૬૭ અને સ્ટ્રાઈક રેટ ૧૧૨.૩૩ છે, જે તેની ક્ષમતા કરતાં ઘણો ઓછો છે.સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ૧૦ રનની હાર એ વાતનો પુરાવો છે કે ટીમને યોગ્ય સમયે ગાયકવાડના બેટમાંથી રનની જરૂર છે. તળિયે રહેલા કોલકાતા નાઈટ રાઈડર્સ માટે, તેમનો ટોપ ઓર્ડર અને બંને ફિનિશર ચિંતાનો વિષય રહ્યા છે. ફિન એલન પાસેથી સારું પ્રદર્શન કરવાની અપેક્ષા હતી, પરંતુ પાંચ ઈનિંગ્સમાં ૧૬.૨૦ ની સરેરાશથી માત્ર ૮૧ રન બનાવ્યા બાદ તેને બેન્ચ પર બેસાડવામાં આવ્યો. દરમિયાન, ટીમનો વિશ્વસનીય ફિનિશર, રિંકુ સિંહ, શરૂઆતની મેચોમાં નિષ્ફળ ગયો (૧૯.૭૫ ની સરેરાશ સાથે) અને તે બેવડો ફટકો હતો. જોકે, રાજસ્થાન રોયલ્સ સામેની તેની અડધી સદીએ કોલકાતાને તેમની સાતમી મેચમાં પ્રથમ જીત અપાવી. આ સાબિત કરે છે કે આવા ખેલાડીઓ માટે ફોર્મમાં રહેવું કેટલું મહત્વપૂર્ણ છે. પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ પણ ખરાબ હાલતમાં છે, જેમણે છ મેચમાંથી ફક્ત બે જ જીતી છે અને તેઓ સાતમા ક્રમે છે. ૨૦૧૬ પછી બુમરાહની આ સૌથી ખરાબ સિઝન છે. તે તેની છઠ્ઠી મેચમાં ખાતું ખોલ્યું છે. તેની ઈકોનોમી (૮.૬૩) પણ ૨૦૧૬ પછીની સૌથી વધુ છે. દરમિયાન, સૂર્યકુમાર યાદવનું બેટ પણ શાંત રહ્યું છે. છ ઈનિંગ્સમાં ૧૨૧ રન (સરેરાશ ૨૦.૧૬) સાથે, તે ગયા સિઝનના તેના ૭૦૦ થી વધુ રનના પ્રદર્શનથી ઘણો દૂર છે. તિલક વર્માએ પણ ગુજરાત સામે સદી ફટકારી, જેનાથી મુંબઈને ચાર મેચ પછી જીત મળી. લખનૌ સુપર જાયન્ટ્સ માટે, એડન માર્કરામ છ મેચમાં ૨૭ની સરેરાશથી ફક્ત ૧૬૨ રન બનાવી શક્યો છે. પરંતુ સૌથી મોટી ચિંતા નિકોલસ પૂરનની છે, જેણે ગયા સિઝનમાં ૫૨૪ રન બનાવ્યા હતા પરંતુ આ સિઝનમાં પાંચ ઈનિંગ્સમાં ૮.૪૦ ની સરેરાશથી ફક્ત ૪૨ રન બનાવી શક્યો છે. તેનો સ્ટ્રાઈક રેટ પણ ઘટીને ૭૬.૩૬ થઈ ગયો છે.

## નેટમાં ધોનીની સતત પ્રેક્ટિસ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : આઈપીએલ ૨૦૨૬ માં ચેન્નાઈ સુપર કિંગ્સના ભૂતપૂર્વ કેપ્ટન અને દિગ્ગજ વિકેટકીપર-બેટ્સમેનને એક્શનમાં જોવા માટે દરેક વ્યક્તિ ઉત્સુક છે. હવે, ચાહકોની રાહનો અંત આવવાનો છે.

ચેન્નાઈ સુપર કિંગ્સે એક વીડિયો શેર કર્યો છે, જેના કારણે અટકળો શરૂ થઈ છે કે ધોની આ સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે ટીમના આગામી મેચમાં પહેલી વાર મેદાનમાં જોવા મળી શકે છે. હેમસ્ટ્રિંગ ઈજાને કારણે ધોની ઝ્રજીદ્ભ માટે પ્રથમ છ મેચ ગુમાવી



શક્યો હતો, પરંતુ થાલા મુંબઈ સામેની એલ ક્લાસિકોમાં ધમાલ મચાવવા માટે તૈયાર દેખાય છે. ચેન્નાઈ સુપર કિંગ્સે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં ધોની વિકેટકીપિંગનો અભ્યાસ કરી રહ્યો છે. વીડિયોમાં બેટ્સમેન શોટ રમવા માટે ક્રીઝની બહાર નીકળતો દેખાય છે.

### આઈપીએલમાં અક્ષર પટેલની સ્પેશિયલ સદી



નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ માં દિલ્હી કેપિટલ્સનું નેતૃત્વ કરી રહેલા અક્ષર પટેલે એક ખાસ સિદ્ધિ હાંસલ કરી છે. અક્ષર પટેલે દિલ્હી કેપિટલ્સ માટે એક શાનદાર સદી ફટકારી છે. અક્ષર પટેલ દિલ્હી કેપિટલ્સ માટે ૧૦૦ આઈપીએલ મેચ રમનાર પ્રથમ ઓલરાઉન્ડર બન્યો છે. જોકે, તેની પહેલા ફક્ત એક જ ખેલાડીએ દિલ્હી માટે આઈપીએલ મેચ રમી છે. આ ખેલાડીનું નામ રિષભ પંત છે,

### ગુજરાતના સાત કરોડવાળા આ ખેલાડીને હજી સુધી નથી મળ્યો રમવાનો મોકો!




(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : ગુજરાત ટાઈટન્સ (જીટી)ની અત્યાર સુધીમાં છ મૅચ રમાઈ ગઈ છે, પરંતુ કૅરિબિયન ઑલરાઉન્ડર જેસન હોલ્ડરને એ છમાંથી એક પણ મૅચમાં રમવા નથી મળ્યું. જોકે તે આ વિશેની ચર્ચામાં વધુ રસ લેવાને બદલે કહે છે કે તે પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવવાના મુદ્દે થતી ચર્ચામાં ઝૂકાવીને કારણ વગર શક્તિ વેડફી દેવા નથી માગતો.

૩૪ વર્ષનો હોલ્ડર બે સીઝન બાદ આઈપીએલમાં પાછો આવ્યો છે અને તેને જીટીના ફ્રૅન્ચાઈઝીએ સાત કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. તેણે પીટીઆઈ સાથેની વાતચીતમાં કહ્યું, 'કોણ રમશે અને કોણ નહીં રમે એવી બધી વાતોમાં જોડાઈને હું મારી ઊર્જા વેડફી નાખવામાં નથી માનતો. ખેલાડી તરીકે મારું કામ રમવા માટે તૈયાર રહેવાનું અને મોકો મળે ત્યારે ટીમ માટે પર્ફોર્મ કરવાનું છે.'

જીટીની ટીમમાં ઘણા મૅચ-વિનિંગ વિદેશીઓ છે અને જૉસ બટલર, રાશીદ ખાન, ગ્લેન ફિલિપ્સ તથા કેગિસો રબાડાને જ વધુ અજમાવવામાં આવી રહ્યા છે અને હોલ્ડરનો ચાન્સ હજી નથી લાગ્યો.

### "પછી ભલે ૩૨ કરોડ આપવા પડે...", રિષભ પંત-ગોયનકાને ટ્રોલ કરતો વીડીયો વાયરલ




(એજન્સી દ્વારા)

લખનઉ : આઈપીએલ ૨૦૨૬માં પંજાબ કિંગ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સની વચ્ચે મેચ ઉપરાંત એક મજેદાર ઘટના ચર્ચામાં આવી ગઇ છે. મેચ દરમિયાન એક પંજાબના ફેનથી સંજીવ ગોયનકા અને ઋષભ પંતને લઇ એવો કટાક્ષ કર્યો કે વીડિયો વાયરલ થઇ ગયો છે. મુલ્લાપુરમાં રમાયેલ મેચમાં પંજાબે શાનદાર પ્રદર્શન કરતા થયા ૫૪ રનથી જીત મેળવી છે.

આ દરમિયાન સ્ટેડિયમમાં હાજર **LSG** માલિક સંજીવ ગોયનકા જ્યારે દર્શકોની તરફ હાથ ઊચો કરીને તેમનું અભિવાદન કર્યું. ત્યારે એક પંજાબના ફેન્સએ મોટા અવાજે કહ્યું- ગોયનકા સાહેબ, પંતને લઇ થેંક યુ...પાજી ખૂબ ખૂબ આભાર, સારુ થયુ તે આપણી પંજાબ ટીમના કેપ્ટન બન્યા નથી. વધુમાં ફેન્સે મજાકીયા અંદાજમાં કહ્યું, પાજી ભલેને ૩૨ કરોડ રુપિયા આપવા પડે, પરંતુ પણ પંતને પોતાની પાસે જ રાખો. હકીકતમાં આ કટાક્ષ આઈપીએલ ૨૦૨૫ મેગા ઓક્શન બાદ પંતના આ નિવેદનથી જોડાયેલ છે.


### હવે અમારા માટે દરેક મેચ નોક આઉટ જેવો હશે : તિલક વર્મા



(એજન્સી દ્વારા) નવી દિલ્હીઃ મુંબઈ ઈન્ડિયન્સના બેટ્સમેન તિલક વર્માએ ગુજરાત ટાઈટન્સ સામેની મેચ વિનિંગ સદીનો શ્રેય પરિસ્થિતિઓનું સારી રીતે મૂલ્યાંકન કરવાની તેમની ક્ષમતાને આપ્યો. તિલક કહે છે કે જો તેમની ટીમ તેની રણનીતિને સારી રીતે અમલમાં મૂકશે, તો તેમને રોકવા મુશ્કેલ બનશે.

તિલકને આશા છે કે તેમની ટીમ તેનું સારું પ્રદર્શન ચાલુ રાખશે. તેમણે કહ્યું, "આપણે ખૂબ આગળ ન વિચારવું જોઈએ અને એક સમયે એક મેચ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. અમારા માટે, દરેક મેચ લગભગ નોકઆઉટ મેચ જેવી છે." તિલક પોતાની ઈનિંગ વિશે કહે છે, "આ સદી ટીમ માટે અને મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ હતી. છેલ્લા ચાર-પાંચ મેચોથી, મારા મગજમાં એક જ વાત સતત ચાલતી રહી કે મેં ક્રીઝ પર પૂરતો સમય વિતાવ્યો ન હતો અને ઘણા બોલનો સામનો કર્યો ન હતો."

## જય સોમનાથને ભવ્ય રીતે બનાવવાનો સંજય લીલા ભણસાલીનો પ્લાન




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ફિલ્મમેકર સંજય લીલા ભણસાલીની આગામી ફિલ્મ 'લવ ઍન્ડ વૉર' આવતા વર્ષે ૨૧ જાન્યુઆરીએ રિલીઝ થવાની છે. સંજય લીલા ભણસાલી આ ફિલ્મની સાથે-સાથે એક મહત્ત્વપૂર્ણ ફિલ્મ 'જય સોમનાથ' પર પણ કામ કરી રહ્યા છે. લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે સંજય લીલા ભણસાલી આ ફિલ્મને ભવ્ય લુક સાથે રજૂ કરવા માગે છે અને એ દિશામાં કામ કરી રહ્યા છે, જ્યારે ફિલ્મની સ્ક્રિપ્ટનું કામ કેતન મહેતા સંભાળી રહ્યા છે.

થોડા સમય પહેલાં જ સંજય લીલા ભણસાલીએ 'જય સોમનાથ'ની જાહેરાત કરી હતી. આ ઐતિહાસિક ડ્રામા ફિલ્મ મહમૂદ ગજની દ્વારા સોમનાથ મંદિર પર થયેલા હુમલાની પૃષ્ઠભૂમિ પર આધારિત છે જેને મોટા પડદા પર રજૂ કરવામાં આવશે. આ ફિલ્મનું પ્રેઝન્ટેશન સંજય લીલા ભણસાલી કરી રહ્યા છે, જ્યારે એનું ડિરેક્શન કેતન મહેતાને સોંપવામાં આવ્યું છે. મેકર્સે ફિલ્મનું નામ અને ફર્સ્ટ પોસ્ટર જાહેર કર્યું છે, પરંતુ અન્ય વિગતો હજી સુધી બહાર આવી નથી. માનવામાં આવી રહ્યું છે કે ફિલ્મ ૨૦૨૭ સુધીમાં રિલીઝ થઈ શકે છે. જોકે ફિલ્મની કાસ્ટ વિશે હજી સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

### કપિલ શર્મા શો કોમેડી ફિલ્મો માટે જોખમ?સુનીલ ગ્રોવરને પરેશ રાવલે કહ્યો જ્વાળામુખી



(એજન્સી દ્વારા) મુંબઈ : પોતાની કારકિર્દીમાં અનેક કૉમેડી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા અને બધાને હસાવનારા પરેશ રાવલ કહે છે કે કપિલ શર્માનો શો આજકાલ ઘણી કૉમેડી ફિલ્મોને સ્પર્ધા આપી રહ્યો છે. પરેશ રાવલ તાજેતરમાં પ્રિયદર્શન દ્વારા દિગ્દર્શિત ફિલ્મ ભાત બાંગ્લામાં દેખાયા હતા અને તેમાં અક્ષય કુમાર, વામિકા ગબ્બી, તબ્બુ અને રાજપાલ યાદવ અભિનીત હતા. ફિલ્મને સારો પ્રતિસાદ મળ્યો હતો. પરેશે તાજેતરમાં જ વાત કરી હતી કે કૉમેડી ફિલ્મો આજકાલ ટીવી અને ડિજિટલ શોથી કેવી રીતે કઠિન સ્પર્ધાનો સામનો કરે છે. વધુમાં, પરેશે સુનીલ ગ્રોવરની પણ પ્રશંસા કરી હતી, તેમને પ્રતિભાનો જ્વાળામુખી ગણાવ્યા હતા.

### સલમાન ખાને 'માતૃભૂમિ' માટે કેરિયરનું સૌથી કઠિન ફિટનેસ ટ્રાન્સફોર્મેશન કર્યું

(એજન્સી દ્વારા)

મુંબઈ : સલમાન ખાનની ફિલ્મ ભલે રિલીઝ થવામાં એક પછી એક વિઘ્ન આવી રહ્યા છે, પરંતુ આ ફિલ્મ માટે સલમાને ભરપુર તૈયારીઓ કરી છે. છેલ્લાં કેટલાંક સમયથી આ ફિલ્મ માટે સલમાનનો ક્લીન શેવ્ડ લૂક અને ફિટનેસ ટ્રાન્સફર્મેશનની ઘણી ચર્ચા છે. ફિલ્મ માતૃભૂમિ સાથે જોડાયેલા એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, સુપરસ્ટાર સલમાન ખાને તેના પાત્ર માટે એક કઠિન ફિટનેસ રૂટીન અપનાવ્યું છે, જેમાં તેણે લદ્દાખની અતિઉચ્ચ ભૌગોલિક અને વિસમ પરિસ્થિતિઓમાં તાલીમ લીધી છે.

ખરેખર, સલમાન સંપૂર્ણ રીતે તૈયાર થયો, તેમણે ઈન્ટેન્સ એન્ડ્યુરન્સ ડ્રિલ્સને હેવી વેઈટ સેશન્સ સાથે જોડ્યા જેથી



પાત્રની જરૂરિયાતો પૂરી કરી શકે. ફિલ્મનાં પ્રોડક્શન સાથે જોડાયેલા એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, સલમાન ખાને ફિલ્મ માટે નોંધપાત્ર શારીરિક ટ્રાન્સફોર્મેશન કર્યું. લદ્દાખમાં હતો તે દરમિયાન, સુપરસ્ટારે પોતાની ફિટનેસ જાળવવા માટે ઈન્ટેન્સ કેલિસ્થેનિક્સ આધારિત રૂટીન અપનાવ્યું હતું.

સુત્રએ જણાવ્યું, "સલમાન ખાને ફિલ્મ માટે અદ્ભુત શારીરિક ટ્રાન્સફોર્મેશન કર્યું છે. તેણે લદ્દાખની અતિ ઊંચાઈવાળી પરિસ્થિતિઓમાં તાલીમ લીધી, જેમાં ઈન્ટેન્સ એન્ડ્યુરન્સ ડ્રિલ્સ અને હેવી વેઈટ સેશન્સનો સમાવેશ થાય છે. આ તેનું તાજેતરના વર્ષોમાં લીધેલું સૌથી કઠિન ફિટનેસ રૂટીનમાંનું એક છે.

# જિલ્લા પંચાયતની પાન્ધ્રોની બેઠકના કોંગ્રેસના ઉમેદવારને મળતો વ્યાપક આવકાર

દયાપર - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામતો જાય છે અને પ્રચાર માટે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે લખપત તાલુકામાં પાન્ધ્રો જિલ્લા પંચાયતની બેઠકના ઉમેદવાર વિમળાબા રાણુભા જાડેજાનો પ્રચાર ધમધોકાર ચાલી રહ્યો છે.

આ પ્રસંગે વિશાળ સભાને સંબોધતા ઉમેદવારના પ્રતિનિધિ તરીકે રાણુભા જાડેજાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસના તમામ ઉમેદવારો અને કાર્યકરો વર્ષોથી ગ્રામ્ય વિસ્તારના છેવાડાના વિસ્તારો સુધી પ્રજાના બધા જ કાર્યો થઈ જાય તે માટે સતત લોકોના અંગત સંપર્કમાં રહી અને કાર્ય કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, લોકોના કામ અટકાવવા માટે સરકાર કે ભાજપ ગમે તેટલા તાયફા કરે તો પણ સંવિધાન મુજબનું કોઈ પણ કાર્ય હોય તો તે કરાવવા માટે તેઓ અને કોંગ્રેસ હંમેશા પ્રતિબદ્ધ છે અને તે માટે છેવટ સુધી હંમેશા લડી લેવા તૈયાર રહે છે. તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ પક્ષ એ કોઈ આજકાલનો પક્ષ નથી અને કોઈપણ કોંગ્રેસી રાજકારણ કરવા માટે નહીં, પરંતુ હંમેશા સેવા કરવા માટે આવ્યા છે. તેમણે





**પાન્ધ્રોના ઉમેદવાર વિમળાબા રાણુભા જાડેજાના સમગ્ર વિસ્તારમાં ગામે ગામ ચૂંટણી પ્રચાર દરમિયાન ગ્રામલોકોમાં જોવા મળેલો અદમ્ય ઉત્સાહ : કોંગ્રેસ ફક્ત ચૂંટણી લડવા કે સત્તા માટે નહીં પરંતુ લોકોના કામ કરવા માટે હંમેશા સક્રિય રહે છે**



વિમળાબાને ચૂંટણી લડવાની તક આપવા માટે અને સમગ્ર કચ્છમાં યોગ્ય અને કાર્ય કરનારા કોંગ્રેસના ઉમેદવારોને ઉભા રાખવા માટે પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિતભાઈ ચાવડા અને જિલ્લા કોંગ્રેસના પ્રમુખ વી.કે. હુંબલ તથા સર્વે પદાધિકારીઓનો આભાર માન્યો હતો. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, રાણુભા જાડેજા અને તેમના પૂર્વજો લોકોની સેવા માટે હંમેશા તત્પર રહ્યા છે અને દિવસ-રાત જોયા વગર કોઈ પણને કોઈ પણ તકલીફ પડે તો મદદ માટે વહારે આવે છે એટલે તેમની અંગત લોકપ્રિયતા પણ ઘણા વર્ષોથી લખપત તાલુકામાં રહેલી છે. તેમણે તેમના પત્ની અને પાન્ધ્રોના ઉમેદવાર વિમળાબા રાણુભા જાડેજાના ચૂંટણી પ્રચાર માટે સમગ્ર વિસ્તારમાં ગામે ગામ કરેલા લોકસંપર્ક દરમિયાન ગ્રામલોકોમાં અદમ્ય ઉત્સાહ અને તેમના પ્રત્યેની લાગણી લાગણી લોકોએ વ્યક્ત કરી હતી અને તેમને વિજય માટે સમગ્ર લખપત તાલુકાના લોકોએ જુસ્સો વધાર્યો હતો. લખપત તાલુકાના પુનરાજપુર, છેર મોટી, સીયોત, ઝારા, છુગેર, રાયમાવાંઢ વગેરે ગામમાં જુદી જુદી લોક સંપર્ક બેઠકોમાં ગામ લોકોએ વિમળાબા રાણુભા જાડેજાને વિજય માટે શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યા હતા.

# વીએચપી દ્વારા ડો. આંબેડકરજી જન્મ જયંતી નિમિત્તે મેડિકલ કેમ્પનું આયોજન

ભુજ - કચ્છઉદય : વિશ્વ હિન્દુ પરિષદ સેવા વિભાગ દ્વારા ભારત રત્ન ડો.ભીમરાવ આંબેડકરજીની જન્મ જયંતી નિમિત્તે પશ્ચિમ કચ્છ દ્વારા નિશુલ્ક મેડિકલ કેમ્પોનુ આયોજન કરવામાં આવ્યું હતું. સંયોજક દીપકભાઈ ભાનુશાલીએ જણાવ્યું હતું કે, સેવા એ પરમોધર્મ સેવાના માધ્યમથી વ્યક્તિ વચ્ચે ભાઈચારાનું માધ્યમ બને છે. પશ્ચિમ કચ્છમાં ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકરજીની જન્મ જયંતી નિમિત્તે ૭ પ્રખંડમાં વિવિધ જગ્યાએ ૧૨ સ્થાન ઉપર મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૫૫૦ ઉપરાંત દર્દીઓએ ભાગ લીધો હતો. ૧૫ જેટલા ડોક્ટરોએ સેવા આપી હતી. ડોક્ટરોના મદદ માટે મદદનીશ રહ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ તથા વિવિધ આયામોનાં ૭૦ જેટલા કાર્યકરો કેમ્પમાં સેવા આપી હતી. આ કેમ્પમાં બ્લડ સુગર, બ્લડ પ્રેશર, પ્રાથમિક ટ્રીટમેન્ટ, બ્લડ ડોનેશન કેમ્પ તથા આયુર્વેદ દ્વારા થતા ફાયદાઓ




વિશે માહિતી આપવામાં આવી હતી. આયુષ હોસ્પિટલનો સહયોગ મળ્યો હતો. કેમ્પમાં ડો. દીક્ષા પંડ્યા, ડો. અરૂણ યાદવ, ડો. સુધીરભાઈ પાલેજા, ડો. પ્રતિકભાઇ પંડ્યા, ડૉ. સાનાબેન, ડો. આરતીબેન, ડો. મનોજભાઈ, ડો. સબાનાબેન, ડો. હષિતા ડાભી, ડો. યાસીન ઘાંચી, ડો. સજનાબેન, ડો. પ્રદીપભાઈ, ડો. મયુરભાઈ, ડો.પ્રણવભાઇ, ડો. નીતાબેન, ડો. સચીનભાઇ સાથે મોટી સંખ્યામાં ડોકટરોની ટીમ સેવા આપી હતી. કેમ્પનું દિપ પ્રાગટય રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પશ્ચિમ કચ્છના સંઘ ચાલક ભરતભાઈ દરજી, મંત્રી ચંદુભાઈ રૈયાણી, જિલ્લા મંત્રી નાજાભાઈ ભરવાડ, જીલ્લા અધ્યક્ષ કૃષ્ણકાંતભાઈ પંડ્યા, દીપકભાઈ ભાનુશાલી, કરણસિંહ જાડેજા, વાલજીભાઈ પ્રવીણભાઈ આહીર, હરિભાઈ કાનજીભાઈ જયેશભાઈ કોઠારી, સહદેવસિંહ જાડેજા, સતિષભાઈ ગોર સાથે મોટી સંખ્યામાં કાર્યકરોએ જોડાઈને કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું એમ કુલદીપભાઈ શેઠે જણાવ્યું હતું.

# ભારાપર સીમમાં ગૌવંશ સેવાધામે ખોડિયાર માતાજી મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ તેજ

ભુજ - કચ્છ ઉદય : અજરામર ટ્રસ્ટ ભુજના ઉપક્રમે ભારાપર સીમ વિસ્તારમાં રખડતા અને ભટકતા ગૌવંશ માટે નિર્માણ પામતા ગૌવંશ સેવાધામ ખાતે આઇ ખોડિયાર માતાજીનાં નૂતન મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સેવાભાવ અને સંસ્કારની ભાવના સાથે ઊભું થયેલું આ સંકુલ ગૌસેવા સાથે ધાર્મિક આસ્થાનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે.

**૨૩-૨૪ એપ્રિલે ધાર્મિક વિધિવિધાન સાથે યોજાશે પવિત્ર અનુષ્ઠાન : સેવાભાવથી ઉભું થયેલું સંકુલ બનશે આસ્થા કેન્દ્ર**

આ ગૌવંશ સેવાધામમાં ગૌવંશને આશ્રય, સંરક્ષણ અને સંભાળ મળે તે માટે વિશેષ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. સાથે જ આઇ ખોડિયાર માતાજીનાં ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે સમાજના ભક્તિભાવને વધુ મજબૂત બનાવશે. મંદિર નિર્માણમાં મહિલા આગેવાન મલબેન તુલસીદાસ જોષી દ્વારા મુખ્ય યોગદાન આપવામાં આવ્યું છે, જ્યારે અન્ય દેવમૂર્તિઓનો લાભ અમદાવાદ નિવાસી હેમલતાબેન નવીનચંદ્ર રાજગોર દ્વારા લેવામાં આવ્યો છે.

મંદિરમાં રોજિંદી પૂજા -પાઠ તથા ધાર્મિક વિધિઓ માટે જરૂરી સામગ્રીનો લાભ સ્વર્ગસ્થ હિરેનભાઈ મહેતાની સ્મૃતિમાં ઈલાબેન હિરેનભાઈ મહેતા, ભુજ દ્વારા અર્પણ કરવામાં આવ્યો છે, જે શ્રદ્ધા અને સ્મૃતિનું ઉત્તમ ઉદાહરણ છે.

નૂતન મંદિરમાં હિંદુ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પ્રાણપ્રતિષ્ઠાનો પવિત્ર કાર્યક્રમ તા. ૨૩ એપ્રિલ અને ૨૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યોજાશે. આ પ્રસંગે વિધિવત યજ્ઞ, પૂજન, હવન અને અન્ય ધાર્મિક અનુષ્ઠાનો યોજાશે, જેમાં ભક્તજનો મોટી સંખ્યામાં જોડાશે તેવી અપેક્ષા છે.

# ગ્રામ્ય વિસ્તારો સુધી આરોગ્ય સેવાઓ સરળતાથી પહોંચી શકે તે માટે હરતું ફરતું મોબાઈલ દવાખાનું શરૂ

ભુજ - કચ્છઉદય : કચ્છના અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારો સુધી આરોગ્ય સેવાઓ સરળતાથી પહોંચી શકે તેવા ઉમદા હેતુ સાથે હરતું ફરતું મોબાઈલ દવાખાનું શરૂ કરવામાં આવ્યું છે. દાતાના સહયોગથી અંદાજે ૨૪ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા આ મોબાઈલ ક્લિનિકનું આજે નારાણપર ખાતે યોજાયેલા વિશેષ કેમ્પ દરમિયાન ભવ્ય રીતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ મોબાઈલ ક્લિનિક શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર (લેવા પટેલ હોસ્પિટલ) દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટને દાતા અ.નિ. કાંતાબેન કરશન ગાંગજી પિંડોરિયા (નારાણપર રાવરી) હ. પુત્ર શશિકાંત કરસન પિંડોરિયા દ્વારા સહયોગ આપવામાં આવ્યો છે.

લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓએ જણાવ્યું હતું કે ગામે-ગામે આરોગ્ય સેવાઓ પહોંચાડવાની આ પહેલ કચ્છના ગ્રામ્ય આરોગ્ય ક્ષેત્રે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. હવે દર્દીઓને નાના-

**૨૪ લાખના ખર્ચે તૈયાર થયેલ મોબાઈલ ક્લિનિકનું નારાણપર ખાતે ભવ્ય લોકાર્પણ : સામાન્ય તપાસથી લઈને ઈસીજી, ડાયાબિટીસ અને માતા-બાળ આરોગ્ય સુધીની સેવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ**

મોટા આરોગ્ય ચેકઅપ માટે દૂર શહેરોમાં જવાની જરૂર નહીં રહે, કારણ કે દવાખાનું પોતે ગામ સુધી પહોંચશે.

આ મોબાઈલ ક્લિનિકમાં સામાન્ય આરોગ્ય તપાસ, લેબોરેટરી પરીક્ષણ, ઈસીજી, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ તપાસ જેવી મૂળભૂત સેવાઓ ઉપરાંત માતા અને બાળ આરોગ્ય અંગે માર્ગદર્શન તથા સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવશે. સેવા ખાસ કરીને ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના લોકોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે, જ્યાં આરોગ્ય સુવિધાઓનો અભાવ જોવા મળે છે.

હાલ આ મોબાઈલ ક્લિનિક પટેલ ચોવીસીના ગામોમાં નક્કી કરાયેલા સમયપત્રક મુજબ ફરશે અને ભવિષ્યમાં કચ્છના વધુ વિસ્તારોમાં તેનો વિસ્તાર કરવામાં આવશે.

મોબાઈલ ક્લિનિકનો રૂટ વિગતવાર : સોમવારે કેરા રૂટમાં સૂરજપર શંકર મંદિર, કેરા બાલમંદિર અને કુંદનપર વથાણ ચોક ખાતે સેવા આપવામાં આવશે. મંગળવારે સામત્રા અને આસપાસના વિસ્તારોમાં, બુધવારે દહીંસરા અને ગોડપર વિસ્તારમાં, ગુરુવારે રામપર અને વેકરા વિસ્તારમાં, શુક્રવારે નારાણપર અને મેઘપર વિસ્તારમાં તથા શનિવારે સુખપર અને ભારાસર વિસ્તારમાં આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ રહેશે.

આ સેવા દ્વારા ગામના લોકો સુધી આરોગ્ય સુવિધાઓ સીધી પહોંચે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો છે. વધુ માહિતી માટે ૯૮૯૮૯ ૩૪૦૮૩ (સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધી) પર સંપર્ક કરી શકાય છે.

# મુંદરા તાલુકા દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવની ઉજવણી

મુંદરા - કચ્છ ઉદય : સમસ્ત બ્રહ્મસમાજ મુંદરા તાલુકા દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી ધાર્મિક ઉત્સાહ અને ભક્તિભાવ સાથે કરવામાં આવી હતી. આ અવસરે શહેરના મુખ્ય માર્ગો પરથી વિશાળ બાઈક રેલી યોજાઈ હતી, જેમાં બ્રહ્મસમાજના અગ્રણીઓ, યુવાનો, બહેનો અને વડીલો પરંપરાગત વેશભૂષા અને કેસરી સાફા સાથે મોટી સંખ્યામાં જોડાયા હતા.

રેલી શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ પીપલેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચી હતી, જ્યાં આચાર્ય શાસ્ત્રી કશ્યપ જોષીના મુખેથી 'પરશુરામ કથા'નું રસપાન કરાવવામાં આવ્યું હતું. કથા પૂર્ણ થયા બાદ ભગવાન પરશુરામની ભવ્ય આરતી કરવામાં આવી અને ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન થયું હતું. મહાપ્રસાદના મુખ્ય યજમાન તરીકે હરેશ શામજી જોષી રહ્યા હતા.

આ પ્રસંગે સમાજના દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

**બ્રહ્મસમાજ દ્વારા વિશાળ બાઈક રેલી, પરશુરામ કથા, આરતી અને મહાપ્રસાદ સહિત ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન**

કાર્યક્રમમાં પ. ક. જિલ્લા પ્રમુખ દીપેશ જોષી, જિલ્લા મહામંત્રી હરિઓમ અબોટી, મુંદરા તાલુકા પ્રમુખ મુકેશ ગોર, મહામંત્રી સંજય બાપટ, મહિલા મોરચા પ્રમુખ રચનાબેન પ્રણવ જોષી, મહામંત્રી ડો. પૂજાબેન ભરત જોષી, પરશુરામ સેના પ્રમુખ સંદીપ ગોર, યુવા સેનાના હાર્દિક ભટ્ટ સહિત અનેક આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્રહ્મસમાજના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી અને શહેરમાં ભક્તિભાવનું અનોખું વાતાવરણ સર્જાયું હતું.

# વાસુપૂજ્ય સ્વામી જિનાલયની સાલગીરીએ ડગાળા ધર્મભાવનાથી ઝળહળી ઉઠશે

ભુજ - કચ્છઉદય : તાલુકાના ડગાળા ગામમાં આવેલ શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયની ૨૧મી સાલગીરી નિમિત્તે આજે ગુરુવાર તા. ૨૩ એપ્રિલે ધ્વજારોહણ મહોત્સવ ભવ્યતા અને શ્રદ્ધાભાવ વચ્ચે ઉજવાશે. જિનાલય પ્રત્યેની આસ્થા અને પરંપરાને જીવંત રાખતા આ પ્રસંગે ગામ તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રાવક - શ્રાવિકાઓ ઉપસ્થિત રહેશે તેવી શક્યતા છે.

આ પાવન અવસરે ડગાળા ગામના જ પૂજ્ય હેમલતાશ્રીજીની પવિત્ર ઉપસ્થિતિ કાર્યક્રમને આધ્યાત્મિક તેજ આપશે. વહેલી સવારે ૭:૩૦ વાગ્યે ગુરુજનોનું સામૈયું ભવ્ય રીતે નીકળશે, જેમાં ભક્તજનો ધ્વજ, વાદ્ય અને મંગલગીતો સાથે જોડાઈ જિનાલય પ્રત્યેની પોતાની ભક્તિ વ્યક્ત કરશે. ત્યારબાદ સવારે ૯ વાગ્યે અઢાર અભિષેક તથા સત્તરભેદી પૂજાનો વિધિવત કાર્યક્રમ યોજાશે, જેમાં શ્રદ્ધાળુઓ દ્વારા શાસ્ત્રોક્ત રીતિ-રિવાજ મુજબ

**ધ્વજારોહણ, અઢાર અભિષેક અને શોભાયાત્રા સહિત દિવસભર ધાર્મિક કાર્યક્રમોની ભવ્ય ઉજવણી**

પૂજન કરવામાં આવશે. બપોર પૂર્વે ૧૧:૩૦ વાગ્યે ધ્વજાની શોભાયાત્રા ગામના મુખ્ય માર્ગો પર ફરાવવામાં આવશે, જેમાં ભક્તજનો ઉત્સાહભેર જોડાઈ ધર્મના જયઘોષો કરશે. ત્યારબાદ બપોરે ૧૨:૩૯ વાગ્યે ડગાળા ગામની દીકરીઓના હસ્તે ધ્વજારોહણની વિધિ સંપન્ન થશે, જે સમાજમાં મહિલા સન્માન અને ભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ બની રહેશે.

કાર્યક્રમનો એક મહત્વપૂર્ણ ભાગ તરીકે બપોરે ૩ વાગ્યે ડગાળા જૈન સંઘના ભાઈઓની જનરલ સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સંઘના વહીવટ, વિકાસ અને ભવિષ્યના આયોજન અંગે ચર્ચા કરવામાં આવશે.

ત્યારબાદ સાંજે ૪:૩૦ વાગ્યે નિયાણીઓના બહુમાનનો કાર્યક્રમ યોજાશે, જેમાં સમાજ માટે યોગદાન આપનાર અગ્રણીઓ અને સેવાભાવી વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવશે. સાંજે ૬ વાગ્યે ચોવિહારના કાર્યક્રમ સાથે દિવસભરના ધાર્મિક આયોજનોનો સમાપન કરવામાં આવશે. સમગ્ર ડગાળા ગામમાં આ મહોત્સવને લઈ ઉત્સાહ અને ભક્તિનો માહોલ છવાઈ ગયો છે.

મહોત્સવ માત્ર ધાર્મિક ઉજવણી જ નહીં પરંતુ સમાજને એકતા, સંસ્કાર અને સંયમના માર્ગે આગળ વધારતો પ્રેરણાદાયી પ્રસંગ પણ સાબિત થાય છે. જિનાલયની સાલગીરી નિમિત્તે યોજાતો આ ધ્વજારોહણ મહોત્સવ ભાવિ પેઢી માટે પણ આધ્યાત્મિક માર્ગદર્શન પૂરું પાડે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સરકારી કર્મચારીઓ માટે મોટા સમાચાર: ૮માં પગાર પંચમાં લઘુતમ બેઝિક પગાર રૂ.૬૯,૦૦૦ કરવાનો પ્રસ્તાવ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર માળખામાં મોટા ફેરફાર કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આઠમા પગાર પંચને લઈને નેશનલ કાઉન્સિલની સ્ટાફ સાઈડ દ્વારા સરકારને એક મહત્વપૂર્ણ મેમોરેન્ડમ સુપ્રત કરવામાં આવ્યું છે. આ મેમોરેન્ડમમાં સરકારી કર્મચારીઓનો લઘુત્તમ બેઝિક પગાર વધારીને ૬૯ હજાર રૂપિયા કરવાની મજબૂત ભલામણ કરવામાં આવી છે. આ દરખાસ્ત ૧૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સરકારને સોંપવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય કર્મચારીઓના વર્તમાન આર્થિક ભારણને હળવો કરવાનો અને જીવનધોરણમાં સુધારો લાવવાનો છે. આ મેમોરેન્ડમની સૌથી મહત્વની બાબત એ છે કે, તેમાં કર્મચારીના પરિવારની ગણતરીના માળખામાં ફેરફાર કરવાની માંગ કરવામાં આવી છે. અત્યાર સુધીની સિસ્ટમમાં પરિવારને ૩ યુનિટ ગણવામાં આવતા હતા, પરંતુ હવે તેને વધારીને ૫ યુનિટ કરવાની ભલામણ કરવામાં આવી છે. આ નવા માળખા મુજબ, કર્મચારી પોતે ૧ યુનિટ, પતિ કે પત્ની ૧ યુનિટ અને બાળકો તેમજ આશ્રિત માતા-પિતાને પણ યુનિટમાં ગણતરીમાં લેવામાં આવ્યા છે. આ ફેરફાર પાછળનો તર્ક એ છે કે, અનેક સરકારી કર્મચારીઓ પોતાના જીવનસાથી અને બાળકોની સાથે પોતાના વૃદ્ધ માતા-પિતાની જવાબદારી પણ નિભાવતા હોય છે, જેમને અત્યાર સુધી ગણતરીમાં લેવામાં આવતા નહોતા.

નેશનલ કાઉન્સિલે ભારપૂર્વક જણાવ્યું છે કે લઘુત્તમ પગાર 'સાયન્ટિફિક લિવિંગ વેજ' ફોર્મ્યુલા પર આધારિત હોવો જોઈએ. જેમાં ખોરાક, ઘર, ભણતર, હેલ્થકેર, ટ્રાન્સપોર્ટ અને ડિજિટલ જરૂરિયાતોનો સમાવેશ થાય છે.

# ઇરાનના જપ્ત જહાજમાંથી ચીને મિસાઇલ માટે મોકલેલા કેમિકલ્સ મળ્યા

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ટ્રમ્પના રિપબ્લિકન પક્ષની ભારતીય મૂળની સાંસદ નિક્કી હેલીએ સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે હોર્મુઝની ખાડીમાંથી અમેરિકાએ જપ્ત કરેલા ઈરાન જતાં જહાજમાંથી ચીને મિસાઈલ માટે મોકલેલા કેમિકલ્સ મળી આવ્યા છે. અમેરિકાએ લાદેલી ઘેરાબંધીના લીધે ચીનથી ઈરાન જતું જહાજ જપ્ત કરવામાં આવ્યું હતું. નિક્કી હેલીના આ દાવાના પગલે સનસનાટી મચી ગઈ છે.

નિક્કી હેલીએ જણાવ્યું હતું કે ઈરાન જતાં આ ચીનના જહાજને અમેરિકન નૌકાદળે કેટલીય ચેતવણીઓ આપી હોવા છતાં તે રોકાયું ન હતું. તેમણે દાવો કર્યો હતો કે ચીન યુદ્ધમાં ઈરાનને મદદ કરી રહ્યુ હોવાની વાસ્તવિકતાની જરા પણ અવગણના કરી શકાય તેમ નથી. અમેરિકન નૌકાદળે ઈરાનના ધ્વજવાળા કન્ટેનર શિપ ટૌસ્કાને જપ્ત કર્યુ છે. આ નાનું કન્ટેનર શિપ ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન શિપિંગ લાઈન્સ ગ્રુપનું છે. તેના પર અમેરિકાના પ્રતિબંધો લાગેલા છે. આ જહાજ રવિવારે ઓમાનના અખાતમાં ઈરાનના ચાબહાર પોર્ટ તરફ જતું હતું, એમ મરીન ટ્રાફિક જંક્શન પરના શિપ ટ્રેકિંગ ડેટામાં જણાવાયું હતું.

ઈરાનના લશ્કરે જણાવ્યું હતું કે ચીનથી ઈરાન જતું હતું અને તેણે અમેરિકા પર દરિયાઈ લૂંટનો આરોપ મૂક્યો હતો. તેહરાને આ ઉપરાંત જણાવ્યું હતું કે તેના પરની ઘેરાબંધી હટાવાય નહીં ત્યાં સુધી તે અમેરિકા સાથે ઈસ્લામાબાદમાં બીજા રાઉન્ડની મંત્રણામાં જોડાશે નહીં.

# તલવાણા ગામે પીર સહેનશા કચ્છ રૂકનશા પીર ઉર્ષ મેળાનો ભવ્ય પ્રારંભ





માંડવી - કચ્છઉદય : તાલુકાના તલવાના ગામ ખાતે પીર સહેનશા - કચ્છ રૂકનશા પીરના ઉર્ષ મુબારક નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેળાનું ઉદ્ઘાટન દરગાહના આગેવાનો અને મહાનુભાવોની હાજરીમાં રીબિન કાપી કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અકબર હાલા, ગનીભાઈ હાલા, રજાકભાઈ હાલા, પીર સૈયદ યાસીનશા બાપુ મસ્ત કલંદર, સરપંચ કનુભા જાડેજા, કચ્છી આર્ટ ટ્રસ્ટના પ્રમુખ તથા આલા હજરત ટ્રસ્ટના મહામંત્રી કુંભાર રમજુ મોહમ્મદ, પી.આઈ. બી.પી. ખરાડી, સૈયદ બાપુ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મેળાને સફળ બનાવવા હિન્દુ - મુસ્લિમ સમાજના આગેવાનો, દરગાહના ખાદીમ પરિવાર, રાજકીય આગેવાનો, સરકારી તંત્ર, ઈલેક્ટ્રોનિક તથા પ્રિન્ટ મીડિયા અને તલવાના ગ્રામ પંચાયતના સ્ટાફે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. હરિસિંહ રાઠોડ, વસંતભાઈ, ડો. યુવરાજ, જયેન્દ્રસિંહ, શિવુભા જાડેજા, જીવરાજ ગઢવી, મહંત દિનેશભાઈ લઠેડી, સહકાર સેવા પ્રમુખ ઝાહિર સમેજા, જાકબ કુંભાર તેમજ મુંબઈથી આવેલા મહેમાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**મેળામાં બખ મલાખડોનું આયોજન કરાયું: વિજેતાઓને રોકડ પુરસ્કાર અપાયા**



મેળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છના પ્રખ્યાત કલાકારો દેવરાજ ગઢવી (કચ્છ કોહિનૂર), હાસ્ય કલાકાર પિયુષ મારાજ, ગાયિકા પૂજા ચૌહાણ અને ઉસ્તાદ ફકીરમામદ ગ્રુપ દ્વારા કવાલી, કાફી અને સંતવાણીના કાર્યક્રમો રજૂ કરી દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

પરંપરાગત બખ મલાખડાની સ્પર્ધાનું પણ આયોજન થયું હતું, જેમાં પાંચ રાઉન્ડ યોજાયા હતા ત્રણ નાના અને બે મોટા. મોટા મલાખડાના પ્રથમ વિજેતાને રૂ. ૧૧,૧૧૧ તથા નાના મલાખડાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને અનુક્રમે રૂ. ૫,૧૧૧, રૂ. ૩,૧૧૧ અને રૂ. ૨,૧૧૧ના ઈનામો આપવામાં આવ્યા હતા. સ્પર્ધાનું નિણર્ય વાલજી ભવાનજી સંગાર (સરપંચ, પીપરી) અને અશોક કેશર સંગાર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન એમ. વી. સ્ટુડિયો બિદડા અને એચ. વી. સાઉન્ડ માંડવી દ્વારા ટેક્નિકલ સહયોગ આપવામાં આવ્યો હતો. અંતે કચ્છી આર્ટ ટ્રસ્ટના પ્રમુખ રમજુ કુંભાર અને અકબરભાઈ હાલાએ આભાર વિધિ વ્યક્ત કરી હતી.માહિતી આપતા ડૉ. ઉમેશભાઈ આચાર્ય દ્વારા જણાવાયું હતું કે આ મેળો ધાર્મિક એકતા, સાંસ્કૃતિક પરંપરા અને સામાજિક સૌહાર્દનું ઉત્તમ પ્રતિક બની સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# કચ્છ માટે વંદે ભારત ટ્રેનની અફવા ખોટી સાબિત : પ્રવાસી સંઘનો સ્પષ્ટ ખુલાસો

ભુજ, કચ્છ ઉદય : મુંબઈથી કચ્છ માટે વંદે ભારત સ્લીપર ટ્રેન શરૂ થવાની સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અફવાઓ અંગે કચ્છ પ્રવાસી સંઘે સત્તાવાર સ્પષ્ટતા આપી છે. સંઘના પ્રમુખ નીલેશ શ્યામ શાહે જણાવ્યું કે હાલમાં કચ્છ માટે નવી ટ્રેન શરૂ કરવાની કોઈપણ પ્રકારની યોજના નથી અને ફેલાયેલી માહિતી સંપૂર્ણપણે ભ્રામક છે.

તેમણે જણાવ્યું કે તાજેતરમાં કોલકાતા-સિયાલ્ડ અને બેંગ્લુરુ-મુંબઈ વચ્ચે વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી છે. એક નવી ટ્રેન તૈયાર કરવામાં અંદાજે એક મહિના જેટલો સમય લાગે છે અને હાલ રેલવે તંત્ર લાંબા અંતરના રૂટને પ્રાથમિકતા આપી રહ્યું છે. જેના કારણે કચ્છ માટે વંદે ભારત ટ્રેન તાત્કાલિક શરૂ થવાની શક્યતા ઓછી છે.

નીલેશ શાહે વધુમાં જણાવ્યું કે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું લગભગ ૮૦ ટકા

**સોશિયલ મીડિયા પર ફેલાયેલી માહિતી ભ્રામક, હાલ કોઈ નવી ટ્રેનની યોજના નહીં; બુલેટ ટ્રેન બાદ જ કચ્છ માટે વિચારણા શક્ય**

કામ પૂર્ણ થઈ ગયું છે અને આવનારી ૧૫મી ઑગસ્ટે તેનું ટ્રાયલ રન યોજાવાની સંભાવના છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ જ કચ્છ માટે નવી ટ્રેન અંગે વિચારણા થવાની શક્યતા છે.

મુંબઈ સેન્ટ્રલથી કચ્છ એક્સપ્રેસ શરૂ થવાની ચર્ચા અંગે તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે રેલવે તંત્ર દ્વારા હાલ આવી કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. હાલમાં કર્ણાવતી એક્સપ્રેસ અને ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ જેવી ટ્રેનો બાન્દ્રા ટર્મિનસથી જ સંચાલિત થઈ રહી છે.

સાથે જ તેમણે જણાવ્યું કે સયાજીનગરી એક્સપ્રેસ અને કચ્છ એક્સપ્રેસને દાદરથી શરૂ કરવા માટે પ્રયત્નો ચાલી રહ્યા છે. દાદર સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૮નું કામ પૂર્ણ થયા બાદ આ ટ્રેનો દાદરથી દોડાવવામાં આવશે.

મુંબઈથી ભૂજ જતી ટ્રેનો અગાઉ ગાંધીધામ સુધી જતી હોવાથી મુસાફરોને વધારાનો સમય અને ખર્ચ સહન કરવો પડતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ૨૦૧૭થી ગોપાલપુરી સ્ટેશનના વિકાસ માટે રજૂઆત કરવામાં આવી હતી. હવે આ સ્ટેશનનું આધુનિકીકરણ પૂર્ણ થયું છે અને રેલવે દ્વારા અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ વિકાસને પગલે ભવિષ્યમાં મુંબઈથી સીધી ભૂજ સુધી ટ્રેન સેવા શરૂ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, જે ૧લી ઑક્ટોબર ૨૦૨૬થી અમલમાં આવી શકે છે.

રસોઈમાં રાખો થોડું ધ્યાન : ગેસ બચાવી બનો મહાન ગેસનું સ્ટવ-બર્નર ચોખ્ખું રાખો

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ
તા.૨૨-૦૪-૨૦૨૬

## સોપારીમાં ચકચારી કયો મહેશ હવે ફ્રેબીક કરચોરીમાં સાર્થક થવા મથે છે..?

# કાસેઝમાં અમદાવાદ ડીઆરઆઈની ટુકડીના ધામા: ફેબ્રિક કૌભાંડમાં સ્થાનિક શખ્સની ઊંડી પૂછપરછ ?

**સોપારી દાણચોરીમાં અગાઉ ચર્ચામાં રહેલા 'મહેશ' નામના શખ્સના સ્ટાફની પણ છાનબીનની ચર્ચા; કરોડોના કાપડના કન્ટેનરો સીઝ કરાયા : તપાસનો રેલો દિલ્હી સુધી પહોંચવાની શક્યતા : વેપારી આલમમાં ફફડાટ**

**એકાદ અઠવાડીયા પહેલા ફ્રેબ્રીકના અટકાવેલા કન્ટેઈનરોના પ્રકરણમાં અમદાવાદ ડીઆરઆઈએ આદરી છે જીણવટભરી તપાસ**

### દેશની સરહદી સુરક્ષા - આર્થિક વ્યવસ્થા સામે પણ કહેવાય ગંભીર સવાલ

ગાંધીધામ : કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ફરી એકવાર આર્થિક ગુનાખોરી અને દાણચોરીના સમાચારોને કારણે ચર્ચાના ચગડોળે ચઢ્યું છે. અમદાવાદ DRI (ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ) દ્વારા ફેબ્રિકના વ્યવહારોને લઈને કરવામાં આવેલી કાર્યવાહી એ માત્ર તપાસનો વિષય નથી, પરંતુ દેશની સરહદી સુરક્ષા અને આર્થિક વ્યવસ્થા સામે પણ ગંભીર સવાલ છે. જ્યારે કોઈ વિસ્તારને આર્થિક વિકાસ અને નિકાસ વધારવા માટે વિશેષ સવલતો આપવામાં આવે, ત્યારે તેનો દુરુપયોગ એ રાષ્ટ્રીય સંપત્તિની લૂંટ સમાન છે.

### કોની રહેમનજરે કાસેઝમાં 'કાળો' કારોબાર? : સળગતા સવાલો

**૧.** અમદાવાદ DRI ની તપાસ જેમ-જેમ આગળ વધી રહી છે, તેમ-તેમ કંડલા સેઝના વહીવટ અને સુરક્ષા સામે અનેક સવાલો ઉભા થયા છે.**૨.જૂના 'ખેલાડી' પર ભરોસો કેમ?**: સોપારી દાણચોરીમાં અગાઉ જેનું નામ ઉછળ્યું હતું, તેવા જ શખ્સોને ફેબ્રિકના નામે ફરી મોટો કારોબાર કરવાની છૂટ કોણે આપી? શું તેમની ભૂતકાળની ગુનાહિત કુંડળી તપાસવામાં આવી નહોતી? **3.કસ્ટમ્સ ક્લિયરન્સ પર સવાલ:** સેઝમાં દરેક કન્ટેનરનું કડક ચેકિંગ થતું હોય છે, તો પછી ફેબ્રિકના નામે મોકલવામાં આવતા શંકાસ્પદ માલનું વેલ્યુએશન અને ડિક્લેરેશન અત્યાર સુધી કેવી રીતે પાસ થતું રહ્યું?**૪.તંત્રની મીલીભગત?**: શું DRI ત્રાટકી તે પહેલાં સ્થાનિક તંત્ર કે સુરક્ષા એજન્સીઓને આ ગેરરીતિની ગંધ સુધ્ધાં ન આવી? કે પછી જાણીજોઈને આંખ આડા કાન કરવામાં આવ્યા? **૫. દિલ્હી કનેક્શન શું છે?**: તપાસનો રેલો દિલ્હીના યુનિટો સુધી પહોંચવાની શક્યતા છે, ત્યારે શું આ કોઈ આંતરરાજ્ય સંગઠિત આર્થિક ગુનાખોરીનું નેટવર્ક છે? **૬.માલની આડમાં શું?**: અટકાવવામાં આવેલા કન્ટેનરોમાં માત્ર ફેબ્રિકની ગેરરીતિ છે કે પછી તેની આડમાં કોઈ પ્રતિબંધિત વસ્તુઓની હેરાફેરી કરવામાં આવી રહી હતી?**૭. સ્ટાફની ભૂમિકા:** મુખ્ય સૂત્રધાર મહેશ ઉપરાંત તેના સ્ટાફની જે રીતે પૂછપરછ થઈ રહી છે, તે જોતા શું આખું યુનિટ માત્ર કાગળ પર જ ચાલતું હતું?

### આ પ્રકરણમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે..?

ગાંધીધામ : આ પ્રકરણમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે તપાસના કેન્દ્રમાં ફરી એકવાર એવા નામો ઉછળ્યા છે જેઓ અગાઉ સોપારીની દાણચોરીમાં કુખ્યાત રહી ચૂક્યા છે. જો કોઈ વ્યક્તિ અગાઉ આર્થિક ગુનામાં સંડોવાયેલી હોય, તો તેને ફરીથી આવા સંવેદનશીલ ઝોનમાં મોટા પાયે કારોબાર કરવાની પરવાનગી કેમ મળી? આ પ્રશ્ન સેઝના વહીવટી તંત્ર અને કસ્ટમ્સ વિભાગની કામગીરી સામે આંગળી ચીંધે છે. શું આવા તત્વોને સિસ્ટમમાં જ બેઠેલા કોઈ મહારથીઓનું પ્રોત્સાહન મળી રહ્યું છે?


ગાંધીધામ : કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માં ગઈકાલ સાંજથી અમદાવાદ ડી.આર.આઈ. ની ટીમે અચાનક સર્ચ ઓપરેશન હાથ ધરતા ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત અહેવાલો મુજબ, ફેબ્રિક (કાપડ) ના વ્યવહારોમાં મોટા પાયે ગેરરીતિની આશંકાને પગલે અધિકારીઓની ટુકડીએ કાસેઝમાં ધામા નાખ્યા છે. આ તપાસમાં કેટલાક શંકાસ્પદ કન્ટેનરોને અટકાવીને તેની જીણવટભરી ચકાસણી શરૂ કરવામાં આવી હોવાનુ સામે આવવા પામી રહ્યુ છે.

આ સમગ્ર પ્રકરણમાં સ્થાનિક સ્તરે 'મહેશ' તરીકે ઓળખાતા એક શખ્સની ભૂમિકા શંકાના દાયરામાં છે. ઉલ્લેખનીય છે કે, આ શખ્સ અગાઉ સોપારીની દાણચોરીના કેસમાં પણ ચર્ચાઈ ચૂક્યો છે. હવે ફેબ્રિકના કપડાંમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ કારોબારના બહાને કોઈ મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ડી.આર.આઈ. દ્વારા મોડી રાત સુધી મહેશ અને તેના સ્ટાફની ઉલટ તપાસ કરવામાં આવી હતી, જે આજે પણ સતત ચાલુ હોવાનું જાણવા મળ્યું છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, ફેબ્રિકના નામે કયા પ્રકારની ગેરરીતિઓ આચરવામાં આવી છે અને તેમાં કયા મોટા માથાઓ સામેલ છે, તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર ખુલાસો કરવામાં આવ્યો નથી. જોકે, એવી પણ શક્યતા છે કે આ તપાસનો રેલો દિલ્હીના કોઈ મોટા યુનિટ ધારક સુધી પહોંચી શકે છે. ફેબ્રિકના કન્ટેનરોમાં ડિક્લેરેશન કરતાં કંઈક અલગ માલ હોવાની અથવા ઓવર-વેલ્યુએશનની શક્યતાઓ તપાસાઈ રહી છે. અમદાવાદ ડી.આર.આઈ.ની આ આકસ્મિક કાર્યવાહીને પગલે કાસેઝમાં કાપડ સહિતના અન્ય વ્યવહારો સાથે સંકળાયેલા તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો છે. તપાસ દરમિયાન મહેશ અને તેના સ્ટાફ દ્વારા આપવામાં આવેલા જવાબો પરથી અન્ય કેટલીક પેઢીઓના નામ પણ બહાર આવી શકે છે. અધિકારીઓ દ્વારા જપ્ત કરાયેલા દસ્તાવેજો અને કમ્પ્યુટર ડેટાની તપાસ બાદ આ કૌભાંડનો આંકડો મોટો હોવાની પ્રબળ સંભાવનાઓ પણ ચર્ચાવવા પામી રહી છે.અમદાવાદ ડીઆરઆઈની ટીમ તપાસ કરી રહી હોવાનુ કાસેઝ પ્રશાસન દ્વારા પણ સમર્થન આપવામા આવ્યુ છે જો કે કયા યુનિટમાં છે, શેના પેટેની તપાસ છે, અત્યાર સુધીમાં શુ બહાર આવ્યુ છે તે બાબતે સત્તાવાર રીતે વાત કરવાનુ ટાળ્યું હતુ.

---

## ભુપેન્દ્ર સરકારની કચ્છને વધુ એક ભેટ

# કચ્છ અને પોરબંદરમાં નવા શિપબિલ્ડિંગ ક્લસ્ટર સ્થપાશે



**રાજ્યની શિપબિલ્ડિંગ ક્ષમતા વર્ષ ૨૦૪૭ સુધીમાં ૩૦ લાખ ગ્રોસ ટને પહોંચાડવાનું લક્ષ્ય : ટૂંક સમયમાં નવી નીતિની જાહેરાતની શક્યતા**

ગાંધીનગર : ગુજરાત સરકાર રાજ્યમાં દરિયાઈ ઉદ્યોગને વેગ આપવા માટે એક અત્યંત મહત્વકાંક્ષી પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ સરકાર દ્વારા નવી શિપબિલ્ડિંગ અને રિપેરિંગ પોલિસી જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે, જે અંતર્ગત કચ્છના છછી અને પોરબંદરના કુછડી ખાતે બે મોટા શિપબિલ્ડિંગ ક્લસ્ટર સ્થાપવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ દ્વારા સરકાર વર્ષ ૨૦૪૭ સુધીમાં ગુજરાતની જહાજ નિર્માણ ક્ષમતા વધારીને ૩૦ લાખ ગ્રોસ ટન સુધી લઈ જવાનો નિર્ધાર ધરાવે છે.

કચ્છમાં સૂચિત છછી શિપબિલ્ડિંગ ક્લસ્ટર અંદાજે ૯૯૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું હશે અને તે ૬.૭૫ કિલોમીટર લાંબો વોટરફ્રન્ટ ધરાવશે. તેવી જ રીતે પોરબંદરના કુછડી ખાતેનું ક્લસ્ટર ૮૭૦ હેક્ટર વિસ્તારમાં ૭.૦૬ કિલોમીટર લાંબા વોટરફ્રન્ટ સાથે વિકસાવવામાં આવશે. આ ઉપરાંત સરકાર ગ્રીનફિલ્ડ શિપયાર્ડ વિકસાવવા માટે અન્ય ત્રણ નવા સ્થળોની શોધ પણ કરી રહી છે. ખાસ વાત એ છે કે ચીન, જાપાન અને કોરિયા જેવા દેશોના શિપયાર્ડ આગામી ૧૦ વર્ષના ઓર્ડરથી અત્યારે જ ભરાયેલા હોવાથી વૈશ્વિક સ્તરે ભારત અને ખાસ કરીને ગુજરાત માટે જહાજ નિર્માણ ક્ષેત્રે મોટી તકો રહેલી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લે વર્ષ ૨૦૧૦માં શિપબિલ્ડિંગ પોલિસી જાહેર કરવામાં આવી હતી, પરંતુ છેલ્લા દોઢ દાયકામાં અનેક યોજનાઓ માત્ર કાગળ પર જ રહી છે. અગાઉ દહેજ, ઘોઘા, ભાવનગર અને માંડવી જેવા સ્થળોએ ક્લસ્ટર બનાવવાની યોજનાઓ પણ સફળ થઈ શકી નહોતી. ભૂતકાળમાં એબીજી શિપયાર્ડ અને અલ્કોક એશડાઉન જેવી મોટી કંપનીઓ બંધ થવાથી આ ક્ષેત્રને મોટો ફટકો પડ્યો હતો. જોકે, આ વખતે કેન્દ્ર સરકાર દ્વારા દરિયાઈ ક્ષેત્ર માટે ફાળવવામાં આવેલા ૭૦ હજાર કરોડના ફંડમાંથી ૨૮ હજાર કરોડ રૂપિયા ખાસ જહાજ નિર્માણને પ્રોત્સાહન આપવા માટે ફાળવવામાં આવ્યા છે, જેથી વિદેશી જહાજો પરની નિર્ભરતા ઘટાડી શકાય.

ગુજરાત મેરીટાઈમ બોર્ડના અધિકારીઓના જણાવ્યા અનુસાર, નવી નીતિમાં ખાનગી રોકાણકારોને આકર્ષવા માટે વિશેષ નાણાકીય પ્રોત્સાહનો અને પ્લગ-એન્ડ-પ્લે મોડેલ પર ભાર મૂકવામાં આવશે. હાલમાં રાજ્યમાં પીપાવાવ, ભાવનગર અને ભરૂચના કાલોદરા ખાતે જ શિપબિલ્ડિંગ સુવિધાઓ કાર્યરત છે. સરકાર હવે પાયાની માળખાગત સુવિધાઓ તૈયાર કરી આપીને આ ક્ષેત્રમાં નવા પ્રાણ ફૂંકવા માંગે છે, જેથી ગુજરાત વૈશ્વિક સ્તરે જહાજ નિર્માણનું મુખ્ય કેન્દ્ર બની શકે.

# ગાંધીધામ ટ્રાન્સપોર્ટર હરિયાણા યુવકનું મલાણા પાટિયા પાસે રહસ્યમય મોત



**બે દિવસ અગાઉ પાર્ક કરેલી ગાડીમાં દુર્ગંધ આવતા અંદરથી યુવકનો મૃતદેહ મળી આવ્યો : પોલીસે લાશને પીએમ અર્થે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી**

ગાંધીધામ - કચ્છ ઉદય : ગાંધીધામ શહેરમાં ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા મૂળ હરિયાણાના યુવકનું માલાડા પાટીયા પાસે રહસ્યમય સંજોગોમાં મોત થતા ચકચાર મચી ગઈ છે.

આ અંગે મળતી વિગતો મુજબ પાલનપુર આબુરોડ હાઈવે પર આવેલ મલાણા ગામના પાટિયા પાસે આવેલ એક હોટલ આગળ બે દિવસ અગાઉ એક ગાડી પાર્ક કરવામાં આવી હતી જે ગાડીમાંથી દુર્ગંધ આવતા બનાવ અંગે તાલુકા પોલીસને જાણ કરવામા આવતા પોલીસે ગાડી ખોલીને જોતા તેમાથી હરિયાણાના એક યુવકની મૃતદેહ મળી આવ્યો હતો મૃતક યુવક ગાંધીધામ ખાતે ટ્રાન્સપોર્ટ વ્યવસાય કરતો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

હરિયાણા રાજ્યનો ૩૫ વર્ષીય યુવક સંદીપરામ મહેર શર્મા જે કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતો હતો આ યુવક ગાડી લઈને હરિયાણા થી ગાંધીધામ જવા નીકળ્યો હતો અને ગત તાં.૧૮ એપ્રિલના સવારે સાડા દસ વાગ્યાના સુમારે પાલનપુર નજીક આવેલ મલાણા ગામના પાટિયા પાસે ની હોટલ આગળ આ ગાડી પાર્ક કરવામાં આવી હતી જોકે સોમવારે સવારે આ પાર્ક કરેલી બંધ ગાડીમાંથી દુર્ગંધ આવતા સ્થાનિકો દ્વારા બનાવ અંગે તાલુકા પોલીસને જાણ કરવામા આવતા દોડી આવેલી પોલીસે ગાડી ખોલીને તપાસ કરતા તેમાથી આ યુવકનો મૃતદેહ મળી આવતા પોલીસે લાશને પીએમ અર્થે મોકલી આપી બનાવ અંગે મૃતકના વાલી વારસોને જાણ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે જોકે મૃતકનું મોત કુદરતી રીતે કે અન્ય સંજોગોમા થયું છે તે તો પીએમ રિપોર્ટ આવ્યા બાદ બહાર આવશે.

---

## રકમીએ લોકશાહીના મહાપર્વની થશે ઉજવણી

# સ્થાનિક સ્વરાજ્ય જંગ : કચ્છમાં મુરતીયાઓ માટે 'રાત ટુંકીને વેશ જાજા'નો તાલ




**૨૪મીએ સાંજથી ચૂંટણી પ્રચારના પડઘમ થઈ જશે શાંત : જાહેરસભાઓ, રેલીઓ, પર આવશે બ્રેક : ઉમેદવાર અને સમર્થકો દ્વારા પોકેટ મિટીંગોનો વધશે ધમધમાટ : અંગત રીતે પોતાના સમર્થનમાં મતદાન કરવા-કરાવવા માટેની હાથ ધરાશે ભેદી કવાયત**

ભુજ - કચ્છઉદય : આગામી રવિવારે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી અન્વયે કચ્છમાં મતદાન થશે જેમાં જિલ્લા અને નવ તાલુકા પંચાયત માટે ૯,૭૬,૮૮૫ મતદારો, જયારે ગાંધીધામ મહાનગરપાલિકા માટે ૨,૧૫,૩૧૩ અને પાંચ પાલિકાઓ માટે ૨,૫૮,૭૨૩ મતદારો મળી કુલ્લ ૧૪,૫૦,૯૨૧ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ચૂંટણી પંચના નિયમ પ્રમાણે મતદાનના ૪૮ કલાક પૂર્વે પ્રચાર - પ્રસારના પડઘમ શાંત કરવામાં આવે છે, જેથી શુક્રવાર સાંજથી કોઈપણ ઉમેદવારો પોતાના પ્રચાર માટે જાહેરસભા, રેલી તેમજ અન્ય કોઈ લોકસંપર્ક સહિતના કાર્યક્રમો કરી શકશે નહીં પણ પોતાના કાર્યકરો સાથે માત્ર ડોર ટુ ડોર પ્રચાર જ કરી શકશે.

આ અંગેની વિગતો મુજબ રવિવારે યોજાનારા મતદાન માટેના જાહેર પ્રચાર પડઘમનો શુક્રવાર સાંજથી અંત આવશે. જેના પગલે ચૂંટણી લડી રહેલા મુરતીયા-ઉમેદવારોને માટે પણ જાણે કે રાત ટુંકીને વેશ જાજાનો હવે તાલ થતો જોવા મળી આવે તો નવી નવાઈ નહી કહેવાય. કચ્છમાં જિલ્લા પંચાયત, ગાંધીધામ મહાનગરપાલિકા, ૯ તાલુકા પંચાયત અને પાંચ નગરપાલિકાઓ માટે ભાજપ, કોંગ્રેસ, આપ, એઆઈએમઆઈએમ સહિત અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે હવે માત્ર બે દિવસનો જ સમય બાકી હોઈ જિલ્લામાં જાહેરસભાઓ, રેલીઓ, વાહનો મારફતે કરવામા આવતા પ્રચાર - પ્રસારની ઝુંબેશ વેગવંતી બની ગઈ છે. શુક્રવારે સાંજથી લાઉડ સ્પીકર સહીતના ઉપયોગ પર બ્રેક આવી જશે. તે પહેલા હજુય વિવિધ રાજકીયપક્ષો દ્વારા દિગ્ગજોને બોલાવી અને પોતાની તરફેણમાં મતદાન કરવાને માટે એડીચોટ્ટીના જોર લગાવાઈ રહ્યા હોવાનો વર્તારો જોવા મળી રહ્યો છે. શામ - દામ- દંડ- ભેદની નીતીરીતીઓ રાજકીયપક્ષો અને મુરતીયાઓ દ્વારા કયાંક ને કયાંક અજમાવાઈ હોવાનો વર્તારો જોવા મળી રહ્યો છે.

૨૪મી સાંજ બાદથી ઉમેદવારો સોસાયટી, સમાજના આગેવાનો અને ચોક્કસ વિસ્તારમાં મતોનું ગાબડું પાડવા માટે પોકેટ મિટીંગ યોજશે. અમુક કિસ્સાઓમાં સમાજ કે સોસાયટીની માંગણીઓ સ્વીકારી અને મત ડાયવર્ટ કરવા માટે આજીજી કરશે. બીજીતરફ મતદાનની પૂર્વ સંધ્યા એટલે કે ૨૫મીએ કતલની રાતના અનેક મતો પોતાના તરફેણમાં કરવા માટે ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી પોતાના મત સુધારશે.

### હવે ભોજન સાથે 'ખાટલા બેઠકો'નો થશે ધમધમાટ

કચ્છમાં ૨૪મીએ સાંજથી ચૂંટણી પ્રચાર ભુંગળા બંધ કરી દેવામાં આવશે. ખુલ્લીને કોઈ પણ ઉમેદવાર પોતાના સમર્થનમાં મતની અપીલ કરી શકશે નહી. જાહેરસભાઓ, રેલીઓ, લોકસંપર્ક પ્રવાસ કાર્યક્રમો બંધ થઈ જશે. પરંતુ શું હકીકતમાં પ્રચાર બંધ રહે ખરો? ના મુરતીયાઓ છેલ્લી ઘડી સુધી પોતાની તરફેણમાં મતદાન થાય તેના માટેના પ્રયાસો સતત કરતા જ રહેશે અને હવે આદર્શ આચારસંહીતાને અનુસરતા ભાગરૂપે જાહેરપ્રચાર બંધ થશે પરંતુ ગુપ્ત ખાટલા બેઠકોનો ધમધમાટ શરૂ થશે. ખારીભાત અને કઢીની વ્યવસ્થાઓ સાથે પણ મુરતીયાઓ બેઠકો કરશે. મતદારોને પોતાના સમર્થનમાં રાખવાના પ્રયાસો કરશે.

### લગ્નસરાની સિઝન અને આકરી ગરમી શિરદર્દ સમાન : મતદાનના દિવસે શું થશે?

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સાથે લગ્નસરાની સિઝન અને ઉનાળાની આકરી ગરમી ફરી આ વખતે ભેગા થયા છે. ગુજરાત સહિત કચ્છમાં પણ લગ્નસરાની મોસમ ચૂંટણી લડતા ઉમેદવારો અને રાજકીયપક્ષો માટે માથાના દુઃખાવારૂપ બની ગઈ છે. પારીવારીક લગ્ન પ્રસંગોમાં જવું ફરજીયાત હોવાથી રાજકીય કાર્યક્રમોમાં કાર્યકરોની હાજરી પાંખી બની છે. પ્રચારના માટે સવારનો ડોર ટુ ડોર રાઉન્ડ ખુબજ મહત્વનો મનાય છે ત્યારે મતદાનના દિવસે ટકાવારીમાં લગ્નની સીઝન અને ગરમી કેટલી અસર કરશે તેનાથી પણ રાજકીય વર્તુળો ચિંતીત બન્યા છે.

---

**[redacted] વિકાસના દાવાઓ વચ્ચે ભુજની જનતા પિસાતી રહી ! [redacted]**

# ભુજ પાલિકાની ચૂંટણીમાં લોકલના બદલે ગ્લોબલ મુદ્દાઓ પર પ્રચાર

**ઘરે ઘરે પ્રચારમાં ભાજપ કેન્દ્ર અને રાજ્ય સરકારના ગુણગાન ગાય છે, વિપક્ષ પોતાના વિસ્તારમાં કામ કરી શક્યો નથી માત્ર સોશીયલ મીડિયા પૂરતો વિરોધ કરે છે**

**જીત્યા પછી શું કરશો ? એકપણ ઉમેદવાર પાસે વિઝન નથી અને પક્ષ દ્વારા મેનિફેસ્ટો જાહેર કરાયો નથી, મતદારોમાં છૂપો રોષ યથાવત**

ભુજ - કચ્છ ઉદય : પાટનગર ભુજમાં સ્થાનિક સ્વરાજનો જંગ જામ્યો છે. ૪૪ માંથી ૬ બેઠકો બિનહરીફ થયા બાદ હવે ૩૮ બેઠકો માટે ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. પરંતુ, આ વખતની ચૂંટણીમાં એક વિચિત્ર વિરોધાભાસ જોવા મળી રહ્યો છે. પ્રચારમાં સ્થાનિક પ્રશ્નોને બદલે હાઈવે, એરપોર્ટ અને ઓલિમ્પિક જેવા રાષ્ટ્રીય મુદ્દાઓનો મારો ચલાવવામાં આવી રહ્યો છે, જ્યારે શહેરની ગલીઓમાં ગટર, પાણી અને રસ્તાની હાડમારી યથાવત છે. સ્થાનિક વિસ્તારમાં નવો શું કરશું... પ્રજાના સ્થાનિક પ્રશ્નોનું કંઈ રીતે હલ કરશું તે મુદ્દો કોઈ પક્ષ કાંઈ પણ બેલવા તૈયાર નથી.

ભુજમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે. નવાઈની વાત એ છે કે, ઉમેદવારો ઘરે-ઘરે ફરી રહ્યા છે પણ તેમના પોસ્ટરમાં ભુજ નગરપાલિકાના કામોને બદલે પીએમ મોદી અને સીએમ ભૂપેન્દ્ર પટેલના ફોટા સાથે કેન્દ્ર-રાજ્યની સિદ્ધિઓ ચમકાવાય છે. મતદારો પૂછી રહ્યા છે કે, સ્મૃતિવન અને રણોત્સવથી ભુજને ગૌરવ મળ્યું તે ઠીક, પણ નગરપાલિકાએ લોકલ લેવલે શું કર્યું? કૃષ્ણાજી પુલ છેલ્લા ૪ વર્ષથી બંધ છે જે પાલિકાની નિષ્ફળતાનું પ્રતીક બની ગયો છે. સીટી બસ જેવી અનેક પ્રશ્નો સ્થાનિક પ્રશ્નોનો કોઈ ઉકેલ કે કોઈ ચર્ચા દેખાતી નથી. ભુજ શહેર માટે શું કાર્યો કરાશે તેવા પ્રશ્નો હાલ દેખાતા નથી. ભુજ શહેરના અમુક વિસ્તારોમાં સમસ્યાઓનું કેવી રીતે ઉકેલ લાવવામાં આવશે તેવી કોઈ ચર્ચા કરાતી નથી. પક્ષે ટીકીટ આપી એટલે અમે ચુંટાઈ ગયા તેવા બડગા ફેકી રહ્યા છે. હાલ પક્ષના જવાબદારો દોડી - દોડી મતદારોને રીઝવા પ્રયાસો કરી રહ્યા છે.

ગાંધીનગરથી સીએમ ઓફિસના અધિકારીઓએ આવીને પાલિકાનો ઉધડો લીધો ત્યારે જઈને હવે સફાઈ અભિયાન શરૂ થયું છે. શહેરમાં રસ્તાના કામો તો થાય છે, પણ તે ધારાસભ્યના પ્રયાસો અને રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી થાય છે. પાલિકા પોતાની રીતે કોઈ નક્કર આયોજન કરવામાં નિષ્ફળ રહી છે. સત્તાપક્ષના જ મળતિયાઓએ શહેરમાં ઠેર-ઠેર દબાણો કર્યા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. આ વખતે ભાજપે ૪૪ માંથી ૩૪ જુના નગરસેવકોને પડતા મૂકીને નવા ચહેરા ઉતાર્યા છે.

આ આક્રમક રણનીતિ પાછળનું કારણ લોકરોષ હોવાનું મનાય છે. અમે તો નવા છીએ એમ કહીને નવા ઉમેદવારો મત માંગી રહ્યા છે, પરંતુ સવાલ એ છે કે જો ૩૦ વર્ષથી પક્ષ સત્તામાં હોય તો વ્યક્તિ બદલવાથી પક્ષની જવાબદારી ઓછી થઈ જતી નથી. સામે પક્ષે કોંગ્રેસની હાલત પણ કંઈ સુધરેલી નથી. વોર્ડ નં. ૧, ૨ અને ૩ કે જે કોંગ્રેસના ગઢ ગણાય છે, ત્યાં પણ ગંદકી અને પાણીની સમસ્યાથી લોકો ત્રાહિમામ છે. વિપક્ષ એવું બહાનું ધરે છે કે અમે વિપક્ષમાં હોવાથી સત્તાપક્ષ કામ નથી કરવા દેતો, ત્યારે લોકોનો સવાલ છે કે તો પછી વિપક્ષ તરીકે તમે પ્રજાનો અવાજ કેમ ન ઉઠાવ્યો ? માત્ર અખબારી યાદીઓ અને વીડિયો બનાવીને પ્રસિદ્ધિ ખાટતી કોંગ્રેસ પાસે પણ ભુજ માટે કોઈ રોડમેપ નથી.

### શું કહે છે ભુજના સવા લાખ મતદારો ?

ભુજમાં સવા લાખ જેટલા મતદારો છે. આ વખતે જનતા મૂંઝવણમાં છે કારણ કે સીટી બસની સુવિધા માટે વર્ષોથી માત્ર વાયદાઓ જ મળ્યા છે. કરોડોના ખર્ચે બનેલો રાજેન્દ્ર બાગ ખખડધજ છે, ખેંગાર પાર્કમાં માત્ર કાગળ પર વિકાસ દેખાય છે. સ્થાનિકને બદલે અન્ય વિસ્તારના ઉમેદવારોને લાદવામાં આવતા મતદારોમાં નારાજગી છે. ભુજની ચૂંટણી આ વખતે માત્ર પક્ષોની લડાઈ નથી, પણ જનતાના અસ્તિત્વની લડાઈ છે. શું મતદારો ઉંધા ચશ્મા પહેરાવતા નેતાઓને ઓળખી શકશે? કે પછી ફરી એકવાર રબર સ્ટેમ્પ ઉમેદવારો ભુજના ભવિષ્યનો ફેંસલો કરશે? તે તો પરિણામો જ કહેશે.